# ભૂમિપુત્ર

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 073 Issue No. 20 Date : 01-07-2026

## આ અંકમાં

| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | આત્માને જાણીએ (૧૫) |
| શીલાબહેન | ૦૪ | મુને ચાકર રાખોજી |
| અનુરાધા પ્રસાદ, અનુ. રાજેન્દ્ર દવે | ૦૭ | મહાત્મા ગાંધી અને શ્રીઅરવિંદ પુસ્તક લેખમાળા - ૧૪ : નિષ્કર્ષ |
| મૂળશંકરભાઈ ભટ્ટ | ૦૮ | લોકશાહી માટેની કેળવણી |
| રમેશ બી. શાહ | ૦૯ | આપણે લોકશાહીની વ્યાખ્યા બદલી નાખી છે! |
| સંકલિત | ૧૧ | મુંબઈ સર્વોદય મંડળ – વાર્ષિક અહેવાલ ૨૦૨૫/૨૬ |
| મનુભાઈ પંચોળી | ૧૨ | શાંતિના વાવેતરને પાણી પાઈએ |
| સંજય ભાવે | ૧૪ | પુસ્તક પરિચય : ગાંધી સાહિત્યનું ઘરેણું 'જીવનનું પરોઢ' હવે અંગ્રેજીમાં |
| રવીન્દ્રનાથ ટાગોર | ૧૬ | પઢો પોપટ |
| શાંતિલાલ ગઢિયા | ૧૭ | પૂર્વગ્રહ : વૈમનસ્યનું વિષબીજ |
| ભદ્રા-વિક્રમ સવાઈ | ૧૯ | પુસ્તક પરિચય : ગીરની જાગીર |
| ગૌરાંગ જાની | ૨૧ | વસ્તી ગણતરીના ૩૪ સવાલોમાં ભારત દર્શન |
| હિદાયત પરમાર | ૨૨ | ઘોડિયાથી શરૂ થતું રાષ્ટ્ર ઘડતર : 'માબાપોને' પુસ્તકની અવિનાશી ચેતના |
| આશા વીરેન્દ્ર | ૨૪ | કાચી માટીની કાયા |

યજ્ઞ પ્રકાશન

(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
**BHOOMIPUTRA**
Gujarati Fortnightly
Price Rs.20, Annual Sub. Rs.300.
**Vol.73 Issue No.20 1960 Date : 01-07-2026**
Place of Publication : Bhoomiputra Karyalaya,
Hujaratpaga, Vadodara - 390 001.

ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર

# ભૂમિપુત્ર

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# આત્માને જાણીએ (૧૫)

❍ વિનોબા ❍

## આત્મપ્રાપ્તિ

મુંડકોપનિષદ કહે છે, सत्येन लभ्यस्तपसा ह्येष आत्मा सम्यक् ज्ञानेन ब्रह्मचर्येण नित्यम् । - અહીં આત્માની પ્રાપ્તિ માટેનાં ચાર સાધન બતાવ્યાં છે. આમાં સૌથી પહેલા સ્થાને સત્ય છે, જે ઘણું મહત્ત્વપૂર્ણ સાધન છે. એક બાજુ દુનિયા આખીનું નીતિશાસ્ત્ર રાખવામાં આવે અને બીજી બાજુ સત્ય રાખવામાં આવે, તો સત્યનું પલડું વજનદાર રહેશે. સત્ય સૌથી શ્રેષ્ઠ નીતિધર્મ છે, જ્યારે એની સામે બીજા બધા નીતિધર્મો ગૌણ છે. ખાસ કરીને આત્મપ્રાપ્તિ માટે તો સત્ય ખૂબ જ મહત્ત્વની વસ્તુ છે. આ સત્યનો અર્થ મનસા, વાચા, કર્મણા - ત્રિવિધ થાય છે; કેવળ વાણીનું જ સત્ય નહીં. જો મનુષ્ય-જીવન સત્ય પર ટકેલું હશે તો તેને આત્માનું દર્શન થઈ જશે.

સત્ય અર્થાત્ 'છે'. સંસ્કૃત ભાષામાં સત્યનો અર્થ નૈતિક સત્ય (મોરલ ટ્રૂથ) કરાય છે. આપણે કોઈ પણ વસ્તુની વ્યાખ્યા કરવી હોય તો તે સત્યના આધારથી જ થઈ શકે છે. પરંતુ પરમ સત્ય (સુપ્રીમ ટ્રૂથ)ની તો વ્યાખ્યા જ થઈ શકે નહીં. જેના દ્વારા આપણે અંતરાત્માને ઓળખી શકીએ છીએ અને જેના દ્વારા અંતરાત્માને સમાધાન મળે છે, એ જ સત્ય છે. જ્યાં પણ અંતરાત્માને અસમાધાન લાગે અથવા તેને આઘાત પહોંચે ત્યારે તે અસત્ય છે. આનો મતલબ એ થયો કે અંતરાત્મા સત્ય અને અસત્યનો સાક્ષી છે. અનુભૂતિ જુદી-જુદી થઈ શકે છે. સત્યમાં સમત્વ હોય છે. સત્યની આ બીજી ઓળખ છે. સત્યમાં સમતોલપણું, સમદર્શન, સમાધાન, અંતઃસમાધાન થાય છે. સમત્વયુક્ત નિર્ણયમાં સત્ય છે. સત્યની પ્રાપ્તિ નમ્રતા, તટસ્થતા, અનાગ્રહથી થાય છે.

માણસનું જીવન સત્ય પર અવલંબિત હશે, ત્યારે જ તેને આત્માનું દર્શન થશે. કેમ કે પરમેશ્વર સુધી પહોંચવાનો માર્ગ સત્યથી જ બનેલો છે. એ સત્યની શોધ કરવા માટે તો જીવન છે. મારી દૃષ્ટિએ તો જીવનનું સ્વરૂપ છે, सत्य शोधनम्. મારું માનવું છે કે બધા લોકોએ - વિશેષ કરીને જે લોકો આધ્યાત્મિક સાધના કરે છે તેવા લોકોએ તો ક્યારેય પણ સત્યને છુપાવવું ન જોઈએ. એ જ સર્વોત્તમ સાધના હશે. એ જ પ્રાથમિક, વચલી અને આખરી સાધના હશે. આ જ એકમાત્ર સાધના રહેશે.

જે ઋષિ પૂર્ણતયા નિષ્કામ થઈ ગયા છે અને જેમની બધી કામનાઓ પૂરી થઈ ગઈ છે, તે એ આત્માનું દર્શન કરી રહ્યા છે. એમનું પ્રાપ્તવ્ય સ્થાન સત્ય છે. ત્યાં સુધી પહોંચવાનો રસ્તો સત્ય છે અને એ દર્શનથી જે મળશે, તે પણ સત્ય છે. આમ, ચાલવાનું સાધન, ચાલવાનો રસ્તો અને પહોંચવા માટેની અંતિમ મંજિલ, - આ ત્રણેય સત્ય છે.

બીજું સાધન તપ છે. સત્યને સમજવા માટે મહેનત કરવી પડે છે - એને તપ કહે છે. ખાસ કરીને જો ઇન્દ્રિયોને કાબૂમાં લેવામાં આવે, તો પછી એના દ્વારા સત્ય સુધી પહોંચી શકાય. અને તે બધું સરળ બની જાય છે. પણ જો ઇંદ્રિયો પર કાબૂ નથી મેળવી શકાયો અને આપણે ઇન્દ્રિયોને વશ થઈ જઈએ, તો આપણે એવા ઘોડેસ્વાર જેવા થઈ જઈએ કે જે ભલે ઘોડા પર બેઠા છે, પણ એના હાથમાં લગામ નથી. આત્મપ્રાપ્તિની તપસ્યામાં આપણે મુખ્યત્વે તો ઇન્દ્રિયો પર જ કાબૂ મેળવવાનો હોય છે ત્યાર બાદ સત્ય-પ્રાપ્તિ માટે જે પ્રયોગ કરવા પડે છે, એ બધા તપસ્યાની અંદર જ આવી જાય છે. માનવ-મનમાં ઘણી બધી કલ્પનાઓ આવતી હોય છે, અંદરથી સ્ફુરિત થતી હોય છે. પરંતુ આ બધી કલ્પનાઓ ઉચિત છે કે અનુચિત, તે સમજવા માટે પણ પ્રયોગ કરવા પડે છે અને એ પ્રયોગો માટે તકલીફ પણ વેઠવી પડે છે. આ જ તપ છે. આનો અર્થ એ થયો કે સત્યનો પ્રયોગ કરવો અને સત્યપ્રાપ્તિ માટે તકલીફ લેવી એ જ તપ છે.

શરીરને પીડા પહોંચાડવી, કષ્ટ આપવું, કારણ વગર દેહને તપાવ્યા કરવો વગેરે તપ ન કહેવાય. કેમ કે તપને કોઈક લક્ષ્ય નિશ્ચિત હોય છે. તૈત્તિરીય ઉપનિષદમાં આવે છે કે ભૃગુ પોતાના પિતા વરુણ પાસે જઈને કહે છે કે મને 'બ્રહ્મ' વિષે કહો ત્યારે વરુણ એને કહે છે કે, तपसा ब्रह्म विजिज्ञासस्व - તપ કરીને બ્રહ્મને જાણ. સાધક માટે તપ એ જ સાધના છે. આ સાધના બ્રહ્મપ્રાપ્તિ માટે હોવી જોઈએ.

માણસે આત્મશુદ્ધિ અને આત્મવિકાસને ધ્યાનમાં રાખીને, દેહાદિને સેવાકાર્યમાં ચંદનની જેમ ઘસી નાખવાં એ જ તપ છે.

વિચારને કાર્યાન્વિત કરવાની વૃત્તિ એ જ તપ છે. એટલે કે વિચારને આચરણમાં મૂકવું આ તપ છે. વિચાર પર અમલ

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

કરવાની શક્તિ નહીં હોય તો ચાલશે, પણ વૃત્તિ તો જોઈએ.

तपः संन्यासमुच्यते – આ વિશિષ્ટ અર્થમાં પણ તપ શબ્દ પ્રયુક્ત થયો છે. સંન્યાસ વૃત્તિપ્રધાન હોવાથી તપમાં મુખ્યત્વે વૃત્તિશોધનની અપેક્ષા રહેલી છે. નિરહંકાર વૃત્તિશોધન થવું જોઈએ.

મૈત્રાયણી ઉપનિષદ તો કહે છે કે જે તપશ્ચર્યા કરવા તૈયાર નથી તેને આત્મજ્ઞાનમાં પ્રવેશ મળતો નથી – नातपस्चाय आत्मज्ञाने अधिगमः कर्म-सिद्धिर् वा – તપશ્ચર્યા વગર ન તો આત્મજ્ઞાન થાય અને ન કર્મસિદ્ધિ મળે. તપશ્ચર્યા વગર આ બંનેમાંથી કંઈ પણ સાધી શકાશે નહીં.

તપશ્ચર્યા એ જ્ઞાનનું પહેલું પગથિયું છે. તપશ્ચર્યા રૂપી કસરત કર્યા વગર જ્ઞાનની ભૂખ લાગશે નહીં. અને તપશ્ચર્યા એ માત્ર જ્ઞાનનું પહેલું પગથિયું જ નહીં, બલ્કે જ્ઞાનનું સર્વસ્વ છે. કેમ કે આખરે જ્ઞાનની પ્રાપ્તિ એટલે શું ? આ કંઈ નવી વસ્તુ પેદા કરવાની થોડી છે ! આત્મા તો આકાશ જેવો છે. તે સહજપ્રાપ્ત છે, પ્રાપ્ત કરેલો જ છે. પરંતુ તેમાં વાસનાઓ રૂપી દીવાલો અંતરાય બની ગઈ છે. એ દીવાલોને તોડવી, હૃદયાકાશમાંથી વાસનાઓ માટેનો મોહ હટાવવો – આ બધાં કામ તપશ્ચર્યાથી જ થઈ શકે છે. અને આ તપશ્ચર્યાનું આટલું મહત્ત્વપૂર્ણ સ્થાન હોવાને લીધે તો ઉપનિષદકાર तपसा ब्रह्म विजिज्ञासस्व કહીને તરત જ કહી દે છે, तपो ब्रह्मति. તપ જ બ્રહ્મ છે. અહીં સાધ્ય અને સાધન બંને લગભગ એકરૂપ જ છે.

ત્રીજું સાધન છે સમ્યક્ જ્ઞાન. સામાન્ય રીતે કોઈ પણ વસ્તુના સ્વરૂપનું આકલન કરવા માટે યોગ્ય બુદ્ધિ અપેક્ષિત રહેતી હોય છે. 'યોગ્ય બુદ્ધિ'નો અર્થ છે, અનાસક્ત બુદ્ધિ, જે બુદ્ધિમાં પૂર્વગ્રહ ન હોય. આવી પૂર્વગ્રહરહિત બુદ્ધિ દ્વારા જ આત્માનું દર્શન થાય છે.

ચોથું સાધન બ્રહ્મચર્ય બતાવ્યું છે. અહીં બ્રહ્મચર્ય અને તપ આ બંનેને જુદા-જુદા બતાવાયા છે. એટલા માટે બ્રહ્મચર્ય દ્વારા મુખ્યત્વે અધ્યયન, ચિંતન, મનન વગેરે સમજી લેવું જોઈએ. અન્યથા તપનો જુદો સાધનરૂપમાં નિર્દેશ વ્યર્થ થઈ જશે, કેમ કે બ્રહ્મચર્યમાં તપ આવી જ જાય છે. બ્રહ્મચર્યનો મતલબ કેવળ વિષય વાસનાથી અલગ રહેવું એવો નથી. પરંતુ બ્રહ્મમાં લીન થઈ જવાની વાત છે. બધી ઇંદ્રિયોની શક્તિને આત્માની સેવા કરવામાં લગાવવામાં આવે તે બ્રહ્મચર્યનું ભાવાત્મક રૂપ છે.

આમ વિચારવાથી એકદમ સ્પષ્ટ થઈ જાય છે કે સત્ય એક મૂળ તત્ત્વ છે, અને એની સાથેનાં આ ત્રણેય સાધન સધાઈ જવાથી આત્માનું દર્શન થઈ શકે છે.

એ જ મંત્રમાં ઋષિ આગળ ઉપર કહે છે કે – अंतः शरीरे ज्योतिर्मयो हि शुभ्रो यं पश्यन्ति यतयः क्षीणदोषाः । જેવી રીતે બહાર સૂર્યનારાયણ ઉદિત છે, એવી જ રીતે અંદર પણ સૂર્યનારાયણ ઉદિત છે. જેવી રીતે બહારનો સૂર્ય વાદળોથી ઢંકાઈ જાય છે, ત્યારે આપણને એનું દર્શન થતું નથી, એવી જ રીતે હૃદય પર આવરણ પડી જવાથી આપણે આંતરિક જ્યોતિનું પણ દર્શન કરી શકતા નથી. આંતરિક સૂર્ય તો અત્યંત જ્યોતિર્મય છે. એટલે કે જેમ સૂર્ય સ્વયંપ્રકાશ છે, એમ જ આંતરિક સૂર્ય પણ સ્વયંતેજોમય છે.

ह्येष आत्मा – હૃદયમાં જે આત્મા છે, તે પણ સૂર્ય છે અને આ સૂર્ય પણ આત્મા છે. જેવી રીતે બહાર સૂર્ય-જ્યોતિ છે, તેવી જ રીતે ભીતરે સત્ય-જ્યોતિ છે. આપણા પૂર્વજો આ બંને જ્યોતિઓની ઉપાસના કરતા હતા. એક બાજુ સૂર્ય-પ્રતીક હતું, તો બીજી બાજુ આત્મ-પ્રતીક. આ મંત્રનો આવો અર્થ કરીને જો સૂર્યની ઉપાસના કરવામાં આવે તો સત્યની પ્રાપ્તિ થઈ શકે છે.

यतयः क्षीणदोषाः । યતિ એટલે યત્ન કરનાર સંન્યાસી. આનો સીધો અર્થ તો 'પ્રયત્ન કરનાર' થાય છે. સાધક જ્યારે ક્ષીણદોષ (દોષો ક્ષીણ થવા લાગે છે ત્યારે) થાય છે, ત્યારે આત્માનું દર્શન થાય છે. જ્યાં સુધી દોષ હોય છે, ત્યાં સુધી એક આવરણ છવાયેલું રહે છે. એટલા માટે જ આત્માના દર્શન કરવા માટે દોષનિરસન કરવું તે ઉત્તમ ઉપાય છે.

આવી રીતે, ચાર ઉત્તમ સાધનો બતાવવામાં આવ્યાં. આનો ઉપયોગ કરતાં કરતાં જો દોષો ક્ષીણ થવા લાગે, તો અંતઃસ્થિત સૂર્યનું દર્શન થઈ શકે છે.

○ ○

नायमात्मा बलहीनेन लभ्यः – આપણા ઋષિમુનિ દુર્બળ કમજોર નિર્વીર્ય પ્રજા ઇચ્છતા નહોતા. બલ્કે તેઓ તો બળવાન, તેજસ્વી, વીર્યવાન પ્રજા ઇચ્છતા હતા. આત્માની પ્રાપ્તિ માટે બળની જરૂર રહે છે – આ વાત ઘણા લોકો ભૂલી ગયા છે. માણસ જ્યારે હાથમાં લાઠી, તલવાર, બંદૂક – કોઈ પણ શસ્ત્ર હાથમાં લઈ લે છે, ત્યારે તે ડરપોક બની જાય છે અને વળી એના કરતાં ચઢિયાતાં મજબૂત શસ્ત્રાસ્ત્ર ધારણ કરનારો

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | આત્માને જાણીએ (૧૫) |
| શીલાબહેન | ૪ | મુને ચાકર રાખોજી |
| ડૉ.અનુરાધા પ્રસાદ | ૭ | નિષ્કર્ષ |
| મૂળશંકર ભટ્ટ | ૮ | લોકશાહી માટેની કેળવણી |
| રમેશ બી. શાહ | ૯ | આપણે લોકશાહીની વ્યાખ્યા બદલી નાંખી છે ! |
| સંકલિત | ૧૧ | મુંબઈ સર્વોદય મંડળ – અહેવાલ |
| મનુભાઈ પંચોલી | ૧૨ | શાંતિના વાવેતરને પાણી પાઈએ |
| સંજય ભાવે | ૧૪ | ગાંધી સાહિત્યનું ઘરેણું 'જીવનનું પરોઢ' હવે અંગ્રેજીમાં |
| રવીન્દ્રનાથ ટાગોર | ૧૬ | પઢો પોપટ |
| શાંતિલાલ ગઢિયા | ૧૭ | પૂર્વગ્રહ : વૈમનસ્યનું વીષબીજ |
| ભદ્રાબેન | ૧૯ | ગીરની જાગીર |
| ગૌરાંગ જાની | ૨૧ | વસ્તી ગણતરીના ૩૪ સવાલોમાં ભારતદર્શન |
| હિદાયત પરમાર | ૨૨ | ઘોડિયાથી શરૂ થતું રાષ્ટ્ર ઘડતર |
| આશા વીરેન્દ્ર | ૨૪ | કાચી માટીની કાયા |





YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

તેની સામે આવે તો તો તે એકદમ ડરી જાય છે. માણસની સાચી બહાદુરી તો આત્માથી કામ કરવામાં છે. આત્મબળ એ જ તો સાચું બળ છે. આત્માની પ્રાપ્તિ માટે બળ જોઈએ. નિર્બળ માણસને આત્માની પ્રાપ્તિ થતી નથી. છાંદોગ્ય ઉપનિષદમાં આવ્યું છે – મનુષ્ય જ્યારે બળવાન બને છે, ત્યારે તે ઊભો થઈ જાય છે, ગુરુની પાસે જાય છે, ગુરુની સેવા કરે છે, ગુરુની નજીક બેસે છે, ગુરુના જીવનનું નિરીક્ષણ કરે છે, ગુરુનું વ્યાખ્યાન સાંભળે છે. મનન કરે છે, અને પછી તદનુસાર કૃતિ કરે છે. અને એટલા માટે શક્તિની જરૂર રહે છે.

નંબર બે, न च प्रमादात – આળસ કરવાથી કામ ચાલવાનું નથી. પ્રમાદ એટલે ગફલત, અસાવધાનતા. જો ગાફેલ રહીશું તો આ આત્મા પ્રાપ્ત થવાનો નથી – अयमात्मा न लभ्य: । એટલા માટે આપણે સમય, આહાર, નિદ્રા વગેરે બધા વિષયોમાં સાવધાન રહેવું જોઈએ. આપણે જાગૃતિમાં-નિદ્રામાં અને પ્રત્યેક કૃતિમાં સાવધાન રહેવું. આ તો ચોવીસ કલાકનો કાર્યક્રમ છે, એક પણ ક્ષણ ગાફેલ ન રહી શકીએ. તરતી વખતે આપણે ત્યાં સુધી ગાફેલ નથી રહેતાં જ્યાં સુધી સામેના કિનારે પહોંચીને આપણો હાથ ન પહોંચે અને આપણે ત્યાં જઈને પોતાના પગ પર ઊભા ન રહીએ. એવી જ રીતે અહીં પણ પ્રતિક્ષણ સાવધાન રહેવાની વાત છે.

तपसो वाप्यलिंगात् – અલિંગ તપ અર્થાત્ અશાસ્ત્રીય તપ. કેટલાક લોકો ઘણું બધું તપ કરે છે. કેવું તપ ? તો – બે જ કલાક ઊંઘવું, પાણીમાં સતત ઊભા રહેવું, ખાવાનું છોડી દેવું વગેરે. આવા-આવા અશાસ્ત્રીય તપ હોય છે. ગીતાએ મિથ્યા તપશ્ચર્યાને અશાસ્ત્રીય તપ કહ્યું છે. ગીતા એ તપની વાત કરે છે જે તપથી શરીર-વાણી-મન શુદ્ધ થાય છે. ગીતાએ આવા ત્રણ પ્રકારનાં તપની વાત કરી છે. આનો અર્થ એ થયો કે તપ કરવું છે, તો તે શુદ્ધિ માટે કરવું છે. જેમાં ચિત્તશુદ્ધિનો સંબંધ આવતો નથી અને ઘણા પ્રકારનાં (कायक्लेष) શરીરક્લેશ થતો હોય, તેવાં તપ ન કરવાં. મનુસ્મૃતિમાં લખ્યું છે, अक्षीण्वन् योगतस् तनुम् । સમત્વયુક્ત તપ હોવું જોઈએ. તપસ્યામાં ક્યાંય પણ ક્યારેય અતિરેક ન હોવો જોઈએ. જે પણ કંઈ કરીએ તે એકદમ માપસરનું, હિસાબ સાથે કરીએ. અહીં ત્રણ વાત બતાવી છે – (૧) નિર્બળતા ન જોઈએ. (૨) ગફલતમાં ન રહેવું જોઈએ અને (૩) નાહકની તપસ્યા ન કરવી.

આ પ્રકારનું એક બીજું શ્રુતિ-વચન છે, नायमात्मा प्रवचनेन लभ्य: न मेधया न बहुना श्रुतेन – પ્રવચનથી, બુદ્ધિના જોરે અથવા બહુશ્રુતતાથી આત્મપ્રાપ્તિ થતી નથી.

तस्याभिध्यानात् तृतीयं देहभेदे विश्वैश्वर्य केवल आप्तकाम: । અહીં મુક્ત પુરુષનું વર્ણન છે. જેના માટે 'કેવળ' શબ્દ પ્રયુક્ત થયો છે. कैवल्यप्राप्त पुरुष – એટલે કેવળ પુરુષ, કે જે દુનિયામાં પોતાને જ જુએ છે. 'કેવળ એક હું જ છું' – આનો અર્થ થાય – કૈવલ્ય. ભક્તનું લક્ષણ છે કે, તે સમજે છે કે આ દુનિયામાં કેવળ ભગવાન જ છે. પરંતુ મુક્ત પુરુષનું લક્ષણ આ છે કે આખી દુનિયામાં હું જ વ્યાપ્ત છું. મુક્ત પુરુષના આ લક્ષણને એક શબ્દમાં 'કેવળ' કહ્યું.

પછી કહેવાયું, आप्तकाम: – આ સહેજ વધારે સમજમાં આવી જાય એવું લક્ષણ છે. आप्तकाम: અર્થાત् समाप्तकाम:, જેની બધી કામનાઓ સમાપ્ત થઈ ચૂકી છે. આવા પુરુષને વિશ્વૈશ્વર્ય (વિશ્વનું ઐશ્વર્ય) પ્રાપ્ત થાય છે. વિશ્વૈશ્વર્ય અર્થાત્ વિશ્વવ્યાપક ઐશ્વર્ય. આપણે કહીએ છીએ કે આજકાલ દુનિયામાં ભોગ-ઐશ્વર્યનું પ્રમાણ વધી ગયું છે. એ મામૂલી અર્થમાં ઐશ્વર્ય શબ્દ અહીં પ્રયુક્ત થયો નથી. અહીં તો ઐશ્વર્ય અર્થાત્ ઈશ્વરનું ઐશ્વર્ય. જે આત્મજ્ઞાની પુરુષ છે તેને વિશ્વ-વ્યાપક પરમેશ્વરનો વૈભવ પ્રાપ્ત થાય છે. હવે પ્રશ્ન ઊઠે છે કે આત્મજ્ઞાન ક્યારે થાય અને કેવી રીતે થાય ? શું એક-એક કામનાને સમાપ્ત કરતા રહેવી ? જેટલી સૃષ્ટિ અનંત છે, એટલું મન પણ અનંત છે, અને એટલી જ કામનાઓ પણ અનંત છે. તો શું એક-એક કામનાને તૃપ્ત કરતા જવી અને એને છોડતા રહેવી ? કે પછી વિવેકપૂર્વક એક-એકને છોડતા જવી, એને સંતોષ્યા વગર જ ? હવે, આ બંને પ્રક્રિયાઓ એકદમ બેકાર છે. કેમ કે કામનાઓનો આવી રીતે અંત આવવાનો નથી. એ તો અનંત જ છે. દસ હજાર કામનાઓને સંતોષી અથવા એની ઇચ્છા પૂર્ણ કરી, તો દસ લાખ તો બાકી રહેવાની છે, અને દસ લાખને તૃપ્ત કરી અથવા દૂર કરી દીધી તો દસ કરોડ બાકી રહેશે. એ અનંત જ છે.

'આત્મજ્ઞાન ક્યારે થાય ?' – તેનો ઉત્તર છે – तृतीयं देहभेदे. આપણી પાસે ત્રણ પ્રકારના ઉત્તરોત્તર સૂક્ષ્મદેહ છે, એ તરફ આપણું ધ્યાન ખેંચ્યું અને કહ્યું કે આ ત્રણેય દેહોનો ભેદ અથવા છેદ થઈ જવો જોઈએ. એક પછી એક, ત્રણેય દેહોનો છેદ અર્થાત્ ત્રણેય આવરણોનો ભેદ હટાવી લેવો જોઈએ.

આપણે આ દેહની ઉપાધિથી એકદમ ભિન્ન છીએ, આવો દૃઢ વિશ્વાસ મનમાં થઈ જાય, ત્યારે પ્રથમ વાર દેહથી અલગ થવાય છે. આ વસ્તુનું શાસ્ત્રીય નામ છે, વિવેક. આપણે એકદમ સામાન્ય વ્યવહાર કરતી વખતે જે કહેતા હોઈએ છીએ કે 'વિવેકથી વર્તો', તે એકદમ અલગ છે. એ તો એનો એકદમ સામાન્ય અર્થ થયો. એનો વિશેષ અર્થ એ છે કે આપણે આપણા શરીરથી આપણને એકદમ ભિન્ન ઓળખવા. આ ઓળખાણ થયા પછી મનુષ્યની અંદરનો સૂક્ષ્મ અહંકાર, જેને અસ્મિતા કહે છે, એનો ભેદ જાણી-સમજી લેવો. તે સૂક્ષ્મ અહંકાર મટવો જોઈએ. એ બીજી વખત દેહભેદ થશે. એ દેહ છે તે સ્થૂળ દેહની પાછળ પાછળ ચાલનાર દેહ છે. એના પછી ત્રીજો ભેદ આવે છે, અવિદ્યાનો છેદ. આમ ત્રણ વાર દેહભેદ થશે, તેના પછી જે આત્મકામ વ્યક્તિ છે તેને વિશ્વનું ઐશ્વર્ય મળશે.

આ ત્રણ દેહોનો છેદ કેવી રીતે થઈ શકે ? એનો ઉત્તર આપે છે – तस्याभिध्यानात् । આ સરળતાથી સમજી શકાય તેવું છે. અને શ્રદ્ધાથી હિંમત દાખવીને કરીએ તો કરવામાં પણ સરળ છે. બાળક જમવા માટે મા પાસે આવે છે, ત્યારે મા એની થાળી પીરસીને બીજાં કામો

(જુઓ પાન નં. ૧૮)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# મુને ચાકર રાખોજી

**જે** સમૂહ સાથે સામૂહિક સાધનાની શરૂઆત થઈ હતી તેમાંથી મોટાભાગના સાથીઓ આજે શરીરરૂપે સાથે નથી, પરંતુ તેમનો સાથ આજે પણ અનુભવાય છે. એક વાર અમારાં સુશીલાદીદીને પૂછ્યું - ''દીદી, મૃત્યુ નજીક છે, એવા સમયે મનમાં કેવા ભાવ આવે છે ?'' દીદીએ કહ્યું, ''જેમ આજે શરીરની સાથે સમૂહની વચ્ચે છું, મૃત્યુ પછી પણ આવી રીતે હું તમારી સાથે રહીશ, શરીર વિના રહીશ. મારું ચિત્ત દરવાજાની બહાર જતું જ નથી.''

વર્ડ્સ્વર્થની એક કવિતા યાદ આવે છે - 'વી આર સેવન'. એક વાર કવિ ફરવા નીકળ્યા. રસ્તામાં એક નાની બાળકી મળી. આઠ-દસ વર્ષની હશે. તેની સાથે વાત કરતાં કવિએ પૂછ્યું, ''તમે કેટલાં ભાઈ-બહેન છો ?'' બાળકીએ જવાબ આપ્યો, ''અમે સાત છીએ. મારો એક ભાઈ છે ને તે અહીં સમુદ્રમાં સૂતો છે અને બીજાને અહીં નજીકમાં દફનાવાયો છે. અમે બધાં ત્યાં જઈએ છીએ. ભેળાં બેસીએ છીએ અને તેમને યાદ કરીએ છીએ.''

વર્ડ્સ્વર્થે સમજાવ્યું, ''બેટા, હવે તમે સાત નથી રહ્યાં, પાંચ જ રહી ગયાં છો. કારણ કે તારા બે ભાઈઓ તો મૃત્યુ પામ્યા છે.'' પરંતુ એ બાળકી માનવા તૈયાર ન હતી. તે બોલી, ''નહીં, અમે સાત છીએ.'' નાનકડી એવી હતી એ, તેથી તેને કહેતા નહીં આવડ્યું; પરંતુ કદાચ તે કહેવા માંગતી હતી કે ''અમે પાંચ આ દુનિયામાં, વ્યક્ત સૃષ્ટિમાં છીએ તેવી જ રીતે મારા બે ભાઈઓ અવ્યક્ત સૃષ્ટિમાં છે, પરંતુ અમે સાત છીએ.'' - આ જ રીતે આપણે અંદરથી જો સભાન હોઈએ કે આપણે સહુ સાથે છીએ, તો તેમનામાંથી સ્ફૂર્તિ અને પ્રેરણા મળી શકે છે.

બાબા (વિનોબાજી)એ ક્યારેક આવું કહેલું એવું યાદ છે કે, ''અહીં સૂક્ષ્મમાં અનેક લોકો સાધના કરે છે. જેમ કે બાબાની મા છે, વલ્લભ સ્વામી છે, સાને ગુરુજી છે.... આ બે-ચાર નામો તમે જાણો છો તે કહ્યાં; બીજા પણ ઘણા લોકો છે.'' તો અહીં એક સૂક્ષ્મ બ્રહ્મવિદ્યા-મંદિર છે. તે સહુનો સાથ આપણને મળી શકે તેમ છે, જો આપણી ભાવના એવી હોય કે આપણે એકલા, થોડા જ લોકો નથી રહી ગયા, પરંતુ એક આખા સમૂહનો સાથ આપણને



પ્રાપ્ત છે; તો આ ભાનથી આપણને બળ અને ઉત્સાહ મળશે.

સૂક્ષ્મ દૃષ્ટિથી જોઈએ તો બ્રહ્મવિદ્યા-મંદિર એક અભૂતપૂર્વ વિલક્ષણ પ્રયોગ છે. અહીં ખેતર છે, ઘરો છે, તેમાં રહેનારા સાધકો છે, તેમની પ્રવૃત્તિઓ પણ છે. તેમ છતાં તેની પાછળનું જે દર્શન છે, તે ભાવાત્મક છે. તેનાથી સ્થૂળ સંસ્થાનો આકાર કે વિશિષ્ટ વ્યક્તિ કે સ્થળની પણ અપેક્ષા નથી. બાહ્યરૂપમાં સંસ્થા છે પણ અને નથી પણ. બાબાના શબ્દો વાપરીએ તો તેનું સ્વરૂપ અ-રચનાનું છે. ક્યાંય પણ સંઘટનાત્મક કૃત્રિમ પ્રયત્ન નથી. સહજભાવથી જે થાય છે તે છે. આ બાબતને બાબાએ આમ દર્શાવી છે :

''બ્રહ્મવિદ્યા-મંદિર ! દુનિયામાં કેટલીક વસ્તુઓ હોય છે, જેનું પોતાનું મૂલ્ય હોય છે. એ પણ જરૂરી નથી કે બ્રહ્મવિદ્યા-મંદિર પવનારમાં જ રહે. આજે જે બધું ત્યાં છે, તે બધું જ રહે એ પણ જરૂરી નથી. વ્યક્તિની પણ જરૂર નથી. એ શૂન્ય હોય તો પણ ચાલશે. બ્રહ્મવિદ્યા-મંદિરની કલ્પના આવનારા યુગ માટેની છે.''

એક વખત આશ્રમવાસીઓ સાથે વાતચીત ચાલી રહી હતી. કોઈકે પૂછ્યું, ''ભારતમાં બ્રહ્મવિદ્યા-મંદિર તો એક જ છે. પરંતુ, દેશ આખામાં અનેક બ્રહ્મચારિણી બહેનો હશે જે આ પ્રકારની સાધના કરવા માંગતી હોય. તો શું બ્રહ્મવિદ્યા-મંદિરની એકાદ શાખા ખોલવાની કલ્પના છે ?'' બાબાએ કહ્યું, ''આજે ભારત પાસે માત્ર એક જ બ્રહ્મવિદ્યા-મંદિર ચલાવવાની શક્તિ છે. બ્રહ્મવિદ્યા-મંદિર જેવાં બે-ત્રણ મંદિર બને એવી કલ્પના કરી શકાય તેટલી શક્તિ આજે આપણી પાસે નથી. બ્રહ્મવિદ્યા-મંદિરની પાછળ માત્ર બાબાની જ નહીં, અનેક જ્ઞાત-અજ્ઞાત ઋષિ-મુનિઓની, યોગીઓની શક્તિ લાગેલી છે.

બ્રહ્મવિદ્યા-મંદિરનું સ્વરૂપ સમજાવતાં તેમણે કહ્યું છે, ''બ્રહ્મવિદ્યા-મંદિરમાં પહેલી વાત બ્રહ્મવિદ્યાની ભૂખ હોય, બીજું, વૈરાગ્યવૃત્તિ હોય અને ત્રીજું ચિત્ત પર કોઈ વિશેષ જવાબદારીનો ભાર ન હોય. બસ, આટલી યોગ્યતા પૂરતી છે. બાકી નિયમો વગેરે ખાસ નહીં હોય. સ્વાભાવિક વિકાસની પ્રક્રિયા હશે. બ્રહ્મવિદ્યા-મંદિરને નિયમોમાં બાંધવાની મારી તૈયારી નથી. અને નિયમ વિના તે નિયમબદ્ધ ચાલશે એવી હું અપેક્ષા રાખું છું.''

બ્રહ્મવિદ્યા-મંદિર વિશે મારી જે કલ્પના છે તેને શબ્દોમાં પ્રગટ કરવી અઘરી છે. શું બ્રહ્મવિદ્યા-મંદિરે -

સ્વાવલંબી હોવું જોઈએ ? - ના.

તે પરાવલંબી રહી શકે ? - ના.

તેને નિયમોમાં બાંધવું યોગ્ય થશે ? - ના.

તેમાં કોઈ સુનિશ્ચિત અધ્યયનનો ક્રમ હશે ? - ના.

શું ત્યાં પોતાની મરજી મુજબનું અધ્યયન ચાલશે ? - ના.

ત્યાં પ્રાર્થના જરૂરી છે ? - ના.

પ્રાર્થના વિના નિષ્ઠા આવશે ખરી ? - ના.

ત્યાં શરીર-શ્રમ અનિવાર્ય હશે ? - ના.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

શરીરશ્રમની ઉપેક્ષા કરવી યોગ્ય રહેશે ? - ના.

ત્યાં કોઈ માર્ગદર્શક જોઈશે ? - ના.

માર્ગદર્શક વિના કામ ચાલશે ? - ના.

ત્યાં સ્વાદિષ્ટ ભોજન કરવું યોગ્ય રહેશે ? - ના.

સ્વાદરહિત, બેસ્વાદ ભોજન ચાલશે ? - ના.

- આ રીતે 'નેતિ નેતિ' સ્વરૂપ હશે. તમે જાણો છો કે રાજસ્થાનમાં પૂ.જમનાલાલ બજાજના જન્મસ્થાન કાશી કા બાસમાં બ્રહ્મવિદ્યા-મંદિરનું ઉદ્‌ઘાટન થયું હતું. તે વખતે હાજર રહેલાઓમાંથી આજે ઉષાબહેન અને ગૌતમભાઈ જ રહ્યાં છે. ૧૩ માર્ચ ૧૯૫૯નો એ દિવસ હતો. સહુનાં હૃદય અત્યંત ભાવપૂર્ણ હતાં. બાબાએ અશ્રુભીની વાણીથી આશીર્વાદ આપ્યા. ત્યાંથી નીકળીને સાબરમતી આશ્રમ થઈને બહેનો વીસ માર્ચના દિવસે પવનાર (વર્ધા) પહોંચી. અહીં પહોંચ્યાના પાંચમે દિવસે બાબાનો પ્રથમ ગંભીર પત્ર મળ્યો -

''આજે ૨૫મી માર્ચ છે. આજના જ દિવસે ગૃહત્યાગ કરીને હું નીકળી પડ્યો હતો. બ્રહ્મવિદ્યાનું નામ લઈને નીકળ્યો હતો. આજે પણ એ જ નામથી જીવી રહ્યો છું. હવે સમૂહ-સાધનાના વિચારથી તમારું બ્રહ્મવિદ્યા-મંદિર શરૂ કરી રહ્યો છું. મારે માટે શબ્દોથી વ્યક્ત કરવાનું અઘરું છે કે હું કેટલા ઊંડાણમાં જઈને તેનું ચિંતન કરું છું.

''બ્રહ્મવિદ્યા-મંદિર મારા જીવનનો અંતિમ પ્રયોગ છે. અને મને કોઈ શંકા નથી કે તેમાં સંપૂર્ણ સફળતા મળવાની છે. ખરેખર જોવા જઈએ તો આમાં મારું કંઈ જ નથી. ઈશ્વરનો આદેશ સમજીને મેં આને ઉપાડી લીધું છે. અને તમે સહુએ આમાં ભાગ લઈને મને ખૂબ મદદ પહોંચાડી છે. જન્મજન્માંતરથી તમારો સંબંધ ચાલી આવ્યો છે, તેથી જ બ્રહ્મવિદ્યા-મંદિરમાં એકઠા થવાની પ્રેરણા તમને મળી છે. તમારી તરફ કેટલી આશા અને શ્રદ્ધાની દૃષ્ટિથી હું જોઉં છું, તે મારી આસપાસ રહેનારા રોજ જુએ છે. એક જાગતિક કામ ઈશ્વર આપણી પાસે કરાવવા માંગે છે, તેનો હંમેશાં ખ્યાલ રાખજો.''

આમાંની બે બાબતો મહત્ત્વની છે. એક છે આશ્વાસન અને બીજું કર્તવ્યનું ભાન. બ્રહ્મવિદ્યા-મંદિર જેની કલ્પના છે, જેણે આની સ્થાપના કરી છે તે તો ધર્મસ્થાપનના હેતુથી દૂર....દૂર દેશભરમાં પદયાત્રા કરતો ફરી રહ્યો છે અને અહીં બહેનો તેમની ગેરહાજરીમાં ડગમગ કરતી ચાલી રહી છે. તેમને આશ્વાસન આપવામાં આવે છે.... સૌથી મોટું આશ્વાસન કે બ્રહ્મવિદ્યા-મંદિર ઈશ્વરનો સંકલ્પ છે, તેથી આમાં પૂર્ણપણે સફળતા મળવાની છે, અને બાબાના નિરંતર અભિધ્યાનનો લાભ તમને મળવાનો છે. આ ઉપરાંત તમારો સૌનો અન્યોન્ય સંબંધ જન્મજન્માંતરથી ચાલ્યો આવે છે.

બીજી વાત એ કે એક જાગતિક કાર્ય ઈશ્વર આપણી પાસે કરાવવા માંગે છે. તેનું હંમેશાં ધ્યાન રાખો. આપણે જાણીએ છીએ કે એક મહાપુરુષનું આ સમાધિસ્થાન છે. વાતાવરણમાં અભિમંત્રિત વાઈબ્રેશન સંચારિત છે. તેનો સ્પર્શ અહીં આવતા-જતા લોકોને જાણે-અજાણ્યે થયા જ કરે છે. બાબાના નિર્વાણ પછી ઘણી વાર લોકોને અમે પૂછયું છે, ''તમને અહીં કેવું લાગે છે ?'' હંમેશાં એક જ જવાબ મળે છે, ''અહીં ખૂબ શાંતિ લાગે છે.'' અહીં અનેક રૂપમાં ભગવત્કૃપા પ્રગટ થઈ છે. અહીં ભરત-રામ (મૂર્તિ)નું પ્રાગટ્ય થયું. ધામગંગાને કિનારે બાપુ અને બાબાનાં અસ્થિનું વિસર્જન થયું છે. આ સાધકો માટેનું સાધનાસ્થળ રહ્યું છે. બાબાના શબ્દોમાં કહીએ તો આ એક જાગૃત અધિષ્ઠાન છે. તો સહૃદયીજનોને પ્રેરણા હંમેશાં મળતી જ રહે છે.

પરંતુ આ તો થયો આ સ્થળનો મહિમા. પત્રમાં બાબા આપણને આપણા સમૂહરૂપી કર્તવ્યનો નિર્દેશ કરી રહ્યા છે. એક હોય છે, વ્યક્તિગત સ્વધર્મ, બીજો હોય છે, સામૂહિક સ્વધર્મ. બાબા તેને ઉદાહરણ આપીને સમજાવે છે. જેલમાં હમણાં કયું વર્ષ ચાલી રહ્યું છે તે દર્શાવવા માટે એ પ્રમાણેનું ઘાસ ઉગાડવામાં આવે છે. તેમાં દરેક તણખલું પોતાની રીતે સ્વસ્થ અને તાજું રહે તે જરૂરી છે; ઘાસની આ સંપૂર્ણ રચના જે-તે વર્ષનો આંકડો દર્શાવે છે. તેવી જ રીતે પોતાની ચિત્તશુદ્ધિ કરવી તથા સમૂહની સેવા કરતાં કરતાં અન્યોન્ય એકરૂપ થવું, એક-હૃદય થવું વ્યક્તિનો સ્વધર્મ છે. તેની સાથે બ્રહ્મચર્યપૂર્વક વ્યક્તિના અહમ્‌નો લોપ કરતાં સામૂહિક ઇચ્છાશક્તિનું નિર્માણ થાય, અને આગળ જઈને સામૂહિક ચિત્ત પ્રગટ થાય - આ થયો સામૂહિક સ્વધર્મ. સમૂહ ચિત્તનું આવું દર્શન પામીને સમાજને આધ્યાત્મિક સ્ફૂર્તિ મળે, એક તરફથી ગ્રામ-સ્વરાજ્યની તેમજ બીજી તરફ જયજગતની પ્રેરણા મળે, એ થયો સમૂહનો સામૂહિક સ્વધર્મ. એક સ્વરૂપ દર્શન, બીજું વિશ્વરૂપ દર્શન.

'મૈત્રી' સામયિક, સંગીતિ, મિત્ર-મિલન, અતિથિ તેમજ દર્શનાર્થીઓ સાથેના સંપર્કથી વિચારપ્રસારનું કામ સહજભાવે થાય છે. છેલ્લાં દોઢ-બે વર્ષથી સામાજિક નિસ્બત રાખનારા મિત્રોનો પ્રવાહ સતત ચાલે છે. સાથેસાથે આ મિત્રો આધ્યાત્મિક સાધના કરનારા પણ છે. તેમના સાન્નિધ્યથી પ્રેરણા મળે છે. તેમ છતાં બ્રહ્મવિદ્યા-મંદિર માટે સાધક હૃદયવાળી તેમજ ચિંતનશીલ બહેનોની ખોટ વર્તાય છે. તેને માટે સામૂહિકતાનું અને આધ્યાત્મિક જાગૃતિનું વાતાવરણ બનવું જરૂરી છે. સામૂહિક-રૂપથી ચિત્તશુદ્ધિનો પ્રયત્ન પણ કરવો પડશે. જેને માટે તપસ્યા જરૂરી છે. આંતરિક શ્રદ્ધા કહે છે કે આજે જ્યારે આ તરસ સમૂહહૃદયમાં જાગી છે તો માનવું રહ્યું કે તેને માટેની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે.

સહજતાથી આત્મપરીક્ષણના રૂપે આ કહેવાયું છે. અહીં ઘણાં કામો થયાં છે અને વ્યક્તિગત ધોરણે ઊંચાઈને આંબનારી મહેનતુ બહેનો અમારા સમૂહમાં છે. અને તે અમારે માટે પ્રેરણા આપનારા આધાર-સ્તંભ સમાન છે.

આજકાલ એક બાબત ધ્યાનમાં આવી રહી છે કે આ પ્રયોગના ગંભીર, ઊંડાણપૂર્વક અને મહિમામય સ્વરૂપનું ચિંતન-મનન, સામૂહિક



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ચર્ચા-વિચારણા ચાલતી રહેશે, જીવન જીવતાં જીવતાં સતત તેનું ભાન રહેશે, તેમ તેમ સામૂહિક ઇચ્છાશક્તિનું નિર્માણ થતું જશે, જે સામૂહિક પુરુષાર્થની જનની છે. 'ભાન રહેવું' એ મૂળ બાબત છે. બાબાએ તો આપણને ત્યાં સુધી કહ્યું છે કે -

''તમારું સ્તર કયું છે, તેની મને ચિંતા નથી. અહીં આપણે જે પ્રયોગ કરી રહ્યા છીએ તેનું સ્તર આપણે યાદ રાખીએ તો પૂરતું છે. મનુષ્ય જે બને છે તે પોતાની સામે જે ધ્યેય રાખે છે અને મોઢામાંથી જે શબ્દનો ઉચ્ચાર કરે છે, તેનાથી બને છે. ગણેશજીનું વાહન ઉંદર છે. તે નાનકડો છે, પરંતુ તેનું મહત્ત્વ ખૂબ છે. કારણ કે ગણેશજીએ તેને પોતાનું વાહન માન્યો છે. તેનું ધ્યેય મહાન છે. તો તમે ઊંચું ધ્યેય સામે રાખો અને તેનું ઉચ્ચારણ કરતા રહો તો તેનાથી તમે આગળ વધશો. ઉદ્દેશ્ય અને શબ્દ તમને આગળ ધકેલશે. પછી વાત આવે છે થોડા પ્રયત્નની. બધાએ મળીને પ્રયત્ન કરવો પડે છે. એક ધ્યેયને લઈને બધાં એક થાય તો બધાંની મળીને શક્તિ બને છે. તેને જ સામૂહિક સાધના કહે છે.''

બ્રહ્મવિદ્યા-મંદિરના પાયામાં છે અન્યોન્ય માટે પ્રેમ. પ્રેમતત્ત્વ અવ્યક્ત હોય છે, તે પ્રગટ થાય છે સેવાના સ્વરૂપમાં. તેથી જ કહેવાયું છે, सेवाधर्मो परम गहनो योगिनामपि अगम्य । બાબા પરસ્પર સેવાને ખૂબ મહત્ત્વ આપે છે. એ સંદર્ભે એક પ્રસંગની વાત કરું. ૧૯૭૫માં બાબા એક વર્ષ માટે મૌન લેવાના હતા. મને થયું, આગળ જઈને બાબા ક્યારે બોલે ન બોલે, મારે જે પૂછવું છે, અત્યારે પૂછી લેવું જોઈએ. મને યાદ છે, અમે આ જ ઝાડ નીચે બેઠાં હતાં. બાબા સાથે વાતચીત કર્યા પછી હું ઊઠવા માંડી તો બાબા બોલ્યા, ''બેસ, હજુ મારે કંઈક કહેવાનું છે.'' ખૂબ આશ્ચર્ય સાથે હું તેમની સામે જોઈ રહી. તેમણે ગંભીરતાપૂર્વક કહ્યું, ''જ્યારે પણ સેવા માટે કોઈ બોલાવે તો તરત દોડી જવું. પોતાનું કામ છોડીને પણ !'' બાકી આપણો અનુભવ છે કે આવા સમયે 'અત્યારે આ કામ બહુ જરૂરી છે અને પછી અમુક સમયે અમુક કામ માટે પહોંચવું જરૂરી છે' વગેરે બહાનાં આપણે શોધી કાઢીએ છીએ તેથી બાબાએ ખાસ કહ્યું, 'પોતાનું કામ છોડીને પણ' !!

હૃદયતના ઊંડાણમાંથી ભાવના ઊઠે છે કે આપણે ઈશ્વરના શરણમાં જઈને અન્યોન્ય અનુરાગથી સમૂહની સેવા કરતાં કરતાં વાતાવરણને પ્રસન્નતા અને માંગલ્યથી ભરી દઈએ. બાબા જેમ કહેતા હતા, તેમ परमधाम की कुंजगलीन में गोविंदलीला गासुं... मुंने चाकर राखो जी । (આ સ્થળનું જૂનું નામ પરમધામ છે)

સમૂહ બનવા માટે બીજું પાયાનું તત્ત્વ છે સર્વત્ર ગુણદર્શન. બાબા કહે છે, ''દોષ જુઓ જ નહીં; ગુણ જ જુઓ, ગુણ જ ગાઓ, ગુણોનો વિકાસ કરતા જઈએ. જ્યાં સુધી બીજાનો દોષ દેખાય છે ત્યાં સુધી દૃષ્ટિ અંદર જતી જ નથી.'' બાબા કહેતા કે તેઓ સામાન્ય રીતે ટીકા કરતા નથી કારણ કે તેનાથી વાચાશુદ્ધિની સાધનામાં આડખીલી ઊભી થાય છે. તો અન્યોન્ય અનુરાગ, નિષ્કામ સેવા અને ગોવિંદ-ગુણ ગાવા – આ ત્રણ ગુણોનો વિકાસ કરતા જવો. એ અહીંની સાધનાનું સ્વરૂપ છે.

આપણે જોયું છે, બાબા હમેશાં આપણને 'સૂક્ષ્મ'નો આધાર લેવાનું સૂચવતા રહેતા. શરૂઆતમાં જ તેમણે અમને કહ્યું હતું, ''હું તમને આત્માના આધાર પર છોડી રહ્યો છું. મારો અને તમારો સંબંધ આત્માનો રહેશે.'' પછી યાત્રા દરમિયાન ૧૯૬૪માં બાબા અહીં બ્રહ્મવિદ્યા-મંદિર પહોંચ્યા. આરોગ્યને લીધે તેઓ દોઢેક વર્ષ અહીં રહ્યા. એ વખતે પોતાને વિશે તેમણે કહ્યું હતું, ''વૃત્તિઓ ઊઠતી નથી. સહજ ભાવ છે. કોઈ કાંઈ પૂછે તો તેટલો વૃત્તિનો સંબંધ આવે છે. આપણે અંત સુધી કહેતા રહીએ તો બીજાને કશું સૂઝતું નથી. તેને બદલે જીવતા જીવ મૃત્યુનો અનુભવ કરવો જોઈએ. અત્યારે હું અહીં છું, તો ડિક્શનરીની જેમ રહીશ. ડીક્શનરીનો કોઈ ઉપયોગ કરે છે તો તે ઉપયોગી થાય છે, નહીં તો તે કબાટમાં પડી રહે છે. તેને એવો ઉત્સાહ નથી કે તે પોતે ઊઠીને લોકોને શબ્દાર્થ સમજાવતી ફરે. હું આવી રીતે અહીં રહીશ.''

પછી આવ્યું ૧૯૬૫નું ગ્રામદાન આંદોલનનું તૂફાન-પર્વ. બિહાર જતી વખતે તેમણે કહ્યું, ''બાબા ઇચ્છે છે કે, મહિનામાં એક પત્ર તમે મને લખો, જેમાં તમારી આંતરબાહ્ય જાણકારી મળતી રહે. બાબા તેનો જવાબ આપશે પણ લખીને નહીં, અંદરથી આપશે.'' અર્થાત્ જવાબ મેળવવા માટે આપણે અંદર જોવું પડશે, અંતર્મુખ થવું પડશે. આવી રીતે આશા છે કે ધીરે ધીરે બાબાના અભિધ્યાનને ગ્રહણ કરવા માટે અંદરનો રેડિયોસેટ જાગૃત થતો જશે.

હું જ્યારે અહીં આવી, શરૂઆતના દિવસોમાં મને રોજ જ એક પ્રશ્ન ઊઠતો. તેનો જવાબ મેળવવા માટે હું બેચેન બની જતી અને બાબા પાસે દોડી જતી. તેઓ મોટેભાગે હસતાં હસતાં કહેતા, મને ખબર નથી, તું જ વિચાર કર, કરીને ટાળી દેતા. ટાળી દેવામાં એમના જેવું માહિર કોઈ નહોતું ! હું કહેતી, આવું શું કરો છો બાબા, બોલો ને, તમારી પાસે નહીં આવીએ તો અમે કોની પાસે જઈએ ? પછી હું વિચારતી, ઠીક છે, દસ પ્રશ્નો પૂછ્યા પછી દયા કરીને બાબા ચાર પ્રશ્નોના જવાબ તો આપી જ દે છે ને ! મને તો લાભ જ લાભ છે !

પછી એક દિવસ શું થયું, હું અહીં બાબાકુટી પાસે ઊભી હતી. બીજા લોકો પણ હતા. બાબા અંદર ખાટલા પર બેઠા હતા. અચાનક જોરથી બોલ્યા, ''તને ખબર છે જયદેવ ! આ શીલા શું કરે છે ?'' અમે બધા આશ્ચર્યમાં પડી ગયા, શું કરું છું હું ? ''શીલા રોજ અંબર-ચરખા પર કાંતણ કરે છે.'' અભિનય કરતા આગળ બોલ્યા, ''કાંતણ કરતાં કરતાં એકાગ્ર બની જાય છે અને તેને અંદરથી તેના પ્રશ્નોના જવાબ મળી જાય છે !! ચહેરા પર મીઠું મીઠું તોફાની હાસ્ય.... ખરેખર તો હું એવું કશું કરતી ન હતી. પણ 'આવું કર' એવું સૂચવવા માટે તેમની આ એક રીત હતી.

અમારાં શ્યામાદીએ એક વાર બાબાને લખ્યું, તમારી ખૂબ યાદ

(જુઓ પાન નં. ૧૮)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# નિષ્કર્ષ

સમાજવાદ એક એવી વિચારધારા છે જેની કોઈ સર્વમાન્ય પરિભાષા આપવી મુશ્કેલ છે, તેમ છતાં તે એક એવી વ્યવસ્થાનું ચિત્ર પ્રસ્તુત કરે છે, જેમાં રાજ્ય પર શ્રમિક વર્ગનું શાસન હોય. ગાંધીજીએ સમાજવાદની ટીકા કરતા કહ્યું છે કે જે રીતે સમાજવાદી વ્યવસ્થામાં બધી સંપત્તિ અને અધિકાર રાજ્યને સોંપી દેવાય છે, એ સાચું નથી. રાજ્ય બધી શક્તિ પોતાના પાસે સીમિત કરી વ્યક્તિગત સ્વતંત્રતાનું અપહરણ કરી શકે છે. તેનાથી નોકરશાહીને પ્રોત્સાહન મળે છે. સમાજવાદ જે હિંસક અને ક્રાંતિકારી ઉપાયોથી પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરે છે, ગાંધીજીએ તેની ટીકા કરી છે. તેઓ અહિંસાના પૂજારી છે. એટલે તેઓ એવી રીતોના વિરોધી છે. તેઓને દઢ વિશ્વાસ છે કે હિંસા પર આધારિત કોઈ પણ વ્યવસ્થા સાચી નથી હોઈ શકતી.

શ્રીઅરવિંદ સમાજવાદને ટીકાની દૃષ્ટિથી જોતા નહોતા, પરંતુ તેમ છતાં તેઓ રાજ્યને સર્વેસર્વા બનાવી દેવાના પક્ષમાં નહોતા. તેઓએ રાજ્યને અપર્યાપ્ત ગણાવી કહ્યું છે કે વ્યક્તિ તેમાં સમાવિષ્ટ નથી થઈ શકતી. તેઓ તો વિશ્વ સંઘનું સ્વપ્ન જોતા હતા. તેઓના મતે સમાજવાદ દ્વારા ભૌતિક લક્ષ્યોને જ પ્રાપ્ત કરી શકાય છે. આધ્યાત્મિક સુખ તરફ આપણે પહોંચી શકતા નથી. ગાંધીજીની માફક શ્રીઅરવિંદે પણ સમાજવાદીઓની હિંસા અને તોડ-ફોડના માર્ગની ટીકા કરી છે.

સમાજવાદીઓની ટીકા કરતા ગાંધીજીએ લખ્યું છે કે આ વ્યવસ્થા હિંસા પર આધારિત છે અને એટલે તે ક્યારેય પણ સ્થાયી ન હોઈ શકે. તેઓએ એ આધાર પર તેની ટીકા કરી છે કે આ વ્યવસ્થા ભૈતિકતાને મહત્ત્વ આપે છે અને નૈતિકતા તથા માનવીય મૂલ્ય તેના માટે કોઈ સ્થાન રાખતું નથી. સમાજવાદી માનવીને એક સ્થાયી પ્રાણી માને છે, પરંતુ ગાંધીજીનું કહેવું છે કે માનવીમાં સદ્‌ગુણો હોય છે અને તે ઉપર ઊઠી શકે છે. જોકે સમાજવાદીઓ અને ગાંધીજી બંનેનું લક્ષ્ય એક જ છે - એક વર્ગવિહીન સમાજની સ્થાપના કરવી. પરંતુ આ બંને દ્વારા અપનાવાયેલાં સાધન એટલાં અલગ છે કે બંનેમાં ક્યાંય પણ સમાનતા દેખાતી નથી. સામ્યવાદી તે લક્ષ્યને અપનાવવા માટે હિંસાનો સહારો લે છે, જ્યારે ગાંધીજીનો માર્ગ સત્ય અને અહિંસાનો છે. સામ્યવાદીઓએ વર્ગસંઘર્ષને અનિવાર્ય ગણાવ્યો છે, જ્યારે ગાંધીજી તેના વિરોધી હતા. સામ્યવાદી શક્તિના કેન્દ્રીકરણ પર ભાર મૂકે છે, પરંતુ ગાંધીજી શક્તિઓના કેન્દ્રીકરણની તરફેણમાં નહોતા.

શ્રીઅરવિંદ શ્રમિક વર્ગના અધિકારો પ્રત્યે સચેત હતા, પરંતુ સામ્યવાદીઓની રીતોની તેમણે ટીકા કરી છે. તેઓએ સામ્યવાદીઓના વર્ગ-સંઘર્ષને સ્વીકાર્યો નથી. તેઓ સામ્યવાદીઓના ભૌતિક આધારના પણ ટીકાકાર હતા. ગાંધીજીની જેમ તેઓને પણ હિંસા અને ક્રાંતિમાં વિશ્વાસ નહોતો. તેઓ વ્યક્તિનું આધ્યાત્મિક ઉત્થાન કરી સમાજની સ્થાપના કરવા ઇચ્છતા હતા. તેઓ વ્યકિતગત સ્વતંત્રતાના હિમાયતી હતા, જેને સામ્યવાદે મહત્ત્વ આપ્યું નથી.

આ બંને વિચારકોએ પોતાના આધ્યાત્મિક સમાજનું ચિત્ર આ રીતે રજૂ કર્યું છે. ગાંધીજીએ સ્વરાજની કલ્પના કરી હતી અર્થાત્ એક એવા રાજ્યની જે આપણું હોય. તે બધા લોકોમાં છુપાયેલું હશે અને બધાને માટે હશે. એ સ્વરાજમાં કોઈ રાજનીતિક સત્તા નહીં હોય અને સત્ય તથા અહિંસા તેના પાયામાં હશે. તેઓએ 'હરિજન', 'યંગ ઇન્ડિયા'માં પોતાના આ વિચારો વ્યક્ત કર્યા છે. તેઓએ 'રામરાજ્ય'ની કલ્પના કરી હતી જે શુદ્ધ નૈતિક સત્તા પર આધારિત હશે. તેઓએ 'ગ્રામ સ્વરાજ'ની કલ્પના કરી જે પોતાની પાયાની જરૂરિયાતો માટે બીજાથી સ્વતંત્ર હોય છે. તેમાં વ્યક્તિની બધી જરૂરિયાતો સહેલાઈથી પૂર્ણ થઈ જાય છે અને વ્યક્તિની સ્વતંત્રતા પૂર્ણપણે સલામત રહે છે. તે ગ્રામ સત્ય અને અહિંસાનું મૂર્ત રૂપ હશે.

ગાંધીજીએ સર્વોદયની કલ્પના કરી હતી, જેનું સ્વરૂપ રસ્કિનના વિચારો સાથે મળતું આવે છે. ગાંધીજીનો સર્વોદય એક વર્ગવિહીન, જ્ઞાતિવિહીન અને શોષણવિહીન સમાજની સ્થાપના કરવા ઇચ્છે છે, જેમાં પ્રત્યેક વ્યક્તિને પોતાના સર્વાંગી વિકાસની તક મળે. તેમાં કોઈ જ પ્રકારના શોષણને સ્થાન નથી. તેમાં વિકેન્દ્રીકરણને પ્રાથમિકતા મળે છે. તે વિકેન્દ્રીકરણ રાજનીતિક, સામાજિક અને આર્થિક બધાં ક્ષેત્રોમાં થશે. તેમના આધ્યાત્મિક સમાજમાં પંચાયતી રાજ વ્યવસ્થા પર ભાર મુકાશે. તેમને વિશ્વાસ હતો કે સાચું લોકતંત્ર થોડી વ્યક્તિઓ દ્વારા નથી ચલાવી શકાતું. તેનું સંચાલન નીચેથી અર્થાત્ પ્રત્યેક ગામથી થવું જોઈએ. આદર્શ સમાજમાં તેઓએ સામાજિક-આર્થિક સમાનતા ઉપર ભાર મૂક્યો છે. આર્થિક સમાનતાથી તેમનો મતલબ છે કે પ્રત્યેક વ્યક્તિને પોતાની જરૂરિયાત પ્રમાણે બધી વસ્તુઓ મળે. તેમનો આદર્શ સમાજ કૃષિપ્રધાન હશે અને તે ગ્રામીણ સભ્યતાનો પૂજારી હશે. તેમાં ઘરેલુ ઉદ્યોગ-ધંધાને પ્રાથમિકતા અપાશે. તે સમાજમાં શાસનનું રૂપ લોકતાંત્રિક હશે. જનતા માત્ર મત જ નહીં આપે બલકે, શાસનના સંચાલનમાં પણ ભાગ લેશે. તે સમાજમાં સ્વદેશીનો આદર્શ હશે અને તે સમાજમાં ન તો વાહન-વ્યવહારનાં ભારે સાધન હશે, ન તો વકીલ કે ડૉક્ટર હશે. તે રાજ્ય સ્વતંત્રતા, સમાનતા અને નાગરિક અધિકારો પર આધારિત હશે.

શ્રીઅરવિંદે જે આધ્યાત્મિક સમાજનું ચિત્ર રજૂ કર્યું છે, તે આજના સમાજથી અલગ છે. તેઓએ એ વાત ઉપર ભાર મૂક્યો છે કે જો માનવી નૈતિક નિયમોનું પાલન કરે, તો એ આધ્યાત્મિક જીવનની ઊંચાઈ સુધી પહોંચી શકે છે. ઈશ્વરનો સાક્ષાત્કાર એ જ માનવીનું સૌથી મોટું લક્ષ્ય છે. જેમ-જેમ માનવીનો આધ્યાત્મિક વિકાસ થાય છે, તેમ-તેમ માનવીમાં આત્મ-ત્યાગની ભાવના વધતી જાય છે. પહેલાં માનવી 'સ્વ' સુધી સીમિત રહે છે, ધીરે-ધીરે એ 'સ્વ'થી વિશ્વ સુધી પહોંચી જાય છે. જ્યારે માનવી દૈવી આત્મા સુધી પહોંચી જાય છે ત્યારે તેનો આધ્યાત્મિક વિકાસ શક્ય બને છે. જેમ-જેમ માનવીના વિકાસનું સ્તર વધતું જાય છે, તેમ-તેમ એ દિવ્ય જીવન તરફ પહોંચતો જાય છે. અહિંથી માનવીના આધ્યાત્મિક જીવનની શરૂઆત થાય છે. શ્રીઅરવિંદનો આધ્યાત્મિક સમાજ સમસ્ત માનવતાના વિકાસ પર

(જુઓ પાન નં. ૨૩)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# લોકશાહી માટેની કેળવણી

દુનિયાના ઇતિહાસમાં અત્યાર સુધી અનેક પ્રકારની રાજ્ય-વ્યવસ્થાના પ્રયોગો જુદા જુદા દેશોમાં થતા આવ્યા છે. અને તેને અંતે અત્યારે તો એમ લાગે છે કે લોકશાહી રાજતંત્ર તે ઘણી રીતે વધારેમાં વધારે હિતકારી તંત્ર છે. તે તંત્રમાં ખામીઓ નથી એમ નહિ, પણ તે ખામી તે અર્થતંત્રને આભારી નથી, પણ મનુષ્યસ્વભાવની નિર્બળતાઓને જ આભારી છે. લોકશાહીથી વધારે કાર્યક્ષમ, વેગવાન એવી રાજ્યપદ્ધતિ હોઈ શકે છે – રાજાશાહી, સામંતશાહી, ગુરુશાહી, ફાસીવાદ વગેરે બધા પ્રકારનાં તંત્રોમાં કોઈ કોઈ વાર ઉદાત્ત તત્ત્વો પણ દેખાય છે, પણ તે તેની પાછળ રહેલ વ્યક્તિ ઉપર અવલંબેલાં હોય છે, નહિ કે તે તંત્રમાં ઉદાત્તતા રહેલી છે.

વળી કોઈ કોઈ વાર પ્રજાની કટોકટીને કાળે લોકશાહી તંત્ર સર્પની જેમ ગૂંચળું વળીને ફેણ માંડે છે ત્યારે તેની સમગ્ર રાજરચના નાયક-કેન્દ્રી બની જાય તે સ્વાભાવિક છે, એટલું જ નહિ પણ કોઈક વાર જરૂરી પણ હોય છે. પણ તે કટોકટીના કાળ પૂરતું જ. તે જો વધારે લાંબું કે સ્થાયી સ્વરૂપ ધારણ કરે તો એ જ રચના પ્રજાના પ્રાણને રૂંધી નાંખે છે. ઇતિહાસમાં ગ્રીક નગરરાજ્યો, રોમન સામ્રાજ્યો, ગુપ્ત સામ્રાજ્ય, મોગલાઈ, ચીનની સામંતશાહી ને હજુ ગઈકાલનું જ હિટલરી તંત્ર તે રાજતંત્રની કોઈ સ્વાભાવિક અવસ્થા નથી લાગતી. તેમાં પ્રજાનું માનસ એક જાતની અજ્ઞાત તાણ અનુભવ્યા કરતું હોય છે.

આ બધું જોતાં એમ લાગે છે કે જે રાજતંત્રમાં પ્રજાના મતનો વધારેમાં વધારે પડઘો પડી શકે તે જ રાજતંત્ર સ્થાયી સ્વરૂપ ધારણ કરી શકશે. અને એમાંય પ્રજાના એકેએક વર્ગને, થરને પોતાનો અવાજ પહોંચાડવાની જ નહિ, પણ તે અવાજનો અમલ કરાવવાની જેટલી વધારે સત્તા તેટલી તેમાં લોકશાહી વધારે તેમ કહેવામાં પણ હરકત નથી.

તો પછી એ પ્રશ્ન થશે કે જો લોકશાહી રાજતંત્ર એક સ્થાયી સ્વરૂપ ધારણ કરવા માટે યોગ્ય છે તો કેટલીક જગ્યાએ લોકશાહી તંત્ર ઊથલી ગયાના દાખલા કેમ નજરે પડે છે ?

આનાં રાજકીય કારણો બીજાં ઘણાં હશે, પણ મૂળભૂત કારણોની તપાસમાં ઊતરતાં એમ લાગે છે કે આવા લોકશાહી તંત્રને ટકાવી રાખવા માટે મનુષ્યમાં જે કેટલાય ઉદાત્ત ગુણો છે, તેને વ્યવસ્થિત કેળવવામાં પ્રજાએ જાગૃતિ રાખી નથી હોતી. આપણે જોઈએ છીએ કે કેટલાય દેશોમાં નેતાગીરી માટેની ખાસ તાલીમ આપવામાં આવે છે. આ તાલીમ લીધેલ યુવાન પાસે પોતાનું કર્તવ્ય સ્પષ્ટ હોય છે કારણ કે તેને નાનપણથી જ એ દૃષ્ટિથી કેળવવામાં આવ્યો હોય છે. તો પછી જ્યાં આખી પ્રજા પોતપોતાની શક્તિ પ્રમાણે આખા રાજતંત્રમાં પોતાનો ભાગ ભજવવાની છે ત્યાં આખી પ્રજાને જવાબદારીની તાલીમ મળવી જ જોઈએ. કારણ કે ત્યાં સૌની પાસે સત્તા છે, ને સૌની પાસે જવાબદારી છે.

એટલે લોકશાહી તંત્રની ઈમારતનો આધાર પ્રત્યેક વ્યક્તિના માનસના બંધાર પર રહેલો છે, અને માનસનો બંધાર બાંધવાનું કામ એટલે જ કેળવણીનું કામ.

કોઈ પણ જાતની સમાજરચનાને ટકાવવા માટે કેળવણીનો આશ્રય લેવામાં આવે છે. લોકમાનસનો બંધાર ગુલામી મનોદશાવાળો પણ ઘડી શકાય છે, તે બ્રિટિશ હકૂમતે હિંદમાં તો સિદ્ધ કરી બતાવ્યું છે. અલબત્ત, તેની સફળતાની અમુક હદ જ હોય છે. રાજ્ય તે જ સર્વશક્તિમાન સર્વવ્યાપી તત્ત્વ છે, અને માનવી તો રાજ્યસત્તાની શતરંજનાં માત્ર પ્યાદાં જ છે, એવું ભાન પણ કેળવણીથી જ કરાવી શકાય છે. આપણે જર્મની, ઈટાલી વગેરેમાં પણ હજુ હમણાં જ જોયું. એના ઉપરથી એમ સાબિત નથી થતું કે એ સાધન દુષ્ટ છે. એ તો ઊલટું એમ સાબિત કરે છે કે જે સાધનમાં વધારેમાં વધારે શક્તિ રહેલી છે, તેનો જ આશ્રય આપણે ઉત્તમમાં ઉત્તમ રાજ્યતંત્ર સ્થાપવામાં લેવો જોઈએ.

અને એમ કરવા માટે એક જ ઉપાય છે કે કેળવણીને કોઈ પણ પૂર્વગ્રહથી મુક્ત રાખવી જોઈએ. લોકશાસનમાં કેન્દ્રમાં માણસ અને માણસ-માણસ વચ્ચેના સંબંધો જ મુખ્યત્વે છે. અને એટલે તેને માટેની કેળવણી પણ માનવકેન્દ્રી હોવી જોઈએ. મનુષ્યમાં રહેલ ઉત્તમ તત્ત્વોનો જ આવિષ્કાર થાય, એ તરફ જો કેળવણીનો ઝોક રહે તો તે આપોઆપ જ લોકશાહી તંત્રને મદદ કરનારું જ થવાનું.

કોઈ પણ સમાજને ધારણ કરવા માટે મનુષ્યમાં જે એક મુખ્ય ગુણની આવશ્યકતા, આપણને સમાજરચનાના આદિકાળથી દેખાયા કરે છે, તે એ કે માણસે યજ્ઞવૃત્તિ ધારણ કરવી જોઈએ. આ યજ્ઞવૃત્તિ એ ગીતાનો શબ્દ છે. પણ તેને જુદા જુદા ધર્મોએ જુદા જુદા શબ્દોમાં વ્યક્ત કર્યો છે. કરુણા, પડોશીધર્મ, માનવપ્રેમ, બિરાદરી, આમ અનેક રીતે આ ગુણની જરૂરિયાત ઉપર જુદે જુદે કાળે ને સ્થળે ભાર મુકાયો છે. કારણ કે સમાજમાં વ્યક્તિઓને જોડનારું એ મજબૂત રસાયન છે. યજ્ઞવૃત્તિ શબ્દ આ બધા શબ્દો કરતાં કંઈક વિશેષ ભાવ વ્યક્ત કરે છે. એથી મેં એ શબ્દને પહેલો મૂક્યો છે. એમાં માણસે કેવળ બીજાનો પણ વિચાર કરવો તેટલું બસ નથી માન્યું, પણ સમાજને અર્પણ કર્યા પછી 'યજ્ઞશિષ્ટ'નો જ ઉપયોગ કરવો તે જાતનું મનાયું છે. અને લોકશાસનમાં બીજા માટે ઘસાવાની મનોવૃત્તિ દાખવે નહિ, તો તે યંત્ર એક ઘડીમાં જ અટકી પડે.

આપણા દેશમાં જે નવીન રાજબંધારણ ઘડાવા માટેની તૈયારીઓ ચાલી રહી છે, તે બંધારણમાં લોકશાહી તત્ત્વ છે, એમ છાતી ઠોકીને કહી શકાય એમ નથી. ફક્ત લોકશાહી તત્ત્વને હિંદમાં સ્થાપવા માટેના પ્રયત્નોમાં આનો ઉપયોગ થઈ શકશે, એવો વિશ્વાસ આપણા નેતાઓને છે. અને એ વિશ્વાસનું મૂળ એ બંધારણ કરતાં એ લોકશાહીના સિદ્ધાંતો પરની શ્રદ્ધામાં રહેલું છે. પણ એ લોકશાહીના સિદ્ધાંતો આપણા ઉપર એમ ને એમ આવી પડશે, તો ઊખર જમીનમાં બી વાવ્યા જેવું થઈ જશે. આપણા લોકમાનસમાં પણ આ માટેનું ખેડાણ તૈયાર થવું જ જોઈશે. લોકશાહી તંત્ર પોતે જ કેળવણી માટેનું એક સાધન છે. પણ તે પહેલાં કેળવણીની એક ભૂમિકા તરફ પ્રજાને દોરવી પડશે. નહીં તો સૌ પોતાના હાથમાં કેટલી સત્તા આવે છે, તેનો જ વિચાર પહેલો કરશે.

બીજા માટે ઘસાવાની વૃત્તિ નહીં હોય તો બીજાને ભોગે પણ મેળવવાની મનોવૃત્તિ કાયમ રહેશે. અને તેમાં बुद्धिर्यस्य बलं तस्य કાયમ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

રહેશે. મનુષ્યના માનસમાં આ નબળાઈ – સ્વાર્થવૃત્તિ રહેલી છે, એમ કહેવાથી આપણું કામ પતતું નથી. પણ ત્યાંથી તો આપણું કામ શરૂ થાય છે. આ સ્વાર્થવૃત્તિ એ જ ઘણાં અનિષ્ટોનું મૂળ છે, એમ જાણ્યા પછી, એમ સોએ સો ટકા સિદ્ધ થયા પછી આપણે તે મનોવૃત્તિની સામે આપણી કેળવણીનો મોરચો શા માટે ઊભો ન કરવો ? અને આપણે જોઈએ છીએ કે મનુષ્ય ઘરમાં બહુ જ સ્વાભાવિક રીતે પોતાના કુટુંબીજન માટે ઘસાય છે, ને છતાં તેમાં સંતોષ માને છે, પ્રસન્નતા અનુભવે છે. જો એક નાના વર્તુળમાં આ શક્ય છે, તો મોટા વર્તુળમાં અશક્ય છે એમ કહેવું એ વૈજ્ઞાનિક પ્રયોગશાળામાં થયેલા પ્રયોગમાંથી ઍટમ બૉમ્બ બની શકે એમ કહેવા બરાબર છે.

એટલે લોકશાસનને એક તંત્ર બનાવવાની સાથે તેને એક મનોવૃત્તિ બનાવવી જોઈએ. આર્થિક રચનામાં, સામાજિક સંબંધોમાં કે રાજકારણમાં સર્વત્ર એકસરખી રીતે લોકશાહીનું તત્ત્વ તો જ અમલી સ્વરૂપ પકડી શકશે. નહિ તો ઘણા દેશોમાં જોઈએ છીએ કે રાજકીય લોકશાહી હોવા છતાં આર્થિક રીતે સરમુખત્યારશાહી પણ ચાલી શકે છે. સર્વવ્યાપી લોકશાસન તો એક તંત્ર, 'સિસ્ટમ' બનવાને બદલે એક મનોવૃત્તિ બને તો જ સિદ્ધ થયું ગણાય. અને આ આખા પ્રશ્નનો ઉકેલ, માનસશાસ્ત્રીય અને કેળવણીની દૃષ્ટિએ જ શોધાવો જોઈએ. માટે જ લોકશાહી શાસનની તૈયારી માટે લોકોમાં રહેલી સ્વાર્થ-વૃત્તિની પડખોપડખ જ રહેલી યજ્ઞવૃત્તિને પ્રેરે, એ તરફ કેળવણીનું વલણ થવું જોઈએ. કાર્યદક્ષતા, બંધારણની સમજ એ બધું તો એની પાછળ દોડ્યું આવશે.

('શિક્ષકની નિષ્ઠા અને દૃષ્ટિ' વર્ષ ૧૯૮૦માંથી સાભાર) **– મૂળશંકરભાઈ ભટ્ટ**

## મોટીબહેન જેવાં

મુરબ્બી પદ્માબેન ભાવસાર અમારાં ખૂબ નિકટનાં સાથીદાર હતાં. વર્ષો પહેલાં હિન્દુ-મુસ્લિમ તોફાનો થયેલ એ સમયથી અમારો સંબંધ બંધાયેલ. અમારા બન્ને વચ્ચે નાની બહેન મોટી બહેન જેવો સંબંધ હતો. તેઓ ખૂબ સાદાં, સંયમી અને સ્પષ્ટવક્તા હતાં. પ્રુફરીડિંગમાં તો એ ખૂબ માહેર હતાં. સહેજ પણ ભૂલ થાય તો એ તરત રોકે, ટોકે અને પછી પ્રેમપૂર્વક માથા પર હાથ પણ ફેરવે. સારું કર્યું હોય તો ખુશ થાય અને ખોટું કર્યું હોય તો તરત ટીકા કરે. કહે કે 'આ નહીં ચાલે. ખોટું કર્યું છે.'

ખૂબ આનંદથી એમણે સર્વોદયનું કામ કર્યું છે. અને અમારા જેવી ઘણી બહેનોને સર્વોદયના માર્ગે માર્ગદર્શન આપેલ છે. મારા પતિનું મૃત્યુ થયું ત્યારે હું રડતી હતી. ત્યારે એમણે ખૂબ હિંમત આપી અને મને કહ્યું કે અમે છીએ ને! આવી હિંમત આપનારાં પદ્માબેનને ખૂબ આદરપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પું છું. અને બેન રશ્મી અને પ્રવીણભાઈને પણ હું પદ્માબેનની સેવા કરવા બદલ અભિનંદન આપું છું. ઈશ્વર તેમના આત્માને શાંતિ આપે.

**– ઉષાબેન પંડિત**

સર્વોદય કાર્યકર, અમદાવાદ. ફોન નંબર : ૯૯૨૪૦૮૫૮૪૦

# આપણે લોકશાહીની વ્યાખ્યા બદલી નાખી છે !

**આ**પણે ચાટૂક્તિપ્રિય પ્રજા છીએ. ચાટૂક્તિઓને ચિંતનનો પર્યાય સમજીને ચાટૂક્તિનો ધોધ વહેવડાવનારા લેખકોને આપણે ચિંતકો ગણીએ છીએ. આજના માહોલમાં આવી એક ચાટૂક્તિનું થોડું વિવરણ કરવાનું પ્રસ્તુત છે.

આપણે ત્યાં યોજવામાં આવતી વક્તૃત્વસ્પર્ધામાં જો લોકશાહીને સ્પર્શતો વિષય નક્કી કરવામાં આવ્યો હોય તો બધા જ વક્તાઓ અમેરિકાના જગપ્રસિદ્ધ પ્રમુખ અબ્રાહમ લિંકનનું એક વાક્ય ટાંક્યા વિના રહી શકતા નથી. 'લોકોની, લોકો માટે, લોકો દ્વારા ચાલતી શાસનપ્રથા એટલે લોકશાહી' – આ ઉક્તિ સાંભળવી ગમે તેવી છે. તેમાં લોકશાહીનો આદર્શ મૂર્તિમંત થયેલો જણાય છે, પરંતુ તેમાંથી જે પ્રશ્નો ઊભા થાય છે, તે યક્ષ પ્રશ્નનું સ્વરૂપ ધારણ કરે છે. તેના વિશે વિચાર કરતાં લિંકનની એ ખૂબ જાણીતી ઉક્તિ વ્યવહારમાં કેટલી અર્થશૂન્ય બની રહે છે તેનો ખ્યાલ આવે છે. અલબત્ત, આ અર્થશૂન્યતા ભારતના આજના સંદર્ભે વિશેષ છે.

લોકશાહી લોકો માટે છે એ પોતે એક નિર્વિવાદ મુદ્દો છે, પરંતુ તેમાંથી એક પાયાનો પ્રશ્ન ઊભો થાય છે : દેશના કયા લોકોનાં હિતો કે કયા લોકોની જરૂરિયાત સંતોષવાના ઉદ્દેશને રાજ્યે પ્રાથમિકતા આપવાની છે ? જે દેશમાં ૨૦ ટકા વસ્તી વૈભવમાં જીવતી હોય, બીજી ૪૦ ટકા વસ્તી ખાધેપીધે સુખી હોય અને બાકીની ૪૦ ટકા વસ્તીની પ્રાથમિક જરૂરિયાતો પણ સંતોષાતી ન હોય એ દેશમાં રાજ્ય કયા લોકો માટે ચાલવું જોઈએ એ પ્રશ્નનો ઉત્તર આમ તો સ્વયંસ્પષ્ટ છે, પરંતુ વ્યવહારમાં શું બને છે તે મહત્ત્વનું છે. રાજ્યના કાયદાઓ, કલ્યાણયોજનાઓ અને વિકાસકાર્યોના લાભ મહદ્અંશે એક નાના વર્ગને મળે છે, જ્યારે એની તીવ્ર જરૂરિયાત ધરાવતો વર્ગ તેનાથી વંચિત રહે છે તેનાં બે-ત્રણ ઉદાહરણો નોંધીએ : સરકારી શાળાઓ અપૂરતી સંખ્યામાં છે, તેમાં ભૌતિક સાધનો અને શિક્ષકોની અછત પ્રવર્તે છે, શાળામાં શિક્ષણકાર્ય નામનું જ થાય છે. આનો ગેરલાભ ગરીબોને થાય છે. મોટા ભાગની શાળાઓમાં શિક્ષણકાર્ય થતું જ ન હોવાથી ગરીબોનાં બાળકો શાળા અધવચ છોડી જાય છે. મધ્યમ અને ઉપલા વર્ગનાં બાળકો ખાનગી શાળાઓ અને ટ્યૂશનનો લાભ લઈને આ ગેરલાભમાંથી ઊગરી જાય છે.

મજૂરોના લાભાર્થે જે કાયદાઓ કરવામાં આવ્યા છે તેનો લાભ સંગઠિત ક્ષેત્રમાં કામ કરતા આઠેક ટકા કામદારોને મળે છે, અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા ૯૨ ટકા કામદારોને કોઈ લાભ મળતો નથી.

સસ્તા અનાજની દુકાનોની પ્રથા ગરીબો માટે છે, પરંતુ તેનો લાભ મહદ્અંશે બિનગરીબોને મળે છે. વધારામાં બિહાર, ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ વગેરે જે રાજ્યોમાં દેશના ગરીબોની મોટી સંખ્યા વસે છે તે રાજ્યોમાં સસ્તા અનાજની દુકાનોની પ્રથા જ તૂટી પડી છે.

જાહેર આરોગ્ય સેવાની કથની પણ એવી જ છે. ગ્રામસ્તરે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ચાલતાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં દવાઓ અને ડૉક્ટરોનો અભાવ સર્વસામાન્ય છે. આ બધાંની પાછળ મોટા પ્રમાણમાં જાહેર નાણાં ખર્ચાય છે, પણ તેનો લાભ સમાજના જરૂરતમંદ લોકોને અલ્પાંશે મળે છે.

જે રાજ્ય મહદ્અંશે સમાજના ઉપલા અને મધ્યમ વર્ગના લાભાર્થે ચાલે છે એ રાજ્યની શાસનપ્રથાને લોકો માટે ચાલતી શાસનપ્રથા તરીકે ઓળખાવી શકાય ખરી ? આર્થિક અને સામાજિક અસમાનતાથી ખદબદતા સમાજમાં મતાધિકારની સમાનતાથી સમાજના બધા વર્ગોમાં હિતોનું જતન કરતી સરકાર કાર્યરત થશે એવી આશા આપણે રાખી શકીએ નહીં.

લિંકનની ઉક્તિના એક બીજા મુદ્દાનું વિવરણ કરીએ. લોકશાહીમાં 'લોકો દ્વારા' સરકારની, એટલે કે શાસકોની પસંદગી કરવામાં આવે છે. આમ ઔપચારિક રીતે એ લોકોની સરકાર હોય છે, પરંતુ વાસ્તવમાં એ કયા લોકોની સરકાર હોય છે ? આપણી ધારાસભાઓ અને લોકસભામાં કેવા માણસો ચૂંટાઈને આવે છે ? કેવા અને કયા માણસો ચૂંટણી લડવાની શક્તિ ધરાવે છે ? આ બધાને આપણે પ્રજાના પ્રતિનિધિઓ તરીકે ઓળખાવી શકીએ ? જ્યાં એક બેઠક માટે ચાર-પાંચ કે તેનાથી વધુ ઉમેદવારો ચૂંટણી લડતા હોય છે ત્યાં ૨૫-૩૦ ટકા કે તેનાથીય ઓછા મતો મેળવતા ઉમેદવારો ચૂંટાઈ આવે છે. જે ઉમેદવારો ૬૦ ટકા કે તેનાથી વધુ નાગરિકોનો વિશ્વાસ ધરાવતા નથી તેમને નાગરિકોના પ્રતિનિધિ તરીકે સ્વીકારવાના છે.

બીજી રીતે જોઈએ તો ચૂંટણી લડતા અને ચૂંટણીમાં જીતતા ઉમેદવારોનું નિરીક્ષણ કરવાથી તેમને પ્રજાના પ્રતિનિધિ તરીકે રજૂ કરવાનું દંભી બની જાય છે. એ બધા આર્થિક રીતે સાધનસંપન્ન હોય છે, તેમાં અપવાદરૂપે જ કોઈ મધ્યમ કે ગરીબ વર્ગનો ઉમેદવાર હોય છે. આ રીતે જોઈએ તો આપણાં ધારાગૃહો સમાજના ટોચનાં વીસેક ટકા કુટુંબોનું પ્રતિનિધિત્વ કરે છે. 'જમણો હાથ મોં તરફ કેમ વળે છે' તેનો આ ખુલાસો છે. રાજ્યની સત્તા અને સંપત્તિનો લાભ મહદ્અંશે સમાજના ઉપલા વર્ગોને મળે છે, કેમ કે રાજ્ય એ વર્ગના જ હાથમાં છે, આમ છતાં એને લોકશાહી કહેવાની છે.

આપણે ચૂંટણીઓને જ લોકશાહીનો પર્યાય ગણી લીધો છે. તેથી એકંદરે સફળતાપૂર્વક પાર પડતી ચૂંટણીઓને લોકશાહીની સફળતા તરીકે વિશ્વના સમાજ આગળ રજૂ કરીને ગૌરવ અનુભવીએ છીએ, પરંતુ ચૂંટણી તો લોકશાહીનો એક કર્મકાંડ છે. ચૂંટણી પોતે લોકશાહીનું હાર્દ નથી. એની પાછળ રહેલો નાગરિકોની સમાનતા અને સ્વતંત્રતાનો વિચાર લોકશાહીનું હાર્દ છે. આ દૃષ્ટિએ વિચારીએ તો દેશમાં હજી લોકશાહીનું અવતરણ થવાનું જ બાકી છે.

દેશમાં પ્રવર્તતી સામાજિક અને આર્થિક અસમાનતાએ એની એક આગવી રીતે દેશમાં લોકશાહીના પાયામાં જ ઘા કરનારી અસમાનતા સર્જી છે. લોકશાહીનો એક આધારસ્તંભ કાયદાનું શાસન છે. કાયદાના શાસનના બે સૂચિતાર્થો છે. એક, કાયદા સમક્ષ સહુ નાગરિકો સમાન ગણાય. દેશના કેટલાક નાગરિકો કાયદાથી પર હોય તેમાં કાયદાનું શાસન તૂટે છે. બીજું, કાયદાઓનો ચુસ્ત રીતે અમલ કરવામાં આવે તે કાયદાના શાસનની એક પાયાની આવશ્યકતા છે. કાયદાના શાસનની આ કસોટીના આધારે તપાસીએ તો દેશમાં લોકશાહી છે કે કેમ, એટલે કે રાજ્યનું અસ્તિત્વ છે કે કેમ એવો પ્રશ્ન ઊભો થાય છે.

આપણા દેશમાં જે ન્યાયપ્રથા પ્રવર્તે છે તે શ્રીમંતો અને સત્તાધીશોને કાયદાથી પર બનવાની સગવડ કરી આપે છે. સર્વોચ્ચ અદાલત સુધી લડી લેવાની નાણાંકીય ગુંજાશ ધરાવતી વ્યક્તિ માટે કોઈ પણ કાયદો તોડવાનું સરળ છે. તે સજાથી બચી જશે એ બાબતમાં નિશ્ચિત હોય છે. આ દેશમાં ભ્રષ્ટાચારથી મુક્ત રાજકારણી કે વહીવટી અધિકારી મળવો મુશ્કેલ છે, પરંતુ એમાંના કોઈને ભ્રષ્ટાચાર માટે સજા થતી નથી. જેમના પર ભ્રષ્ટાચારના ગુના નોંધાયેલા છે એવા કેટલાક રાજકારણીઓ નિરાંતે શાસન કરી રહ્યા છે. કાયદાના શાસનને નષ્ટ કરવાનું મુખ્ય સાધન ભ્રષ્ટાચાર છે. કાયદાનો અમલ જેઓ સાધનસંપન્ન નથી કે રાજકીય વગ ધરાવતા નથી એમના પૂરતો સીમિત રહે છે. આ દેશમાં રૂ. ૧૦૦-૨૦૦ની લાંચ લેનાર પટાવાળા કે કારકુનો ઘેર બેસે છે, પરંતુ લાખ્ખો રૂપિયાની લાંચ લેનારાઓને પકડાવાનો કોઈ ભય સતાવતો નથી. બે-ચાર લાખ રૂપિયા સુધીની વાર્ષિક આવક મેળવનારાઓ ચીવટ રાખીને આવકવેરો ભરે છે; પરંતુ કરોડોની આવક રળનારાઓને આવકવેરો ભરવાની કોઈ ઉતાવળ નથી હોતી.

કાયદાનું શાસન દેશમાં બીજી રીતે પણ તૂટી પડ્યું છે. દેશનાં મોટાં શહેરોમાં 'પ્રોટેક્શન મની' ચૂકવ્યા વિના ભાગ્યે જ કોઈ ધંધો કરી શકે છે. સરકારનું પોલીસતંત્ર તેમને રક્ષણ આપી શકતું નથી. મોટાં-નાનાં શહેરોમાં ખુલ્લી જમીન પર માલિકી ટકાવી રાખવા માટે ગુંડાઓને રોકવા પડે છે. ગુંડાઓ સોપારી લઈને ખૂન કરી આપે છે અને પોલીસો 'એન્કાઉન્ટર'નું નાટક કરીને ગુંડાઓનું ખૂન કરી નાખે છે.

કાયદાના તૂટી પડેલા શાસનનો ભોગ દેશની વિત્તીય સંસ્થાઓ મોટા પ્રમાણમાં બની છે, ધિરાણો આપવા માટેનાં ધારાધોરણોને બાજુ પર રાખીને આપવામાં આવેલાં કરોડો રૂપિયાનાં ધિરાણો ડૂબ્યાં છે.

ગુજરાતમાં સહકારી બેંકોના થાપણદારો તેની આકરી કિંમત ચૂકવી રહ્યા છે, ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર અને રાજ્ય સ્તરે રચવામાં આવેલી વિત્તીય સંસ્થાઓને બચાવવા માટે પ્રજાનાં નાણાંનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. યુનિટ ટ્રસ્ટ અને ઔદ્યોગિક વિકાસ-બેંક તેનાં બે ઉદાહરણો છે.

શાસકોએ કાયદાનું શાસન તોડ્યું તેનો ચેપ પ્રજાને લાગ્યો છે. દેશમાં પૈસા ચૂકવ્યા વિના વાપરવામાં આવતી વીજળીનું પ્રમાણ ૫૦ ટકા છે. દેશનાં અનેક રાજ્યોમાં જાહેર પરિવહનની સેવાનો ઉપયોગ દામ ચૂકવ્યા વિના કરવાનો રિવાજ પડી ગયો છે, કરચોરી એક સામાન્ય ઘટના બની ગઈ છે. બાળલગ્નો પર પ્રતિબંધ મૂકતો કાયદો દસકાઓ જૂનો છે, એનો અમલ સાવ મરજિયાત છે. નવરાત્રિ વગેરે ઉત્સવોમાં લાઉડસ્પીકર પરનાં નિયંત્રણો કોઈ પાળતું નથી. લોકશાહીની વ્યાખ્યા જ આપણે બદલી નાખી છે... જેમાં લોકો કાયદો હાથમાં લે તે લોકશાહી. લોકશાહીના આપણા વ્યવહારમાં કાયદાનો સરિયામ અનાદર લોકશાહીનું હાર્દ બની ગયો છે.

('બૌદ્ધિકોની ભૂમિકા અને બીજા લેખો' પુસ્તકમાંથી)

**– રમેશ બી. શાહ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# મુંબઈ સર્વોદય મંડળ - વાર્ષિક અહેવાલ ૨૦૨૫/૨૬

## સુવર્ણ જયંતી વર્ષ – સર્વોદય સેવાનાં પચાસ વર્ષ (૧૯૭૫-૨૦૨૫)

વર્ષ ૨૦૨૫-૨૬ બોમ્બે સર્વોદય મંડળના ઇતિહાસમાં વિશેષ મહત્ત્વ ધરાવે છે. આ વર્ષ મહાત્મા ગાંધીજીના જીવન અને ઉપદેશોથી પ્રેરિત સમર્પિત સેવાનાં પચાસ વર્ષ પૂર્ણ થવાનું સૂચક છે. ૧૯૭૫માં સ્થાપના પછીથી મંડળે સત્ય, અહિંસા, સાંપ્રદાયિક સૌહાર્દ, રચનાત્મક કાર્ય અને નૈતિક સાહસની સંસ્કૃતિ વિકસાવવા સતત પ્રયત્ન કર્યો છે. સુવર્ણ જયંતી વર્ષમાં પ્રવેશ કરતી વખતે સંસ્થાએ પોતાના સ્થાપનાના આદર્શો પ્રત્યેની પ્રતિબદ્ધતાને નવી તાજગી આપવાનો અવસર મેળવ્યો છે.

'સર્વોદય' - એટલે સર્વના કલ્યાણની દૃષ્ટિ - અમારી તમામ પ્રવૃત્તિઓને માર્ગદર્શન આપતું પ્રકાશસ્તંભ રહ્યું છે. ધ્રુવીકરણ, આક્રમકતા અને નૈતિક અનિશ્ચિતતાથી ભરેલા સમયમાં ગાંધીજીના સિદ્ધાંતો દિશા પણ આપે છે અને શિસ્ત પણ.

## ગાંધી-વિનોબા-સર્વોદય પુસ્તકોનું પ્રદર્શન

સુવર્ણ જયંતી વર્ષ દરમિયાન શહીદ દિવસની ઉજવણીના ભાગરૂપે, સર્વોદય મંડળે ૨૬થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન મુંબઈના નાના ચોક સ્થિત ગાંધી બુક સેન્ટર અને હુતાત્મા ચોક ખાતે વિશેષ ગાંધી-વિનોબા-સર્વોદય પુસ્તકોનું પ્રદર્શન અને વેચાણ યોજ્યું. ગાંધીજી કહેતા કે કોઈ પણ સુધારાની શરૂઆત સ્વશિક્ષણથી થવી જોઈએ.

વર્ષ દરમિયાન મંડળે ગાંધી, વિનોબા અને સર્વોદય દર્શન સંબંધિત લગભગ રૂ. ૨૦ લાખનાં પુસ્તકોના વેચાણને પ્રોત્સાહિત કર્યું, જેમાં મહાત્મા ગાંધીજીની આત્મકથા 'મારા સત્યના પ્રયોગો'ની કુલ ૫,૧૦૦ નકલો વેચાઈ.

આ પ્રદર્શન આ જ હેતુથી યોજવામાં આવ્યું હતું. નૈતિક અને સામાજિક પરિવર્તન માટે ગંભીર વાંચન અને વિચારપૂર્ણ અભ્યાસ અનિવાર્ય છે - આ સમજ સાથે મંડળે ૨૦૦થી વધુ ધ્યાનપૂર્વક પસંદ કરાયેલાં પુસ્તકોને ૫૦ ટકા રાહતી કિંમતે ઉપલબ્ધ કરાવ્યાં, જેથી વધુ લોકો સુધી આ સાહિત્ય પહોંચે.

આ સંગ્રહમાં મહાત્મા ગાંધીના ગ્રંથો, વિનોબા ભાવે અને ભૂદાન-સર્વોદય આંદોલન વિષયક સાહિત્ય, રચનાત્મક કાર્યક્રમ, અહિંસા અને શાંતિ અભ્યાસ, સાંપ્રદાયિક સૌહાર્દ અને આંતરધાર્મિક સંવાદ, તેમજ જીવનચરિત્રો, નૈતિક જીવન, આત્મનિયમ અને સામાજિક સુધારણા વિષયક પુસ્તકોનો સમાવેશ હતો.

આ અઠવાડિયા દરમિયાન વિદ્યાર્થીઓ, શિક્ષકો, સામાજિક કાર્યકરો, ગાંધી વિચારના અભ્યાસકર્તાઓ અને અન્ય વાચકો પ્રદર્શનની મુલાકાત લેવા આવ્યા. તેમજ ઘણા યુવા વાચકો માટે આ મહત્ત્વપૂર્ણ સાહિત્ય ખરીદવાનું રાહતદરોને લીધે જ શક્ય બન્યું. આ પ્રદર્શનને મળેલો પ્રતિસાદ ઉત્સાહજનક અને પ્રેરણાદાયક રહ્યો. ૭ દિવસના આ કાર્યક્રમ દરમિયાન કુલ ૨.૨૭ લાખ રૂપિયાનાં પુસ્તકોનું વેચાણ થયું.

## યુવા વ્યક્તિત્વ વિકાસ શિબિર

મુંબઈ યુનિવર્સિટી સાથે સંકળાયેલા વિવિધ કૉલેજોના એન.એસ.એસ એકમો સાથે સહયોગમાં છ દિવસીય 'યુવા વ્યક્તિત્વ વિકાસ શિબિર'નું આયોજન કરવામાં આવ્યું. આ શિબિરનો હેતુ બૌદ્ધિક ચર્ચા, શારીરિક શિસ્ત, સામૂહિક જીવન અને નૈતિક ચિંતનનો સમન્વય કરવાનો હતો.

શિબિરમાં ગાંધી વિચારને માત્ર ઇતિહાસ તરીકે નહીં પરંતુ વ્યક્તિગત આચરણ અને સામાજિક જવાબદારી માટેના જીવંત માર્ગદર્શક તરીકે સમજવાની પ્રેરણા વિદ્યાર્થીઓને આપવામાં આવી.

બૌદ્ધિક સત્રોમાં ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમ અને વિનોબા ભાવેના ભૂદાન આંદોલન અંગે માર્ગદર્શન, સાંપ્રદાયિકતા અને ઇતિહાસનાં વિકારિત વર્ણનો વિશે ચર્ચા દ્વારા વિદ્યાર્થીઓને તર્ક અને કરુણાભાવ સાથે ઇતિહાસને સમજવાની પ્રેરણા આપી. ભારતના બંધારણ, તર્કસંગત વિચાર અને સામાજિક જાગૃતિ માટે 'સ્ટ્રીટ થિયેટર' (નુક્કડ નાટક)ના ઉપયોગ અંગે અત્યંત રસપ્રદ વર્કશોપ્સ યોજ્યા. વિદ્યાર્થીઓના વ્યસન, અંધશ્રદ્ધા, લિંગભેદ અને સાંપ્રદાયિક સૌહાર્દ જેવા વિષયો પર નુક્કડ નાટક તૈયાર કરી રજૂ કર્યાં. આ પ્રસ્તુતિઓએ દર્શાવ્યું કે સર્જનાત્મક અભિવ્યક્તિ સામાજિક પરિવર્તન માટે અસરકારક માધ્યમ બની શકે છે.

આ ઉપરાંત દૈનિક શ્રમકાર્ય, સાંસ્કૃતિક કાર્યક્રમ, સમૂહજીવન વગેરે વિદ્યાર્થીઓમાં સહાનુભૂતિ, ધીરજ અને નેતૃત્વના ગુણોનો વિકાસ કરવામાં મદદરૂપ થયાં. શિબિરના અંતે વિદ્યાર્થીઓમાં વધુ આત્મવિશ્વાસ, વિચારની સ્પષ્ટતા અને રચનાત્મક સામાજિક કાર્ય માટેની પ્રતિબદ્ધતા જોવા મળી.

આ ઉપરાંત આ વર્ષ દરમ્યાન મંડળ દ્વારા કરવામાં આવેલી પ્રવૃત્તિઓ આ પ્રમાણે છે : હિરોશીમા દિવસ નિમિત્તે શાંતિ રેલી, ગાંધી શહીદ દિવસ નિમિત્તે સાંપ્રદાયિક સૌહાર્દ કાર્યક્રમ, ગાંધી શાંતિ પરીક્ષા (શાળાઓ, કૉલેજો અને કારાગૃહોમાં), વક્તૃત્વ સ્પર્ધા, યુવા મહિલાઓ માટે વ્યક્તિત્વ વિકાસ શિબિર, વસંત-રજબ શહાદત દિવસ, ગાંધી જયંતી નિમિત્તે કાર્યક્રમોનાં આયોજનો થયાં જેમાં યુવા, મહિલા, બાળકો, કિશોરો તેમજ નાગરિકજનોનો સહભાગ રહ્યો.

સ્થળ પર યોજાતી પ્રવૃત્તિઓ અને સમુદાય આધારિત કાર્યક્રમો ઉપરાંત ૨૦૨૫-૨૬ દરમિયાન મંડળે ડિજીટલ પ્રસારને મજબૂત બનાવવાનું ચાલુ રાખ્યું. મંડળનું ગાંધી પોર્ટલ www.mkgandhi.org ગૂગલ સહિતના મુખ્ય સર્ચ એન્જીનોમાં ઉચ્ચ સ્થાન ધરાવે છે અને વિશ્વભરમાંથી દરરોજ લગભગ ૮૦૦૦થી ૯૦૦૦ મુલાકાતીઓ આ વેબસાઈટનો ઉપયોગ કરે છે.

(જુઓ પાન નં. ૨૩)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# શાંતિના વાવેતરને પાણી પાઈએ

**એ**ક વખત બીરબલને રાજસભામાં આવતાં મોડું થઈ ગયું. બાદશાહે પૂછ્યું ''અલ્યા, કેમ મોડો આવ્યો ?'' તો કહે, ''જનાબ, છોકરાને રમાડતો હતો, તેમાં સમયસર ન નીકળાયું.''

''લે, એમાં શી મોટી ધાડ મારવાની હતી ? ખાવાનું આપી દીધું હોત તો વાત પતી જાત.''

''ના, માલિક, એટલું સહેલું કામ એ નથી.''

બાદશાહ તો હઠે ચડ્યો. છોકરાંને રમાડવાં તેમાં વળી શી વડાઈ? છેવટે નક્કી થયું કે બાદશાહ બને બાપ અને બીરબલ બને દીકરો. દીકરાને બાપ રમાડી જાણે તો જાણવું કે છોકરાં રમાડવાં સાવ સહેલાંસટ... અને શરત શરૂ થઈ.

બીરબલે તો શરૂ કર્યું. ''એં એં....'' બાદશાહે પ્રેમથી પૂછ્યું, 'કેમ બેટા, કેમ રડે છે ? શું જોઈએ છે તારે ?''

''ખાવું છે ?''

''ઓહો, તેમાં શી મોટી વાત ? શું ખાવું છે ?''

''શેરડી !''

''અલ્યા, શેરડી લઈ આવ !''

શેરડી આવી. નોકરને કહ્યું કે કાપી આપ. કાપી આપી, પણ છોકરો તો વળી પાછો એં એં એં એં.... કરવા લાગ્યો. ''અલ્યા, હવે તારે શું જોઈએ ?'' ''ના બાપુ, તમે શેરડી કાપી દ્યો.''

''લે બાપા, હું કાપી આપું'' ....ભાંગી શેરડી.... આપી... પણ છોકરાએ તો શેરડીનો કર્યો ઘા !'' કેમ, હવે શું જોઈએ ? ''મારે તો ઘોડા પર બેસવું છે !''

માથે હાથ દઈને બાદશાહ બોલ્યો, ''અલ્યા એય, લાવ ઘોડો, બેસાડ આ કુંવરને !''

ઘોડો આવ્યો. પણ તોય ''એં એં એં...'' તો ચાલુ. ''હવે તારે શું બાકી રહ્યું છે દીકરા !''

''માલે તો તમે ઘોલો બનો અને એ ઘોલા પર મારે બેસવું છે.'' બાદશાહ ઘોડો થયા અને બીરબલ એના પર બેઠા, પણ ત્યાં પાછું એં...એં...એં... શરૂ. બાદશાહ કહે, ''અલ્યા, હવે શું છે તારે ?'' ''બાપા, આ ભાંગેલી શેરલી આખી કરી દ્યો.''

બાપા તો બરાડી ઊઠ્યા, ''સાલા હરામખોર !''

અને શરતમાં બીરબલ જીતી ગયો તે કહેવાની જરૂર છે ? આ ભ્રમણા કેવળ બાદશાહને નહિ, આપણને સૌને છે કે છોકરાં એટલે ગણતરીમાં નહિ લેવાની બાબત. પણ બાળકો સંભાળવાં તે અઘરામાં અઘરું કામ છે અને એ કામ તમે સૌ બહેનો કરી રહી છો, તે બદલ હું ધન્યવાદ આપું છું.

ભણાવવાં કરતાં 'કેળવવાં' શબ્દ વધારે સારો છે, આપણા કોષમાંથી ''ભણાવવું'' શબ્દ આપણે કાઢી નાખવો જોઈએ. આપણે બાળકોને કેળવવાં છે. ભણાવી શકાય તો તે 'વિષય'. કવિતા, ગણિત, ઇતિહાસ ભણાવી શકાય. પણ આપણે તો બાળકોને કેળવવાં છે. આજકાલ તો મા-બાપ છોકરાંને ભણાવીને ધન્યતા અનુભવતાં થઈ ગયાં છે. કોઈને ત્યાં જઈએ તો કહેશે, ''અમારો બાબો બહુ હોશિયાર હો કે ! આવ તો બાબા, અહીં આવ. એ કોન્વેન્ટમાં જાય છે હં કે ! અરે બાબા, પેલી તારી પોએમ સંભળાવ ને !''

હું ઘણુંય કીધા કરું કે ભાઈ, સંભળાવવાની કાંઈ જરૂર નથી. એને રમવા જવા દો. પણ પેલાં માબાપને તો એટલું શૂરાતન ચઢ્યું હોય કે પ્રદર્શન વગર જાણે તેમને ચેન જ નહિ. બાળક તે જાણે સંગ્રહસ્થાનની કોઈ પ્રદર્શનીય ચીજ ! છેવટે પેલાને ગાયે જ છૂટકો ! Twinkle, Twinkle, little stars ! શરૂ થાય અને હું માથે હાથ દઈને બધું નાટક સહન કર્યે જાઉં ! શું છે આ બધું ? સાત વર્ષ સુધી ભણવાનું કેવું ? ત્યાં સુધી તો કેવળ કેળવણી જ ચાલે. કેળવણી એટલે બાળકમાં રહેલી સારી શક્તિને ઉંમરના પ્રમાણમાં પ્રગટ થવા દેવાની અનુકૂળતા આપવી તે. પછી એ ઊગશે તો આપમેળે જ. ગુલાબના છોડને ખાતર-પાણી દઈએ, નીંદામણ કરીએ, બાકી ગુલાબ એની મેળે ઊગશે. ઉગાડવાની ચિંતા આપણે નથી કરવાની. એની ભીતર બધું પડ્યું જ છે. આપણે તો ખાલી થોડી મદદ કરવાની છે.

ત્યારે હું પ્રાથમિક શાળામાં ભણાવતો. પાંચમા-છઠ્ઠા ધોરણમાં પ્રેમાનંદનું 'સુદામાચરિત' શીખવતાં હું તો કવિતા લલકારતો છોકરાંઓને એવા ઊંડા ઇતિહાસમાં લઈ ગયો કે સમયનું ભાન પણ ના રહ્યું અને ક્યારે નાનાભાઈ આવીને બેસી ગયા તેનું ઓહાણ પણ ના રહ્યું. વર્ગ પૂરો થયો પછી નાનાભાઈ કહે, ''મનુભાઈ, તમે સારું ભણાવ્યું, પણ છોકરાંઓને આટલું બધું ન ભણાવવું જોઈએ. આગળ માટે કાંઈક બાકી રાખવું જોઈએ ને ? તમે સારા શિક્ષક નથી, કારણ કે તમે બધું ઠાલવી દો છો !''

આજે પણ મારા કાનમાં નાનાભાઈના આ શબ્દો ગુંજે છે. સાત વર્ષ પછીના ભણતરમાં મૂળભૂત તફાવત છે. નાનાં બાળકો ઇન્દ્રિયો દ્વારા શીખે છે, ભાષાજ્ઞાન દ્વારા નહિ. બાળકને Symbol સંજ્ઞા ન ચાલે. તેને તો પ્રત્યક્ષ મૂળ ચીજ જોઈએ, આ જગત જેના થકી બન્યું છે તે રસ, રૂપ, ગંધ, રંગ, વર્ણ વગેરેને એ પોતાની સગી ઇન્દ્રિયોથી સમજવા માંગે છે. અનુભવવા માંગે છે. સૃષ્ટિનાં પશુ, પંખી, જીવજંતુ સાથે તે આત્મસાત્ થવા ઝંખે છે. આ જગતમાં વિવિધ સૂક્ષ્મ શ્રેણીઓ પડેલી છે. કોલાહલથી માંડીને ખાન અબ્દુલ કરીમખાંના સંગીત સુધીની શ્રેણીબદ્ધતા અવકાશમાં વેરાયેલી છે. આવું જ રૂપ, રંગ, વર્ણનું. આ બધું બાળકને આત્મસાત્ કરવા દો. માને 'મધર' કે 'મમ્મી' કહેવાય, એ વાત એ મોડી શીખશે તો કશું ગુમાવવાનો નથી, પણ જો જગત સાથેનું અનુસંધાન બાળપણમાં નહિ કેળવાયું તો તે પથ્થર જેવો થઈને ઊભો રહેશે.

એટલે બાળકને બાળપણમાં અનુભવવા દો. બાળક અનુભવથી



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જ શીખવા માગે છે. કોઈ પણ ચીજ તે મોંમાં નાંખે છે તો તે જાણવા માંગે છે કે આ શું છે ? સાવ શિશુ અવસ્થામાં બાળક ધાવતાં માની છાતી પર કે બીજે હાથ ફેરવતું રહે છે. એ ઓળખવા માંગે છે. એની પાસે સ્પર્શની ભાષા છે. એ દ્વારા તે જાણે છે કે આ મારી મા છે, મને પોષનારી. સ્પર્શ દ્વારા એના જીવનમાં એક સમજણ ઊભી થાય છે. આ વાત જે મા નથી સમજતી, તે પોતાના બાળકને કદી સમજી જ નહિ શકે. એટલે બાળપણમાં આપણે બાળકને ઇન્દ્રિયગત અનુભવ આપવાનો છે. એનું પહેલું કેન્દ્ર છે માબાપ. ત્યાર પછી ભાઈ-ભાંડુ, આંગણું, વનસ્પતિ, શેરી એમ ક્રમ આગળ વધે છે.

બાળકને ધીરે ધીરે એના ક્રમમાં આગળ વધવા દેવાનું છે. ઉતાવળને ત્યાં જરાય અવકાશ નથી. નવ મહિના ઘોર અંધારા ગર્ભાશયમાં રહેલું બાળક આ પૃથ્વી પર આવે ત્યારે ઓરડામાં Flood Light હોય તો ન ચાલે. ધીમા મંદ પ્રકાશમાં જ સુવાવડ થાય, તે જોવું જોઈએ. બાળકને આસ્તે આસ્તે પ્રકાશની દુનિયામાં લઈ આવવાનું છે. આ પ્રક્રિયા બધી જ ઇન્દ્રિયો માટે લાગુ પડે છે. સ્પર્શનાં સાધનો પણ રેશમ-મખમલથી ખરબચડા સુધી પહોંચે તેવાં હોવાં જોઈએ. બાળકને સ્વાનુભવની બારાક્ષરી પર અનંતનો પરિચય થાય છે. અનુભવે એને ભાન થશે કે જગતમાં સજીવ-નિર્જીવ બે વસ્તુ છે. છોડને પાણી પાવું પડે છે, કીડીને પણ સુખદુઃખનો અનુભવ થાય છે. હું ને આ કૂતરું બંને સગાં છીએ. બંનેનાં સુખદુઃખ સમાન છે. આવી સંવેદના બાળકમાં જાગશે તો જગતમાં શાંતિ થશે.

આપણે શાંતિ સ્થાપવા માટે અનેક પ્રયત્નો કરીએ છીએ, આંદોલનો ચલાવીએ છીએ. પણ છતાંય શાંતિ સ્થપાતી નથી, કારણ કે બાળપણમાં માણસના ચિત્તમાં આ સમભાવના, સંવેદનાને પ્રગટ થવાની તક મળી નથી, ક્રમિકતાનો અનુભવ નથી મળ્યો. ચિત્તમાં પરભાવના ઊછરતી રહી છે. પછી મોટી ઉંમરે ઘણીય મથામણ કરો, ભાગવત-ગીતાનાં પારાયણો કરો, પણ ખેતરના દાણા ચરી ગયા પછી ખેડૂત ઘણાય હોંકારા-પડકારા કરે તેવી આ વાત છે. કોઈ જર્જરિત ગારાની ભીંત પર સિમેન્ટનું પ્લાસ્ટર કરવાની આ વાત છે. આજે ઘણીબધી કથાઓ ચાલે છે. પણ લાખો શ્રોતાઓમાં ભાગ્યે જ કોઈક પર અસર થાય છે. કારણ એ જ કે સમય ચુકાઈ ગયો છે.

બાળપણની ઉંમર તે મહત્ત્વની ઉંમર છે. તે વખતે જે છાપ પડી તે અમીટ છે. એટલે જ કહું છું કે તમે ખૂબ અઘરું કામ કરી રહ્યાં છો. શાંતિ સ્થાપવાનું કામ કરી રહ્યાં છો. બાળકમાં સંવેદના પ્રગટ થાય તે માટેનો અવકાશ આપો. એલેકઝાંડર જ્યારે હિંદુસ્તાન તરફ ચઢાઈ કરવા આવ્યો ત્યારે પોતાનું નાનકડું રાજ્ય સાચવવા મટે એક સૂબાને સોંપ્યું. એલેકઝાંડરની મા કોઈને દાદ ન દે. રાજમાં ડખળ કર્યા કરે એટલે પેલો સૂબો એલેકઝાંડરને ફરિયાદના પત્રો લખ્યા કરે. એલેકઝાંડર પત્રો વાંચી લે, પણ એકેનો જવાબ ન આપે. એક વખતે પેલા સૂબાએ ગુસ્સે થઈને લાંબો પત્ર લખ્યો. ત્યારે એલેકઝાંડર બોલી ઊઠ્યો, ''આ મૂરખને એટલીય ખબર નથી કે આવા તો અડધો શેર કાગળ મારી માની આંખનાં બે ટીપાંથી ધોવાઈ જશે.'' મા પ્રત્યેની કૃતજ્ઞતાની આ લાગણી ક્યાંથી આવી ? કક્કો શીખ્યો તે પહેલાં આ ઘટના થઈ ગઈ, ત્યારે આવું બન્યું.

માસ્તર બાળકની હથેળીમાં આંકણી મારે છે ત્યારે વિદ્રોહનાં બીજ ચિત્તમાં વવાઈ જાય છે. Basic roots of agression બાળચિત્તમાં વાવીએ અને પછી શાંતિ માટે રાતદી' દોડા કરીએ તો કેમ ચાલે ? જે ચિત્તમાં વિરોધોનાં, વિદ્રોહનાં જાળાં નથી, તે લડવા માટે ઉત્સુક નહિ થાય. લડવા માટેની ઉત્સુકતા, હાથમાં ચળ ઊપડે તે સાવ જુદી બાબત છે. એટલે શાંતિનું સાચું ક્ષેત્ર બાળપણ છે. તમે સાચા શાંતિ-સૈનિક છો. મોટી ઉંમરે શાંત થવું કપરું. ખૂબ ઊઠબેસ કરવી પડે.

બાળક પોતે જાતે અનુભવીને તે વિષયને સમજે જ છે, સાથો-સાથ એનો પોતાનો આત્મવિશ્વાસ પણ વધારે છે. આ તેનું અનુભવ-સિદ્ધ જ્ઞાન હોય છે, ઉધાર જ્ઞાન નથી હોતું, તેથી તે ડગતો નથી. બાળક ભાંગફોડ કરે તેની ચિંતા ન કરશો. આજે જગતમાં શાંતિના નામે શસ્ત્રાસ્ત્રો પાછળ કરોડો રૂપિયાનું આંધણ થાય છે, તેના પ્રમાણમાં બાળકની ભાંગફોડ કોઈ વિસાતમાં નથી. એને માટીમાંથી રમકડાં બનાવવા દો. ઠીકરાંનાં ઘર ભલે એ ઘડે, કોડીનો મોર ભલે તે ચીતરે ! એની આ સરજત એના ચિત્તમાં શાંતિનું વાવેતર કરતી જાય છે.

બાળકમાં શક્તિનો ખજાનો પડ્યો છે. એને સતત પ્રવૃત્તિ જોઈએ. એ કદી થાકતું નથી. આપણને પણ પાછા પાડી દે. એક શેતરંજી પર તમે સૂઈ જાઓ અને બીજી પર બાળકને સુવાડો. બાળકની જેમ તમે પણ હાથપગ હલાવો અને જુઓ કે પહેલાં હાથપગ કોના બંધ થાય છે ! બાળકમાં આ શક્તિ પડેલી છે એ જે જાણે છે તે જ સાચો શિક્ષક બની શકે. નગરોનાં કબૂતરખાનાંઓમાં ઊછરેલાં બાળકોને રમવા ધૂળ મળે ત્યારે આંનદઘેલાં થઈ જાય છે. આમાંથી સાર નહિ કાઢીએ તો ભારે મોટી ખોટ સહેવી પડશે.

તમે સૌ શાંતિના દેવદૂત છો. હિટલરને હરાવનાર સેનાપતિએ શિક્ષકો માટે લખેલું કે your business is to put me out of business. દુનિયાના મોટામાં મોટા સેનાપતિને કામધંધા વગરનો કરી મૂકવાનું કામ કરવાનું છે. આ કામ ધાર્મિક પ્રવચનો કે કથા-પારાયણથી ઓછું થાય ? મેડમ મૉન્ટેસરીને એક દિવસે કોઈકે કહ્યું કે મેડમ, ઇઝરાઇલમાં એક માણસે શોધ કરી કે, ડંખ વગરની મધમાખો પેદા થઈ શકે. ત્યારે મોન્ટેસરી બોલ્યાં, ''ડંખ વગરનો માણસ પેદા કરી શકીએ તેવું આપણે કરવું છે !''

આજે આપણે આ કોન્વેન્ટ, અંગ્રેજી ભાષાનો મોહ વગેરે બાળકો પર લાદીને ત્રાસ ગુજારી રહ્યાં છીએ. પેલી ગુલીવરની વાર્તા છે ને, જેમાં ઠિંગુજી મોટા લોકોની દુનિયામાં અટવાઈ જાય છે ! આ બાળકો તે ગુલીવર છે અને આપણે સૌ મોટા કદના રાક્ષસો ! આપણા ઢાળમાં તેમનાં બીબાં ઢાળીએ છીએ. પણ જીવનનો એક લય છે. બાળકમાં તે લયને એની મેળે લહેરાવા દો. બધું આપમેળે સુંદર સર્જાશે.

'વિશ્વશાંતિની ગુરુકિલ્લી' પુસ્તકમાંથી સાભાર **– મનુભાઈ પંચોળી**

**(દર્શક)**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગાંધી સાહિત્યનું ઘરેણું ‘જીવનનું પરોઢ’ હવે અંગ્રેજીમાં....

ગાંધીસાહિત્યનું ઘરેણું કહેવાય તેવું પ્રભુદાસ ગાંધી લિખિત પુસ્તક ‘જીવનનું પરોઢ’નો અંગ્રેજી અનુવાદ હાલમાં પ્રકાશિત થયો છે. પુસ્તકનું નામ છે : ‘ધ ડોન ઑફ લાઇફ : એમ. કે. ગાંધી ઇન સાઉથ આફ્રિકા’. પ્રભુદાસ, ગાંધીજીના ભત્રીજા થાય. તેમનો જન્મ પોરબંદરમાં થયો પણ તેમનું બાળપણ દક્ષિણ આફ્રિકામાં વીત્યું. વિશેષ તો ગાંધીજીએ સ્થાપેલા ફિનિક્સ આશ્રમમાં. જીવનનું પ્રાથમિક ઘડતર ત્યાં જ થયું અને તે પછી ગાંધીજી જ્યારે ૧૯૧૫માં હિંદુસ્તાન આવ્યા ત્યારે તેઓ પણ તેમની સાથે પાછા ફર્યા. ગાંધી અને અન્ય સાથે આઝાદીની અનેક લડતોમાં જોડાયા, જેલવાસ ભોગવ્યો અને જીવનના ઉત્તરાર્ધમાં અલ્મોડા ખાતે ખાદી સંશોધન અને ગ્રામ પ્રવૃત્તિમાં જીવન સમર્પિત કર્યું. પ્રભુદાસ ગાંધીનો આ અત્યંત ટૂંકો પરિચય છે. તેમના દ્વારા લિખિત પુસ્તકોમાં ‘જીવનનું પરોઢ’ તો છે જ; સાથે તેમણે દેશના પ્રથમ રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદની આત્મકથાનો અનુવાદ પણ કર્યો છે. એ ઉપરાંત, ‘ગીતા કા સમાજધર્મ’ (હિંદીમાં); ‘ઓતાબાપાનો વડલો’, ‘આશ્રમ ભજનોનો સ્વાધ્યાય’ અને ‘બાપુના જુગતરામભાઈ’ પણ તેમના લેખનમાં સમાવિષ્ટ સાહિત્ય છે.

‘જીવનનું પરોઢ’ પુસ્તકની વાત તો આપણે કરીએ છીએ; પરંતુ સૌથી પહેલાં આ પુસ્તકનો સાડા સાત દાયકા બાદ અનુવાદ જેમના કારણે અંગ્રેજીમાં થઈ શક્યો તે હેમાંગ અશ્વિનકુમાર વિશે પણ ટૂંકમાં જાણી લેવું જોઈએ. હેમાંગ અશ્વિનકુમારની ઓળખ કવિ, અનુવાદક, સંપાદક અને ગુજરાતી-અંગ્રેજી ભાષામાં વિવેચક તરીકેની પણ છે. તેમની કવિતા અને અનુવાદ દેશ અને વિશ્વનાં પ્રતિષ્ઠિત સામયિક-અખબારમાં પ્રકાશિત થયાં છે. એટલું જ નહીં, ગુજરાતીમાં ‘જીવનનું પરોઢ’ જેવી કેટલીક ઉત્તમ કૃતિઓ તેમના જ કારણે અંગ્રેજી ભાષામાં વાંચી શકાય છે. ગુલામ મોહમ્મદ શેખ, હિમાંશી શેલત, બાબુ સુથાર, દલપત ચૌહાણ, કાનજી પટેલ, રાજેશ પંડ્યા, રાજેન્દ્ર પટેલ ઉપરાંત પણ અનેક મૂળ ગુજરાતી લેખકોનાં લખાણ તેમના દ્વારા અંગ્રેજીમાં અનુવાદિત થયાં છે. હેમાંગ અશ્વિનકુમારે સર્જેલા સાહિત્યને વિસ્તારથી લખી શકાય એટલું છે.

હવે ‘જીવનનું પરોઢ’ વિશે. આ પુસ્તક પ્રથમ વાર ૧૯૪૮માં નવજીવન દ્વારા પ્રકાશિત થયું હતું. જોકે પુસ્તક પ્રકાશિત થયું તેના ૨૫ વર્ષ અગાઉ સાબરમતી આશ્રમ અંતર્ગત ચાલતી રાષ્ટ્રીય શાળાના વિદ્યાર્થીઓનું ‘મધપૂડો’ નામનું એક હસ્તલિખિત માસિક ચાલતું હતું - તેમાં સૌથી પહેલાં ‘જીવનનું પરોઢ’નાં પ્રકરણ પ્રકાશિત થયાં હતાં.









તે વખતે તેના વાચકોમાં મહદંશે સાબરમતી આશ્રમના નિવાસીઓ હતા; પરંતુ આ પ્રકરણો એટલાં રસાળ શૈલીમાં લખાયાં કે તે પછી તેને પુસ્તક તરીકે પ્રકાશિત કરવાનો વિચાર સાકાર થયો. પ્રભુદાસ ગાંધીએ જ્યારે આ પ્રકરણો લખ્યાં ત્યારે તેમની ઉંમર ૧૨ વર્ષની હતી. તેમણે આમાં દક્ષિણ આફ્રિકાના ફિનિક્સ આશ્રમના અનુભવો અને આફ્રિકામાં સત્યાગ્રહ ચાલતાં ત્યારે તેની ચહલપહલ આશ્રમમાં કેવી હતી તે પણ આલેખ્યું છે. આ પ્રકરણો ‘મધપૂડો’માં લખાયાં ત્યારે ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ લખ્યો નહોતો, તેથી સાબરમતી આશ્રમના નિવાસીઓ અને દક્ષિણ આફ્રિકાથી ગાંધી સાથે પાછા ફરનારા ફિનિક્સવાસીઓને પણ પ્રભુદાસ ગાંધીનું આ લખાણ વાંચવું ખૂબ ગમ્યું.

આ પુસ્તકના લેખક, અને તેના અનુવાદક વિશે તેમજ પુસ્તક કેવી રીતે પ્રથમ વાર પ્રકાશિત થયું તે પછી કાકાસાહેબ કાલેલકરે આ પુસ્તકને કેવી રીતે વધાવ્યું છે તે વિશે પણ જાણવું જોઈએ. કાકાસાહેબે પુસ્તકની પ્રસ્તાવનાને સરસ નામ આપ્યું છે : ‘સાધનાનું પરોઢ’. કાકાસાહેબ તેમાં સૌથી પહેલાં દક્ષિણ આફ્રિકાથી ગાંધીજી અને તેમની સાથેના આશ્રમવાસીઓ ૧૯૧૫ના અરસામાં કેવી રીતે આવ્યા અને બંગાળમાં કવિવર રવીન્દ્રનાથ ટાગોર સ્થાપિત શાંતિનિકેતનમાં કેવી રીતે રહ્યા તેનો ઉલ્લેખ કરે છે. ત્યાં તેમનો ભેટો પ્રભુદાસ સાથે થયો હતો. તે પછી તો ત્યાંથી કાકાસાહેબ મહારાષ્ટ્રમાં ગયા, અને તે પછી વડોદરા આવીને ગ્રામસેવાનું કામ ઉપાડ્યું. પરંતુ કાકાસાહેબનો અનુબંધ ફિનિક્સવાસીઓ સાથે શાંતિનિકેતનમાં એટલો ગાઢ થઈ ચૂક્યો હતો કે તેઓ ગાંધીજીએ અમદાવાદમાં સ્થાપેલા પ્રથમ આશ્રમ કોચરબમાં આવી ગયા અને એ રીતે તેમનો ગાંધી સાથે કાયમનો નાતો બંધાયો.

કાકાસાહેબે પ્રભુદાસ ગાંધીના વ્યક્તિત્વ વિશે પ્રસ્તાવનામાં ઘણી વાતો લખી છે. સાહિત્યની દૃષ્ટિએ આટલું ઉત્તમ પુસ્તક લખનારા પ્રભુદાસ ગાંધી વિશે કાકા લખે છે : ‘છેક નાનપણથી પ્રભુદાસને કહેવામાં આવ્યું હતું કે ‘એ ઠોઠ છે. જરાય કશી હોશિયારી એનામાં નથી ! દેવદાસ જેટલી હોશિયારી પ્રભુદાસમાં ભલે ન હોય, નાના કચા(કૃષ્ણદાસ)પ્રભુદાસના ભાઈ જેટલી ચતુરાઈ પણ એનામાં ન હોય, પણ મેં તો એને બુદ્ધિ વગરનો જોયો કે માન્યો નથી. પણ ઘરના મુરબ્બીઓએ, ભલે અત્યંત સદ્‌બુદ્ધિથી પણ એનામાં જે आत्मनि अप्रत्यय ઠોકી બેસાડ્યો તે એના સ્વભાવનું એક અંગ જ બની ગયું અને વિદ્યાનિષ્ઠા, કર્મનિષ્ઠા, ધ્યેય-નિષ્ઠા ઇ. સમર્થ સદ્‌ગુણો એની પાસે હોવા છતાં એક આત્મ-વિશ્વાસને અભાવે એની આખી કારકિર્દી જાણે કરમાઈ ગઈ.’

કાકા પ્રભુદાસને સામાન્ય સાહિત્યકાર માનતા નથી. છતાં પૂરા પુસ્તકમાં કાકા કહે છે તેમ ‘હું ઠોઠ છું, હું જડ છું, બીજા જેવો હોશિયાર નથી’ તેવું ધ્રુવપદ આપણે સાંભળ્યા કરીએ છીએ. પુસ્તકની વિશેષતા સંદર્ભે કાકા નોંધે છે કે, ‘ભૂગોળનાં વર્ણનો અને કુદરત સાથે ઘાસપાન, ફળફૂલ, પંખી અને વાદળાં સાથે તદાકાર થવાનો આનંદ જ્યારે પ્રભુદાસ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

વર્ણવે છે, ત્યારે તો એની કલમનું સામર્થ્ય સોળે કળાએ પ્રગટ થાય છે. સમોવડિયા અને મોટેરાઓ તરફથી જે પોષણ બાળ પ્રભુદાસને મળતું નહીં તે એણે કુદરત પાસેથી મેળવ્યું. તેથી જ આ વર્ણનશક્તિ એનામાં આટલી જીવતી થઈ છે. કુદરતના વર્ણનમાં પ્રભુદાસ જેટલો ફાવે છે, તેટલો જ મનોવિશ્લેષણમાં પણ ફાવે છે.' પુસ્તકની આવી અનેક વિશેષતા કાકાએ પ્રસ્તાવનામાં આલેખી આપી છે.

આ પુસ્તકમાં લેખક તરીકેનું જે નિવેદન 'પ્રસ્તાવ'ના મથાળેથી પ્રભુદાસે લખ્યું છે તેમાં તેઓ આ પુસ્તક લખવાનો વિચાર કેવી રીતે આવ્યો તેની થોડી વિગત લખે છે. તે આમ છે : '' 'મધપૂડો'ના અંકો વડે અમારું વિદ્યાર્થીમંડળ સારી પ્રતિષ્ઠા પામ્યું હતું. શિક્ષકોના લેખોને અભાવે એ પ્રતિષ્ઠા ભાંગી પડે એ મને અસહ્ય લાગ્યું. મધુકર રાજા (તંત્રી) તરીકેની જવાબદારી મારી; મારો ભાર બીજા વિદ્યાર્થીઓ પણ શા માટે ઉપાડે? मुखरतस्त्र हन्यते એ આપણા હિંદી સ્વભાવનો પ્રાચીન વારસો મને પણ વળગ્યો. આખા અંકો એકલે હાથે રસભર્યા બનાવવાનું સંકટ મારે માથે આવી પડ્યું. ઉપદેશભર્યા લેખો લખવાની હિંમત તો મને મળે ક્યાંથી? તેમ જ ઇતિહાસ, વિજ્ઞાન, સાહિત્ય કે બીજા કોઈ શાસ્ત્રોનો મને એવો પરિચય ન હતો કે જેમાંથી મજાના લેખો નિપજાવી લઉં. વાચકોને રસ પાડવા માટે વાર્તાઓ અને કવિતાઓ જોઈએ એટલું હું જાણતો હતો, પણ ન છંદ બેસાડવાનું ફાવે કે ન વાર્તાની કોઈ સરસ વસ્તુ મગજમાં આવે. વિચારતાં વિચારતાં મને ફિનિક્સની વાતો લખવાનું સૂઝ્યું.''

'જીવનનું પરોઢ' ચાર ભાગમાં લખાયેલું છે. તેના ત્રણ ભાગમાં ૨૧ પ્રકરણ છે અને આખરના ભાગમાં ૨૦ પ્રકરણ છે. પુસ્તકનાં પરિશિષ્ટોમાં ગાંધીજીના પોરબંદરના ઘરનું આલેખન છે. સંભવતઃ ગાંધીજીના પોરબંદરના ઘરનું આવું શબ્દચિત્ર ક્યાંય મળતું નથી. પુસ્તકમાંથી પસાર થઈએ ત્યારે આફ્રિકાનો એ હિસ્સો જ્યાં ગાંધીજીનો ફિનિક્સ આશ્રમ હતો તે ધીરે ધીરે પ્રભુદાસ ગાંધીના શબ્દ થકી આપણી આંખ સમક્ષ ખડો થાય છે. ફિનિક્સની અસંખ્ય ઘટનાઓ એવી છે - જેની નોંધ આ પુસ્તકમાં જ મળે છે. ગાંધીજીએ પણ 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ'માં ત્યાંની ભૌગોલિક સ્થિતિ અને લોકોનું વર્ણન બખૂબી કર્યું છે, પરંતુ પ્રભુદાસ ગાંધીએ તે વર્ણન વધુ વિસ્તારથી અને રસપૂર્વક કર્યું છે. અહીં પ્રભુદાસ ગાંધીના થોડાક શબ્દો ન મૂકીએ તો આ લેખની અધૂરપ છતિ થશે. 'કુદરતના ખોળે' પ્રકરણમાં પ્રભુદાસ લખે છે : 'કુદરત અને માતાનો એ સ્વભાવ જ છે કે તમે ભલે એની કિંમત ન સમજતા હો પણ એ તો તમને પોતાના અમીરસથી નવડાવ્યે જ રાખે. ફીનિક્સમાં જ્યારે અમે એકલા પડ્યા, અમારાં માબાપ ને બાપુજી જેલ ગયાં અને મગનકાકા છાપખાનામાં ગોંધાઈ ગયા ત્યારે એ સૂના જંગલમાં કુદરત સાથેની અમારી દોસ્તી વધી ગઈ. કોઈ કોઈ વાર તો એ અમને ખૂબ રમાડતી. અનેરાં પંખીઓના ટહુકા ભેગો સાદ પુરાવવામાં ને તેમની સાથે એકલાં એકલાં ગપ્પાં મારવામાં મને એટલી બધી મજા આવતી કે કલાકોના કલાકો સુધી હું પંખીગીત સાંભળતો અને કોઈક વાર એમાં ઝીણો સાદ પુરાવતો બેસી રહેતો.'

છસ્સોથી વધુ પાનાંનું આ પુસ્તક ગુજરાતી સાહિત્યનું ઘરેણું છે અને હવે તે અંગ્રેજીમાં પ્રકાશિત થવા જઈ રહ્યું છે. અંગ્રેજી વાચકો તો આ પુસ્તકને પ્રથમ વાર વાંચી શકશે, પણ ગુજરાતી વાચકો આ ટાણે ફરી જો પુસ્તકને હાથમાં લેશે તો પણ તેમને દક્ષિણ આફ્રિકાનું ગાંધીજીનું જીવન સુપેરે મળી રહેશે, સાથે સાથે દક્ષિણ આફ્રિકાનો તે સમયનો માહોલ પણ તેમાં તાદશ્ય દેખાશે. અંગ્રેજીમાં આ પુસ્તક પેન્ગ્વિન પ્રકાશન દ્વારા પ્રકાશિત થયું છે.

**- સંજય ભાવે**

# નિમંત્રણ

**પુસ્તક લોકાર્પણ કાર્યક્રમ**

**પુસ્તક : મેંઢા ગામની વાત**

લેખક : મિલિંદ બોકીલ

ગુજરાતી અનુવાદ : પ્રો.કિશોર દેસાઈ

તારીખ : ૧૧ જુલાઈ, ૨૦૨૬, શનિવાર

સમય : સવારે, ૧૦.૦૦ થી ૧.૦૦

સ્થળ : ગાંધી વિદ્યાપીઠ, વેડછી, તા. વાલોડ, જિ. તાપી.

કાર્યક્રમમાં પુસ્તકના લેખક ડૉ. મિલિંદ બોકીલ તેમજ સ્વાયત્ત ગ્રામસ્વરાજના ઉત્તમ નમૂનારૂપ એવું ગામ મેંઢાના મુખ્ય આગેવાન દેવાજી તોફા પણ ઉપસ્થિત રહેશે. આ આખાય પ્રયોગ તેમજ સાતત્યપૂર્વકની સાધનાને જાણવા અને સમજવા સૌ મિત્રોને ઉપસ્થિત રહેવા આમંત્રણ છે.

**યજ્ઞ પ્રકાશન - વડોદરા, ગાંધીવિદ્યાપીઠ-વેડછી, વેડછી પ્રદેશ સમિતિ**

* * *

**(૧) મેંઢા ગામની વાત**

અને

**(૨) કટોકટી અને તેમાં ભૂમિપુત્ર - યજ્ઞ પ્રકાશનની ભૂમિકા**




લેખક-સંપાદક : રજની દવે

બંને પુસ્તકોનું લોકાર્પણ

તારીખ : ૧૨-૭-૨૦૨૬

સમય : ૧૦ થી ૧.

સ્થળ : પ્રાર્થના સંઘ,

ભદ્ર આશ્રમ,

નવી સિવિલ કોર્ટ પાસે, સરકારી વસાહત પાછળ,

અઠવાલાઈન્સ સુરત.




| | |
|---|---|
| **યજ્ઞ પ્રકાશન** | **પ્રાર્થના સંઘ** |
| વડોદરા | સુરત |



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# પઢો પોપટ

**એ**ક હતું પંખી. તે હતું સાવ અનાડી. એ ગીત ગાય, શાસ્ત્ર વાંચે નહીં, કૂદકા મારે, ઉડ્ડયન કરે; પણ જાણે નહીં કે કાયદાકાનૂન શી ચીજ છે.

રાજા કહે, 'આવું પંખી તો સાવ નકામું. અને વળી વનનાં ફળો સફાચટ કરીને રાજ્યોના ફળબજારને નુકસાન પહોંચાડે છે.'

મંત્રીને બોલાવીને કહ્યું, 'આપો આ પક્ષીને શિક્ષણ.'

પક્ષીને કેળવવાનું કામ રાજાના ભાણેજને માથે આવી પડ્યું.

પંડિતોએ રોયલ કમિશનમાં બેસી રીતસરની ચર્ચા કરી.

સવાલ એ હતો કે, 'આ જીવના અજ્ઞાનનું કારણ શું ?'

નિર્ણય થયો કે મામૂલી ઘાસતરણાંનો માળો પક્ષીઓ બાંધે છે. તેથી તેમાં ઝાઝી વિદ્યા સમાતી નથી. અતએવ મહત્ત્વની વાત એ કે સારું-સરખું પાંજરું બનાવવું જોઈએ.

રાજપંડિત દક્ષિણા લઈને પ્રફુલ્લ મને ઘેર પાછા ફર્યા.

સોની બેઠો સોનાનું પાંજરું ઘડવા. પાંજરું એવું તો અપ્રતિમ બન્યું કે, એ જોવા દેશ-વિદેશના લોકો ઊમટ્યા. કોઈ કહે, 'કેળવણી મળે કે ન મળે, પાંજરું તો થયું, પંખી ભાગ્યશાળી તો ખરું.'

સોનીને થેલીઓ ભરી-ભરીને બક્ષિસ મળી. ખુશ થઈને એણે તરત જ ચાલવા માંડ્યું પોતાના ઘર તરફ.

પંડિતો બેઠા પંખીને વિદ્યા પઢાવવા, તપકીર નાકમાં ખોસતાં પંડિત બોલ્યા, 'બેચાર પોથીઓથી આ કામ કાંઈ પતે એવું નથી.'

એટલે ભાણેજે ગ્રંથલેખકોને નોતર્યા. તેમણે પોથીઓની નકલો અને નકલોની નકલો કરીને પોથીઓનો પર્વત રચ્યો. જે જુએ તે બોલી ઊઠે, 'શાબાશ વિદ્યાની પરાકાષ્ઠા થઈ !!'

લેખકોના નોકરચાકર હજૂરિયાઓને ઈનામો મળ્યાં; ગાડાં ભરી-ભરીને તેઓએ તરતોતરત ઘર તરફ દોટ મૂકી. ખાવા-પીવાની ચિંતા એમને રહી નહોતી.

આ બહુમૂલ્ય પાંજરાની સાચવણી માટે તો ભાણેજરાજે હદ જ કરી. સમારકામ, બાંધકામ તો અખંડ ચાલુ હતું. તે ઉપરાંત ઝાડઝૂડ, સાફસૂફ, પૉલિશ વગેરેની ધામધૂમ જોઈ બધાં જ કહેવા લાગ્યાં, 'ઉન્નતિ થાય છે ખરી.' ઘણા-ઘણા લોકોને આ કામ માટે કાઢવામાં આવ્યા અને તેથીયે વધારે ભરતી થઈ એમના પર દેખરેખ રાખનારાઓની.

જગતમાં બીજી ઊણપો અગણિત છે, પણ નિંદકોનો માત્ર તોટો નથી, તેઓ કહે, 'પાંજરાની ઉન્નતિ થાય છે ખરી, પણ પંખીની સાર-સંભાળ કોઈ જ રાખતું નથી.'

વાત રાજાજીને કાને ગઈ. એમણે ભાણેજરાજને બોલાવીને પૂછ્યું, 'આ હું શું સાંભળું છું ?'

ભાણેજરાજ બોલ્યા, 'સત્ય જાણવું જ હોય તો બોલાવો સોનીઓને, પંડિતોને, લેખકોને બોલાવો પેલા સમારકામ-સાંધકામ કરનારાઓને અને સમારકામની દેખરેખ કરતાં ફરે છે તે બધાને પણ. નિંદકોને ઉચાપત કરવાનું મળતું નથી તેથી જ આવી હલકી વાતો કરે છે.' તેનો જવાબ સાંભળી રાજાસાહેબના ભેજામાં પ્રકાશ પડ્યો અને તરત જ ભાણેજરાજના ગળામાં સોનાનો હાર ચડ્યો.

કેળવણી કેવી ભયંકર ગતિએ ચાલી હશે એ જાતે જોવાની રાજાસાહેબને ઊર્મિ ઊઠી. એક દહાડો પોતાના સખા સોબતીઓ, સભાસદ વગેરે લાગતાવળગતા સાથે તેઓ શિક્ષામંદિરમાં આવી ઉપસ્થિત થયા. રાજાની સવારી આવતાં જ મહાદ્વાર પાસે શંખ, ઘંટા, ઢોલ, તાસાં, નગારાં, પિપૂડી, શરણાઈ, ભેરી, ઝાંઝ, મૃદંગ અને કરતાલ મુખરિત થઈ ઊઠ્યાં. પંડિતવર્ગ ઘાંટો કાઢી, ચોટલી ઝાટકીને મંત્રપાઠ કરવા લાગ્યો. મિસ્ત્રી, મજૂર, સોની, લેખક, વ્યવસ્થાપક અને મામાના દીકરા, ફુઆના દીકરા, પિત્રાઈ, માસિયાઈ ભાઈઓ બધાઓએ જયજયકાર કર્યો.

ભાણેજ બોલ્યો, 'મહારાજ, જોયોને આ બધો સમારોહ ?'

રાજાસાહેબ બેહદ ખુશ થઈને મહાદ્વારેથી બહાર આવી જેવા હાથી પર બેસવા જાય છે તે જ વખતે ઝાડીમાં સંતાઈ રહેલો નિંદક બરાડ્યો, 'મહારાજ, પક્ષીને જોયું કે ?'

રાજા ચમક્યો. કહે, 'ખરેખર, ધ્યાનમાં જ ન આવ્યું ! પક્ષીને જોવાનું તો રહી જ ગયું.'

પાછા આવી પંડિતોને કહ્યું 'પક્ષીને તમે કઈ રીતે શીખવો છો તે પદ્ધતિ જોવી છે મારે.'

જોવાનું પૂરું થયું. નયનો કૃતાર્થ થયાં. શિક્ષણની પ્રગતિ કરતાં પોથી એટલી મોટી હતી કે પક્ષી તો ક્યાંય દેખાય જ નહીં. લાગે કે એને ન જોઈએ તોયે ચાલે. રાજાસાહેબે જાણી લીધું કે વ્યવસ્થામાં વાંક કઢાય એવું તો છે જ નહીં. પાંજરામાં ન મળે દાણા કે ન મળે પાણી. ભારોભાર પોથીઓમાંથી માત્ર પાનાંઓના ઢગલા ઢગલા ફાડી લેખણીના છેડા વતી પક્ષીના મોંમાં ભરાતા જાય છે. ગાયન તો બંધ જ - ચીસ પાડવા પૂરતી ફાટ પણ પુરાઈ ગયેલી જોઈ શરીરનાં રૂંવાડાં જ ઊભાં થઈ જાય.

શિષ્ટાચારના સભ્ય નિયમો નીચે પંખી દિવસે-દિવસે અધમૂવું થવા લાગ્યું. પાલકોને આ વાત સારી આજ્ઞાજનક લાગી, તોયે સ્વભાવ-દોષને લીધે સવારના પહોરમાં પંખી પ્રકાશ તરફ જુએ છે અને અસભ્ય રીતે પાંખ ફફડાવે છે. એટલું જ નહીં પણ કોઈક વાર દેખાઈ આવે છે કે એ પોતાની દુર્બળ ક્ષીણ ચાંચ વડે પાંજરાના સળિયા કાપવાનો પ્રયત્ન પણ કરે છે.

કોટવાલ કહે, 'શી આ બેઅદબી !'

એટલે પછી શિક્ષણ વિભાગમાં ધમણ, હથોડી અને અગ્નિ લઈને લુહાર હાજર થયો અને પછી શા ચાલ્યા ધડાધડ ઘણના ઘા ! લોખંડની

(જુઓ પાન નં. ૨૦)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# પૂર્વગ્રહ : વૈમનસ્યનું વીષબીજ

**વ્ય**ક્તિઓના બે સમૂહો વચ્ચે વેર અને દ્વેષની ભાવના માનવ-જાતની સદીઓથી સમસ્યા રહી છે. તેથી જ દુનિયાના કોઈ ને કોઈ ભાગમાં હમેશાં સંઘર્ષો ચાલ્યા કરે છે. સંઘર્ષનું નિર્ઘૃણ રૂપ એટલે યુદ્ધ. આ વૈમનસ્યનાં મૂળ ક્યાં છે ? જવાબ છે, વ્યક્તિનું પૂર્વગ્રહયુક્ત માનસ. યુનોનું એક સૂત્ર છે : Wars begin in the minds of men. યુદ્ધની શરૂઆત સૌ પ્રથમ માનવીના મનમાં થાય છે.

'પૂર્વગ્રહ'નો અંગ્રેજી પર્યાય Prejudice મૂળ લેટિન ભાષાના શબ્દ Prejudicium પરથી ઊતરી આવ્યો છે. તેનો અર્થ છે 'પૂરતી તપાસ વિનાનો અથવા પૂર્વનિર્ધારિત અભિપ્રાય,' પરિણામે એક સામાજિક જૂથ અન્ય સામાજિક જૂથ પ્રત્યે નિષેધક મનોવલણ ધરાવે છે. ન્યુકોમ્બ પૂર્વગ્રહની વ્યાખ્યા આપતાં કહે છે કે પૂર્વગ્રહ એટલે કોઈ પણ વ્યક્તિ કે જૂથ પ્રત્યે વિચાર, લાગણી અને વર્તનની દૃષ્ટિએ વિરુદ્ધ અથવા પ્રતિકૂળ પ્રતિક્રિયા કરવાનું પૂર્વનિર્ધારિત મનોવલણ.

દક્ષિણ ભારતના વિદ્વાન પ્રો. બી. કુપ્પુસ્વામીના મતે પૂર્વગ્રહ એટલે એવું મનોવલણ જે હમેશાં આવેગાત્મક હોય અને પર્યાપ્ત પુરાવા વગર અને અનુભવ વગર અર્જિત (acquired) થયું હોય. પૂર્વગ્રહના ઉદ્‌ભવ વિશે મુખ્ય ચાર સ્પષ્ટીકરણ આપવામાં આવે છે :

**૧. પૂર્વગ્રહ શોષણમાંથી ઉદ્‌ભવે છે**

આ મત કાર્લ માર્ક્સે આપ્યો છે. જ્યારે એક જૂથ બીજા જૂથનું શોષણ કરીને કે તેમના પર દમન ગુજારીને અમુક પ્રકારના લાભ મેળવવાનો પ્રયાસ કરે છે ત્યારે પૂર્વગ્રહ ઉદ્‌ભવે છે. જેઓ સમૃદ્ધ છે અને ભૌતિક ચીજવસ્તુ કે સંપત્તિના માલિક છે, તેઓ આ વસ્તુઓથી વિહીન લોકોનું કોઈ ને કોઈ રીતે શોષણ કરીને વધુ સમૃદ્ધ બને છે. પૈસા કે સત્તાના જોરે ધનિક વર્ગ ગરીબોનું શોષણ કરતો હોઈ પરિણામ એ આવે છે કે ગરીબો અમીરોને ધિક્કારવા લાગે છે. આમ અન્યોન્ય દુર્ભાવની સ્થિતિ ઊભી થાય છે.

**૨. નિષેધક આંતરજૂથ સંબંધોમાંથી પૂર્વગ્રહ ઉદ્‌ભવે છે**

એક લક્ષ્ય માટે બે જૂથ પ્રયત્નશીલ હોય એવી પરિસ્થિતિમાં તેમના સંબંધો વિધાયક હશે તો સમાન લક્ષ્ય સિદ્ધ કરવા માટે તેઓ પરસ્પર સહકારથી વર્તશે, પરંતુ નિષેધક સંબંધો હશે તો તેમની વચ્ચે સ્પર્ધા થાય છે અને તેથી સંઘર્ષની સ્થિતિ ઊભી થાય છે. બંને જૂથ એકબીજા પ્રત્યે પૂર્વગ્રહો ધરાવવા લાગે છે.

મુઝફર શેરીફે ૧૧ વર્ષની ઉંમરના છોકરાઓનાં બે જૂથોનો કેમ્પ શહેરથી દૂરના સ્થળે રાખ્યો હતો. શરૂઆતમાં તેમની વચ્ચે અનુકૂળ વલણો અને વર્તનધોરણો વિકસવા દીધાં. પછી સ્પર્ધાની પરિસ્થિતિ ઊભી કરવામાં આવી. આ માટે દોરડાખેંચની હરીફાઈ રાખવામાં આવી. પરિણામે ધીમેધીમે હારજીતની માઠી અસર વર્તાવા લાગી. જેમજેમ એક જૂથ જીતતું ગયું, તેમ તેમ સામેનું જૂથ તેને વેરભાવથી જોવા લાગ્યું. બંને જૂથ આક્રમક બન્યાં. આમ પરસ્પરની ઘૃણાએ પૂર્વગ્રહો જન્માવ્યા.

**૩. પૂર્વગ્રહ અમુક પ્રકારના વ્યક્તિત્વ લક્ષણોમાંથી ઉદ્‌ભવે છે**

સિગ્મંડ ફ્રોઈડના મનોવિશ્લેષણ સિદ્ધાંત મુજબ ઈડ, ઈગો, સુપર ઈગો (અબોધ અહમ્, અહમ્, મહદ્ અહમ્) વચ્ચેની અવ્યવસ્થા પૂર્વગ્રહોનું કારણ બને છે. ડોલાર્ડ હતાશા - સ્થળાંતરનો સિદ્ધાંત આપે છે. જ્યારે વ્યક્તિ હતાશ થાય છે ત્યારે અન્યને જવાબદાર ગણી એને હોળીનું નાળિયેર બનાવે છે. આવી વૃત્તિ પરસ્પર તિરસ્કાર અને પૂર્વગ્રહનું કારણ બને છે. કેટલીક વ્યક્તિઓ ઢાલ તરીકે પ્રક્ષેપણ (Projection) ની બચાવ-પ્રયુક્તિનો વારંવાર આશ્રય લે છે. તે પૂર્વગ્રહ જન્માવે છે. પ્રક્ષેપણ એટલે પોતાની ત્રુટિઓનું અન્ય પર આરોપણ કરવું. એડર્નોના મત મુજબ આપખુદ વ્યક્તિત્વ ધરાવતાં માતાપિતા બાળકના ઉછેર વખતે કડક શિસ્તનો આગ્રહ રાખતાં હોય છે. પરિણામે બાળક મોટપણે બહારનાં જૂથો પ્રત્યે પૂર્વગ્રહો ધરાવતું થઈ જાય છે.

**૪. અયોગ્ય સમાજીકરણમાંથી પૂર્વગ્રહ ઉદ્‌ભવે છે**

ઋગ્વેદમાં એક શ્લોક છે : 'પિતૃપરંપરાથી અમને જે દ્વેષભાવ વારસામાં મળ્યા હોય અને અમારાથી અપરાધ થયા હોય તેમાંથી હે વરુણ, અમને મુક્ત કરો.' આમાંથી એટલું અવશ્ય ફલિત થાય છે કે વ્યક્તિ જે કુટુંબમાં અને સમાજમાં જન્મે છે, વિકસે છે તેનાં ધોરણો (Norms) ની અસર તેના પર થાય છે. અર્થાત્ વ્યક્તિના સમાજીકરણ દરમિયાન તે અમુક પૂર્વગ્રહો પણ જાણ્યેઅજાણ્યે અર્જિત કરે છે.

અમેરિકામાં વસતાં લઘુમતી જૂથોના અભ્યાસમાં જોવા મળ્યું છે કે આ લોકોમાં ૪૦ વર્ષના ગાળામાં સમાન પૂર્વગ્રહો અસ્તિત્વમાં હતા. સમાજીકરણને લીધે જ આવું બની શકે, કારણ કે બાળક માતાપિતા અને અન્ય વ્યક્તિઓનું અનુકરણ કરે છે અને તેમની સાથે તાદાત્મ્ય સાધે છે ત્યારે કેટલાક પૂર્વગ્રહો પણ તેના વ્યક્તિત્વમાં વણાઈ જાય છે.

**પૂર્વગ્રહો ઘટાડવાની રીતો**

પૂર્વગ્રહોને લીધે જૂથસંઘર્ષોનું પ્રમાણ વધે છે. આ પરિસ્થિતિ જે તે રાષ્ટ્ર માટે હાનિકારક છે. તેથી પૂર્વગ્રહો દૂર કરવા જરૂરી છે. કદાચ દૂર ન કરી શકાય તોય ઘટાડી તો શકાય જ. આ માટે પ્રો. બી. કુપ્પુસ્વામી કેટલીક રીતો સૂચવે છે -

(૧) વ્યક્તિ હતાશ કે માનસિક તણાવ-વ્યગ્રતાની સ્થિતિમાં મુકાય છે ત્યારે અન્ય જૂથો પ્રત્યે પૂર્વગ્રહો ધરાવવા લાગે છે. આ નકારાત્મક વર્તનને મનોપચારથી દૂર કરી શકાય. આગળ કહ્યું તેમ ઈડ, ઈગો અને સુપર ઈગોની અવ્યવસ્થા પૂર્વગ્રહો નોતરે છે. તેથી મનોપચાર દ્વારા વ્યક્તિને આવી મનઃસ્થિતિમાંથી મુકત કરવામાં આવે તો પૂર્વગ્રહો ઘટાડી શકાય.

(૨) વ્યક્તિ પોતે પૂર્વગ્રહ-ઉદ્‌ભવનાં કારણો સમજતી થાય તો પોતાના પૂર્વગ્રહો ઘટાડી પણ શકે. તેને આવી આંતરદૃષ્ટિની તાલીમ આપવી જોઈએ. જેમ કે, પૂર્વગ્રહનું એક કારણ, આગળ કહ્યું તેમ, બચાવ પ્રયુક્તિઓનો સહારો છે. કાટ્ઝ અને તેના સાથીઓએ એક પ્રયોગ કર્યો હતો. તેમણે બચાવપ્રયુક્તિઓ અને પૂર્વગ્રહોનો સંબંધ દર્શાવતો એક નિબંધ વ્યક્તિઓને વાંચવા આપ્યો. નિબંધમાં એક કેસ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સ્ટડી પણ હતો. પરિણામમાં જોવા મળ્યું કે નિબંધ વાંચ્યા બાદ પ્રયોગમાં શામેલ વ્યક્તિઓ પોતે અંતર્મુખ થઈ પૂર્વગ્રહોથી ઊલટી, સાચી હકીકતો સ્વીકારવા તરફ વળી.

(૩) માતાપિતાએ યોગ્ય બાળઉછેર પર ધ્યાન આપવું જોઈએ. તેઓ સત્તાધીશ બની સખતાઈનો આગ્રહ રાખે તો બાળમાનસમાં પૂર્વગ્રહો ઘર કરે એમ બની શકે, કારણ કે આવા વાતાવરણમાં બાળક બિનસલામતી અનુભવે છે, જે હતાશા ઉત્પન્ન કરે છે અને હતાશા પૂર્વગ્રહની જનની છે.

(૪) સમાજમાં જેટલી સામાજિક-આર્થિક અસમાનતા, તેટલા પૂર્વગ્રહો પણ વધારે. આ માટે બેટલહેઈમ આર્થિક અને સામાજિક વ્યવસ્થામાં સુધારણા કરવાનું સૂચવે છે. ભારતમાં આવી વિષમતા ભરપૂર જોવા મળે છે. આશાસ્પદ સરકારી નીતિઓ - યોજનાઓ થકી વર્ગીય અસમાનતા ઓછી થઈ શકે.

(૫) પૂરતી માહિતીનો અભાવ પૂર્વગ્રહનું મુખ્ય કારણ હોય છે. જરૂરી માહિતી પૂરી પાડવાથી પૂર્વગ્રહો ઘટી શકે છે. વ્યક્તિને બે રીતે માહિતી આપી શકાય - પ્રચાર દ્વારા અને શિક્ષણ દ્વારા. જનસંપર્ક માધ્યમો મારફતે પ્રચારની વિવિધ ટેકનીકો થકી લોકસમુદાયને માહિતી આપી શકાય છે. શિક્ષણ પણ માહિતી-પ્રદાનનું અસરકારક સાધન છે. તેથી જ શિક્ષિત લોકોમાં નિરક્ષર કરતાં ઓછા પૂર્વગ્રહો જોવા મળે છે. સ્ટેમ્બર કહે છે કે અશિક્ષિત લોકો પરંપરાગત માન્યતાઓને વળગી રહે છે, જ્યારે શિક્ષિત લોકો વિશાળ દૃષ્ટિ ધરાવે છે. ઉલ્લેખનીય બાબત એ છે કે માહિતી આપનાર વ્યક્તિ પોતે પૂર્વગ્રહથી ગ્રસિત ન હોવી જોઈએ. રોઝેનથેલ અને જેકબસનનો અભ્યાસ દર્શાવે છે કે જ્યારે શિક્ષક વર્ગમાં લઘુમતી જૂથની ટીકા જ કર્યા કરે છે ત્યારે સ્વાભાવિક રીતે બહુમતી જૂથના વિદ્યાર્થીઓના પૂર્વગ્રહો (લઘુમતી જૂથ પ્રત્યેના) દૃઢ બને છે.

(૬) એક જૂથના સભ્યો બીજા જૂથ સાથે પ્રત્યક્ષ સંપર્કમાં આવે તો પરસ્પરનાં સારાં પાસાં જાણવા મળે છે. પરિણામે પૂર્વગ્રહો ઘટે છે. એકૉર્ડ અને બેકમેન કહે છે કે અમેરિકામાં ગોરાઓ અશ્વેતોને પછાત માને છે, પરંતુ વ્યવસાયમાં સહકર્મચારી તરીકે જ્યારે કોઈ અશ્વેત વ્યક્તિ સારી છાપ પાડે છે ત્યારે ગોરાઓના પૂર્વસ્થાપિત ખ્યાલો બદલાય છે.

(૭) બોધનાત્મક, ભાવાત્મક અને વાર્તનિક-વ્યક્તિત્વનાં ત્રણે પાસાં વચ્ચે સુમેળ હોય તો તે સુગ્રથિત વ્યક્તિત્વ કહેવાય છે, પણ કેટલીક વાર એવું બને છે કે વ્યક્તિમાં બોધનાત્મક કક્ષાએ પૂર્વગ્રહ ન હોય, પણ વાસ્તવિક વર્તન પૂર્વગ્રહયુક્ત હોય. આવી અસંગતતા ક્રમશઃ દૂર કરવી જોઈએ. હરિજનો પ્રત્યેના પૂર્વગ્રહો દૂર કરવા ગાંધીજીએ આ માર્ગ અપનાવ્યો હતો. તેમણે સૌ પ્રથમ આશ્રમવાસીઓના પૂર્વગ્રહો બોધનાત્મક કક્ષાએથી દૂર કર્યા. જોકે પૂર્વગ્રહો સમૂળગા દૂર થયા નહોતા. એટલે ગાંધીજીએ આશ્રમવાસીઓને હરિજન સાથે જ રાખ્યા. પરિણામે આશ્રમવાસીઓના પૂર્વગ્રહો દૂર થયા. આની અસર એટલી પ્રભાવક હતી કે વ્યાપક સમાજમાંથી હરિજનો પ્રત્યેના પૂર્વગ્રહો દૂર થયા.

(૮) સમાન લક્ષ્યની પ્રાપ્તિ માટે બે જૂથો સહકારથી સહિયારા પ્રયત્નો કરે છે ત્યારે તેમની વચ્ચે પૂર્વગ્રહોની દીવાલ રહેતી નથી. બીજા શબ્દોમાં કહીએ, તો એક જૂથે બીજા જૂથ પર આધારિત રહેવું પડે તેવી પરિસ્થિતિનું નિર્માણ જરૂરી છે. જૂથોની આંતરઅધીનતા પૂર્વગ્રહો ઘટાડે છે. આગળ મુઝફર શેરીફના પ્રયોગમાં જોયું કે શિબિરની અંદર કિશોરો સ્પર્ધાત્મક આંતરક્રિયાઓમાં પ્રવૃત્ત થયા ત્યારે બે જૂથો વચ્ચે દુશ્મનાવટ ઊભી થઈ, પરંતુ સહકારની ભાવનાનું નિર્માણ થાય તેવી પરિસ્થિતિ ઊભી કરાતાં તેમનામાં સંપ-સુલેહ જોવા મળ્યાં. સમાન લક્ષ્ય સિદ્ધ કરવાના કાર્યમાં સૌ સાથે જોડાયા અને પરસ્પરના પૂર્વગ્રહો ઘટ્યા.

ફોન : ૦૨૬૫-૨૭૫૦૨૭૫ **- શાંતિલાલ ગઢિયા**

---

**આત્માને જાણીએ...** (પાન ૩નું ચાલુ)

કરવા ત્યાંથી દૂર થતી નથી, પણ એ તો બાળકની સામે બેઠી રહે છે. એનું બાળક જ્યાં સુધી ખાતું રહે છે, ત્યાં સુધી એ બાળકનું અભિધ્યાન કરે છે. તો, અભિધ્યાન એટલે સમ્મુખ ધ્યાન. ધ્યાન બે પ્રકારનાં હોય છે. એક હોય છે તટસ્થ ધ્યાન. ભગવાન તો આપણને પ્રત્યક્ષ જોઈ જ રહ્યા છે, આપણે જ કેવળ એમનું ધ્યાન કરીએ છીએ એવું નથી, એ પણ આપણું ધ્યાન કરે છે. એમની ઉપસ્થિતિમાં ધ્યાન થઈ રહ્યું છે, એવી ભાવનાથી જે ધ્યાન થશે, એ અભિધ્યાન કહેવાય. વિશ્વને બાજુ પર રાખીને, આપણાથી અલગ કરીને, તેને ટાળીને જે ધ્યાન થશે, તે 'ધ્યાન' છે. પરંતુ વિશ્વની સાથેસાથે ઈશ્વરનું ધ્યાન, એ અભિધ્યાન છે. જ્ઞાનીજન તો વિશ્વમાં જ ઈશ્વરને જોતો રહે છે. એ જે ધ્યાન કરે છે તેમાં વિશ્વ જ ઈશ્વર છે - એ પ્રકારનું ધ્યાન વિશ્વને સામે રાખીને કરે છે. એટલું જ નહીં, પણ અન્યોન્ય ધ્યાન કરે છે - એટલે કે હું એનું ધ્યાન કરી રહ્યો છું, એ મારું ધ્યાન કરી રહ્યો છે.

ચિત્તશોધન દ્વારા આત્મપ્રાપ્તિ થઈ શકે છે અને તે સિવાય સ્વતંત્ર રૂપે પણ થઈ શકે છે. પરંતુ ચિત્તશોધન દ્વારા તે સરળ રીતે થાય છે. શુદ્ધ ચિત્તમાં આત્માનું પ્રતિબિંબ સારું પડે છે.

(ક્રમશઃ) (સંકલિત)

---

**મુને ચાકર...** (પાન ૦૬નું ચાલુ)

આવે છે. હૃદય ઇચ્છે છે કે તમે અમારી વચ્ચે આવીને રહો. બાબાનો તરત જવાબ આવ્યો, ''નેપાલ જવાનું હમણાં નિશ્ચિત નથી થયું. પરંતુ મને આશ્ચર્ય થાય છે કે ક્યાંય પણ મારું જવાનું થાય તો પણ તમારી લોકોની પાસે તો હું હાજર છું જ, એનો આભાસ તમને કેમ નથી થતો ?''

આ રીતે પોતાના અભિધ્યાન અંગે જાગૃત કરવાની પ્રેરણા બાબા આપતા રહ્યા. તેના સ્પર્શનો અહેસાસ ક્યારેક ક્યારેક વ્યક્તિગત તથા સમૂહરૂપે થાય પણ છે. પરંતુ આપણે મોટેભાગે જડબુદ્ધિ છીએ, સ્થૂળ રહેવાની આપણને ટેવ છે. આજે તેમના શ્રીચરણોમાં એટલી જ પ્રાર્થના કે ગુરુહૃદય સાન્નિધ્યની પ્રતીતિ બાબા ! અમને થતી રહે.

(બ્રહ્મવિદ્યા-મંદિર, પવનાર) **- શીલાબહેન**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગીરની જાગીર

**ગીર** અને ગીરનાર નામ જુદાં પણ આજે ય તેની ગરિમા અકબંધ છે. હંમેશાં રહસ્યમય, સાધુ સંતોનું આશ્રયસ્થાન, અઘોરીઓનું - નાગાબાવાઓનું શ્રદ્ધાસ્થાન એમ એનું એક આગવું-નોખું સ્થાન છે.

લેખક દિક્પાલસિંહની દૃષ્ટિએ ગીર કેવી ? શરૂઆતમાં જ જણાવે છે કે, ''અહીં જે ગીર છે તે ગીર મેં 'જોયેલી', 'સાંભળેલી', 'અનુભવેલી' ને 'પામેલી' એવી ગીર છે. વળી મારે મન ગીર એટલે માત્ર સિંહ નહીં. ગીર એ ગુજરાતનું અલગ વ્યક્તિત્વ છે. સૌરાષ્ટ્ર અને તેના વ્યક્તિત્વ-ઘડતરમાં આ ગીરક્ષેત્રનો એક અલાયદો ને નોખો ચહેરો છે.

આવી નોખી ૧૧ અલગ અલગ પ્રકારની કથાઓ લઈને આવ્યા છે દિક્પાલસિંહભાઈ જાડેજા. આમાંની કેટલીક કથાઓ નવનીત-સમર્પણ અને અન્ય માસિકોમાં પ્રગટ થઈ ગયેલી છે. એ અમે વાંચેલી ત્યારથી જ અમે તેમના ચાહક-ભાવક બની ગયેલા ! આ પહેલાં ધ્રુવભાઈ ભટ્ટે આપણને એમની રીતે ગીરમાં ફેરવ્યા છે. કેટલાંક વ્યક્તિચિત્રોમાં આપણને એકરૂપ કરી દીધેલા. તે જ રીતે દિક્પાલસિંહ આપણી આંગળી પકડીને ગીરની સેર કરાવે છે. 'ટુરિસ્ટ'ની રીતે નહીં જ.

''એક હતું ગીર ને એક હતી શેલાર''ની કથાથી જ વાતની શરૂઆત કરીએ. તે કહે છે કે, ''જો કુંવર, હું તો ઈમ જાણું કે મું બાઈમાણા સું તે ઈ ખાલી તમારા ગામના શેરના ને હંધાય લોકના હારુ. તમને દાંત આવસે હો, પણ મું તો ખાલી એટલું જાણું કે 'હું જ આ વનં આખુંય સું' જેને જે નામઠામથી બોલાવવી હોય ઈમ બોલાવેને. મારે ક્યાં ગામના ચૂલા માંડવાના સે હેં ? અન્ હેત કરવાનાં ઠેકાણાં કાંઈ એકલા માણા થોડાં સે હેં ? આંઈ ઝાડ ને જનાવર, નદીયું ને વોંકળા, પાણા ને માણા ઈ હંધાય એક દોરે પરોવાલા મણકા સે..., દેખાય તો દેખો.'' શેલાર અંગે એક જણે કહેલું કે, ''ઘડીક આંઈ ને ઘડીક યાં. બન્ની ને ગીર, ઈ બેય ઈને બવ વહાલા. શેલારે જેને જેને હાચવ્યા ઈને કાયમી હાચવી જાણ્યા'સ. પસી ઈ માણા હોય, પાણા હોય કે જનાવરનાં જોડાં હોય.''

આ શેલારની વાતમાં ગજબનું કામણ છે. લેખકે આખીય કથા ખૂબ અંતરંગ વાતોમાં ઝબોળી છે. આ વાર્તા એમની એ જ ભાષામાં મૂકવાની ઇચ્છા છે. એમાં જે મીઠાશ છે એ વર્ણનમાં આપવી મુશ્કેલ છે. શેલાર વાત માંડે છે કે ''એક સિંહ ને બીજી સિંહણ. બેયને અંતરડે એક જ એવી હેતની ગાંઠ. સિંહનું નામ ચાંપલો ને સિંહણનું નામ રૂપાળી. (સ્થાનિક લોકો જે નામકરણ કરે છે એ પણ અદ્ભુત હોય છે. રૂપ-ગુણને ધ્યાનમાં રાખીને થાય છે. આપણી જેમ નહીં, નામ બડે ઔર દર્શન ખોટે)

સિંહના અંદરના બે પગ વળેલા (ચાંપલા) તેથી એ નામ રાખ્યું, જ્યારે સિંહણ રૂપાળી હતી તેથી એ નામ રાખ્યું. બંનેમાં પરસ્પર હેત-પ્રીત ઘણી. એક વખત એક પાડાનું મારણ કર્યું. જમીન પર નહીં પણ ભેખડ પર પાડો ખાવો હતો. સિંહે પાડાને પકડીને ઊંચે ભેખડ તરફ ફંગોળ્યો. ત્રણ ચાર વાર પ્રયત્ન કર્યો પણ ભેખડ ઉપર પાડો પહોંચાડી ન શક્યો. ઉપર રૂપાળી સિંહણ ઊભી હતી. તે નીચે આવી. સિંહને માથે વ્હાલ કરી, ધીરજ બંધાવી તેમ છતાં સિંહ ફરીથી પાડાને ભેખડ ઉપર નાંખી શક્યો નહીં. રૂપાળીએ (સિંહણ) હિંમત એકઠી કરી એક જ ધડાકે પાડાને ભેખડે પહોંચાડ્યો. ચાંપલો સિંહ જોતો રહી ગયો. તે ખિજાયો. એનું સ્વમાન ઘવાયું. પાડાને નીચે ફેંકી દીધો. રૂપાળીને કેડેથી પકડીને પછાડી. રૂપાળીના રામ રમી ગયા. હેતાળ-પ્રેમી સિંહ-સિંહણ જુદાં પડ્યાં. વચ્ચે આડો આવ્યો સિંહનો અહંકાર - પુરુષનો અહંકાર. હું ન કરી શકું તે તું કઈ રીતે કરી શકે ?

જે વાત આપણી પુરુષપ્રધાન સંસ્કૃતિમાં દેખાય છે એ જ પશુ-સૃષ્ટિમાં પણ આવા પ્રસંગોથી વર્તાઈ આવે છે. હજી પક્ષીઓની વાતની તો આપણને ખબર જ નથી. શેલાર છેલ્લે કહે છે, ''તે લ્યો કુંવર! આવી આ નરની જાય્ત. આદમી હોય કે જનાવર, હેતના દેનારાનું મોલ(મૂલ્ય) આ મુછાળા કંયેય પારખી હયકા નથી. પસીં ઓલી એ દ્રૌપદી હોય, સીતા હોય કે ગઈરની આવડી આ રૂપાળી સિંહણ હોય. માદા ઈ માદા ને નર ઈ નર. જાય્ત અંતે તો ખૂટલ નસીબની હો. ઈને હેત પારખતાં કેમે'ય આવડે નંઈ. ઈ કાયમના કાં તુખમ (વીર્ય)ના ને કાં અહમ્‌ના ભૂયખા.'' શેલારના જીવનની પણ આગવી - નોખી કથા છે. એ તો પુસ્તકમાં જ વાંચવી પડે.

'ગીરનું ઘરેણું' પ્રકરણમાં લેખક લખે છે કે ''ગીર ગજબ છે. અહીં જેટલાં મોઢાં એટલી એની વાતો. એ પણ એવી મર્માળી કે કહેનાર પોતાનું પેટ સંકોરીને એની વાતે-વાતનો, કણે-કણનો કસ કાઢી જાણે. વળી આ કહેનારાની ગીર ને જોનારાની ગીર કરતાં તો સાવેય અલગ. આપણે બધાં આંખ્યે દેખ્યું સાચું માની લઈએ એવાં, શહેરી સભ્યતાના અડિયા જેવાં, ને આ બધાં ઝીણી નજરે જુઓ તો આપણાથી સાવેય અલગ, એટલે કે ગીરની કથા માંડનારા લોકોને મન તો, ગીર એટલે જીવન આખાયને સુણવા-સાંભળવા ને સમજવાની જીવતી-જાગતી પોથી જાણે.

આ પોથીમાંથી બીજી એક સિંહ-ભગતની વાત જાણીએ. આ ભગત કોઈ દિવસ માદા - નાના બચ્ચાંનું મારણ ન કરે. માલધારીના ધણનાં એકલસૂરાં વાછરડાં-વાછરડી એના પડખામાં ગેલ કરતાં હોય. લોકો કહેતા આ કોઈ દૈવી અવતાર છે. તે સમયે ગીરમાં જીવણો નામનો માલધારી પોતાની પત્ની સાથે નાનકડો સંસાર લઈ રહેતો હતો. દિવસે તે ભેંસો ચરાવવા જાય અને પત્ની ઘરનું કામ સંભાળે. ભગત (સાવજ) સામે બેસી આ બાઈની રખેવાળી કરે. એક દિવસ જંગલમાંથી દીપડો આવી આ માલધારીના વાછડા મારી ખાધા. તે સમયે ભગત સાવજ નહોતો. માલધારી આવ્યો ને જોયું કે આ જે બન્યું છે તે આ ભગતે જ કર્યું છે. પત્ની ખૂબ સમજાવે કે ભગતે નથી કર્યું પણ માલધારી માને જ નહીં. ભગતને ખૂબ જ કડવાં વેંણ કહ્યાં - ભગત થઈને જ મારાં વાછરડાં માર્યાં, વગેરે. માલધારી નેસ છોડીને જતો રહ્યો. ખાસ્સો



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સમય ગીરથી દૂર રહ્યા. વરસો પછી આવ્યા. ગોઠવાયા પછી તપાસ આદરી કે પેલો ભગત (સિંહ) રહેતો હતો તે ક્યાં ? તો કોઈકે કહ્યું કે તમે ખૂબ ગુસ્સે થયેલા અને ન કહેવાનાં વેણ કહ્યાં એટલે માઠું લાગવાથી ભૂખ્યો-તરસ્યો રહ્યો. મરી ગયો. આપણે ઝટ આવી વાતો માની ન શકીએ.

લેખક લખે છે, ''તમારે જો અસ્સલ ગીર પામવી હોય તો કાન પહોળા કરીને એના લોકોની બસ વાત્યું સાંભળજો. ગીર પોતે દિશાઓના કાન બહેરા કરી દે એવી સિંહણની ત્રાડ જેવી છે. અમે તો માત્ર એમના શબ્દો દ્વારા જ આ ગીરની વાત કરી છે. એમાં આપણી રીતે કહેવા જઈએ તો અસ્સલતાને બદલે નકલી લાગે અને તે તરત જ પરખાઈ આવે. ભાષા - શબ્દો - તેનો લહેકો એ આ કથાની વિશેષતા છે એટલે એ એમના થકી વધારે બોલકી બને છે. હૃદયને સ્પર્શી જાય છે.

એક વાતમાં આપણે સિંહનો અહંકાર જોયો, બીજી વાતમાં સંવેદના - પ્રેમાળતા-માનવતાનો મહિમા જોયો હવે ત્રીજી વાત સાંભળવા જેવી, સમજવા જેવી છે અને તે છે સ્ત્રી-દાક્ષિણ્ય.

''ઈ ટાણે આ ગઈરમાં ઓલા મેલિયો ને તેલિયોની રાડ બવ.'' આપણે ગીરની મુલાકાતે જઈએ તો આવી ઝીણી ઝીણી ઝીણી વાતો આપણી નજરે ન ચડે. જુઓ, એ માલધારીઓ સિંહનાં નામો પણ કેવાં પાડે છે ! ''મેલિયો ને તેલિયો. મેલિયાનાં લક્ષણ બધાં રાક્ષસ જેવાં ને તેલિયો સજ્જન-ભગત જેવો. મેલિયાનો રંગ બીડીની બળેલી બજર જેવા રંગનો. ઈની ચામડીએ કાળી ઝાંય પડતી એટલે માલધારિયુંએ ઈનું નામ મેલિયો પાડેલું. વળી પાછા લખણનો'ય મેલો. કાળાં કામો કરનારો એટલેય ઈને હંધાય મેલિયો કે'તા. પણ તેલિયો મારો બેટો ભગતનો જીવ હો. ઈની રુવાંટી સોના જેવી પીળી ને તેલની ધાર જેવી ચમકતી હતી તે ઈનું નામ હંધાયે તેલિયો પાડેલું.

''હાવજની જાઈત (જાત) એટલે શિકાર પાડ્યા વિના કાંય હાલે એમ નો'તું, નંઈતર ઈ તેલિયો વા ખાઈને દિ' કાઢે એવો હુંવાળો (સુંવાળો) હુતો બા. નેહડાનાં ઢોરું માથે મેલિયો તરાપ નાખે પણ આ તેલિયો ઈની આખી જિંદગીમાં માલધારીના ઢોરને કોઈ દિ' હૂંઘ્યોય નથ્થ.' આઠ-આઠ દિ'ની લાંઘણ્યું (ભૂખે રહેવું) લેતો હોય પણ ભગત ઈ ભગત. વંનનાં છૂટાં પહુડાં ને ખીંપા જેવા દાંતવરા ઓલ્યા હૂરકા (સૂવર) ઈનો શિકાર કરી આ ભગતડો પેટ ભરે. દરબારું તમને મોળી (મારી) વાય્તનો વિશ્વાસ નંઈ બેહે ને વળી કે'સો કે ગઢવાએ વાય્તમાં મોણ ઘાલ્યું પઈણ ઈ તેલિયો ભગત પહુડાં ને હૂરકાની માદા માથેય તરાપ નો કરતો લ્યો ! કોણ જાણ્યે પણ તેલિયાને માદા ને માવડિયુંની કાંક બાઈસ (વાસ) આવી જાતી હોય કે કિમ પણ માદાયું શિકાર કરવા ઈને જાણે પાપ લાગતું હોય ઈમ ભૂયખો રઈલે.''

આવી આવી તો કંઈ કથાઓ ભરી છે આ ગીરમાં. કોઈ કહેનાર અને તેવો જ રસભરી રીતે સાંભળનારો હોય તો રાતોની રાતો વાતો ખૂટે નહીં. ''આ દુનિયામાં કથાઓનું ગાભા-પોટલું સે ભાઈ. ઈ પોટલાની બે ઝીણી ગાંઠ આમ અવળી ખોલો ને ત્રણ જાડી ગાંઠ આમ હવળી (સવળી) ખોલો એટલે ઓલ્યા બાજરાના બાચકાના દાણા વેરાયને, એમ હંધીય કથાયુંના લીલોતરા દાણા છૂટા પટમાં ભરભર વેરાવા માંડે હો. અન્ જે પંખીડાને ઈવડા ઈ દાણા ચણતા આવડેને, ઈવડા ઈ જ આ પરથમીના વંનના હંભરાય (સંભળાય) એવા લીલા ટઉકા (ટહુકા) કરે'સ ભાઈ.''

આવી અલગારી રખડપટ્ટી થકી આપણને દિક્પાલસિંહ કથાઓ આપતા રહે. ખૂબ ખૂબ અભિનંદન. તમારી ગીર પ્રત્યેની પ્રીત્યુને સો સો સલામ.

**- ભદ્રા-વિક્રમ સવાઈ**

પ્રાપ્તિ સ્થાન : નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦૦૦૯. ફોન : ૦૭૯-૨૭૫૪૦૬૩૫, ૨૭૫૪૨૬૩૪

---

**પઢો પોપટ...** (પાન ૧૬નું ચાલુ)

સાંકળ તૈયાર થઈ અને પંખીની પાંખ પણ કપાઈ.

રાજાનાં સગાંસંબંધી મોઢું વકાસી માથું હલાવતાં બોલ્યાં, 'આ રાજ્યમાં પંખીઓને કેવળ અક્કલ નથી એટલું જ નહીં, પણ કૃતજ્ઞતા પણ નથી.'

પંખી મરી ગયું. ક્યારે, તે પણ કોઈના ધ્યાનમાં આવ્યું નહીં. કમબખ્ત નિંદકોએ માત્ર બુમરાણ મચાવ્યું, 'પંખી મરી ગયું !'

ભાણેજને બોલાવી રાજાસાહેબે પૂછ્યું, 'ભાણેજ, આ શું સાંભળું છું ?'

ભાણેજ કહે, 'મહારાજ, પંખીનું શિક્ષણ પૂરું થયું.'

રાજાએ પૂછ્યું, 'ત્યારે હવે એ કૂદકા મારે છે કે ?'

ભાણેજ કહે, 'ના રે.'

'ઊડે છે ને ?'

'અહં.'

'ગાતું હશે ત્યારે.'

'અહં.'

'દાણા ન મળે એટલે બુમરાણ કરે છે ?'

'અહં.'

રાજા બોલ્યા, 'એક વાર પંખીને મારી સામે લઈ આવો જોઈએ.'

પંખી આવ્યું, સાથે આવ્યો કોટવાલ, આવ્યા સિપાઈ પ્યાદા. આવ્યું ઘોડાદળ, પાયદળ, રાજાએ પંખીને દબાવી જોયું. એણે ચૂં કે ચાં ન કરી. માત્ર એના પેટમાંનાં પોથીનાં કોરાં પાનાં ખસખસ અવાજ કરવા લાગ્યા.

બહાર નવવસંતના મલયસમીરે કૂંપળના દીર્ઘ નિશ્વાસે મુકુલિત વનમાં ચોમેર વ્યાકુળતા ફેલાવી દીધી.

('રવીન્દ્ર-સૌરભ') 'અકાલ પુરુષ'માંથી સાભાર **- રવીન્દ્રનાથ ટાગોર**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# વસ્તી ગણતરીના ૩૪ સવાલોમાં ભારત દર્શન

૨૦૨૬નું વર્ષ સેન્સસ કે વસ્તી ગણતરીનું વર્ષ છે. છેલ્લે ૨૦૧૧માં વસ્તી ગણતરી થઈ હતી. ત્યારબાદ પંદર વર્ષ બાદ આ પ્રક્રિયા દેશભરમાં થઈ રહી છે. તેના પ્રથમ ચરણમાં મકાન સૂચિકરણ અને મકાનોની ગણતરી (House listing) ૧ થી ૩૦ જૂન સુધી થશે અને એ અર્થે તમારા ઘરની મુલાકાત લેવામાં આવતી હશે, આવશે. વસ્તી ગણતરીને ભારત સરકારે વિકાસ સાથે સાંકળી છે એટલે સૂત્ર છે 'આપણી જનગણના આપણો વિકાસ'. વસ્તી ગણતરીની આંકડાકીય માહિતી ભાવિ વિકાસ માટે વપરાશે પણ એ માહિતી દેશમાં કેટલો અને કેવો વિકાસ થયો તેનું દર્પણ પણ બની રહેશે. એ દર્પણ કેવી રીતે બનશે એ વિશે વાત કરીએ.

પ્રથમ ચરણમાં થઈ રહેલી મકાનોની ગણતરીમાં કુલ ૩૪ સવાલોનો સમાવેશ થયો છે. જે કુલ ચાર વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે (૧) મકાન વિષયક જાણકારી (૨) કૌટુંબિક માહિતી (૩) સગવડતા (૪) મિલક્તો. એ તમામ માહિતી સંપૂર્ણપણે ગુપ્ત અને સુરક્ષિત રહેશે. આ પ્રકારની માહિતી ભૂતકાળમાં તમામ સેન્સસમાં પૂછવામાં આવી છે પણ વર્ષ ૧૯૩૧ પછી જાતિ આધારિત ગણતરી કરવામાં આવી ન હતી. પણ આ વખતે ૧૩મા સવાલમાં જાતિ (Caste Category) પૂછવામાં આવી છે. જેમ કે સામાન્ય / અનુસૂચિત જાતિ / અનુસૂચિત જનજાતિ / અન્ય પછાત વર્ગ. આ માહિતી જ્યારે વર્ગીકૃત થશે ત્યારે ખાસ કરીને દેશમાં અન્ય પછાત વર્ગના અર્થાત્ સામાજિક અને શૈક્ષણિક રીતે કેટલાં કુટુંબો છે અને તેમની કુલ વસ્તી કેટલી છે તેનો વાસ્તવિક આંકડો મળશે. એવી જ રીતે અન્ય સમૂહો વિશે જાણી શકાશે.

ઘર ઘરની વિવિધ માહિતી દેશમાં લોકોની સ્થિતિ કેવી છે તેનો સ્પષ્ટ ખ્યાલ આપશે. જેમ કે ૧૫મો સવાલ છે 'ઘરમાં રૂમની સંખ્યા': ૧/૨/૩/૪/૪ કે તેથી વધુ. આ સવાલ ૨૦૧૧ ની વસ્તી ગણતરીમાં પુછાયો હતો. એ માહિતી પ્રમાણે એ સમયે દેશમાં ૧ રૂમમાં ૩૭.૧ ટકા, ૨ રૂમમાં ૩૧.૭ ટકા, ૩ રૂમમાં ૧૪.૫ ટકા, ૪ રૂમમાં ૭.૫ ટકા, ૫ રૂમમાં ૨.૬ ટકા અને ૬ રૂમ કે તેથી વધુ રૂમમાં ૨.૮ ટકા કુટુંબો રહેતાં હતાં. હવે ૨૦૨૬ પ્રમાણે આ સ્થિતિમાં કેવો ફેરફાર આવ્યો છે તે ઉપરાંત કેટલા ટકા લોકો પાસે માલિકીનું ઘર છે તેનો ખ્યાલ આવશે અને આ માહિતીને આધારે વિકાસનાં ફળ કોને કેટલાં પહોંચ્યાં તેનો પણ ખ્યાલ આવશે. વળી એ પણ જાણી શકાશે કે કાચાં ઘરોમાં અને પાકાં ઘરોમાં રહેનારાં કુટુંબોનું પ્રમાણ કેટલું છે. વળી આ મુદ્દે ગ્રામીણ અને શહેરી તેમજ આંતર રાજ્ય તુલના થઈ શકશે. ૨૪ મો સવાલ રસોડાં અને ગેસ કનેક્શનનો છે. આ માહિતી સ્પષ્ટ કરશે કે કેટલાં કુટુંબો પાસે અલાયદું રસોડું છે અને છે તો બળતણ માટે ગેસની સુવિધા છે કે નહીં.

સવાલ ક્રમાંક ૧૦.૧૧ અને ૧૨ કુટુંબ વિશે છે. કુટુંબના કુલ સભ્યોની સંખ્યા પૂછવામાં આવી છે. ૨૦૧૧ ની ગણતરી પ્રમાણે દેશમાં કુટુંબની સરેરાશ સભ્ય સંખ્યા ૪.૮૫ હતી. ઘટતા વસ્તી પ્રમાણ અને સ્થળાંતરની અસરો કેવી થઈ તેની જાણ ૨૦૨૬ની વર્ગીકૃત માહિતીને આધારે સમજાશે. જો આ માહિતીનું જાતિ પ્રમાણે વિશ્લેષણ કરવામાં આવશે તો જાતિ / ધર્મ પ્રમાણે કુટુંબનું કદ કેટલું છે એ ખબર પડશે. ૧૬મો સવાલ એક મહત્ત્વનો સવાલ છે. પરિણીત યુગલોની સંખ્યા ૧/ ૨/૩. આ માહિતી દેશમાં સંયુક્ત અને વિભક્ત કુટુંબોનું પ્રમાણ કેટલું છે તે દર્શાવશે અને કુટુંબ જીવનમાં આવતાં પરિવર્તનો તરફ ધ્યાન દોરશે. બીજો એક મહત્ત્વનો સવાલ છે કુટુંબના વડાનું લિંગ : પુરુષ/સ્ત્રી/ અન્ય. તે દ્વારા બે મહત્ત્વની સામાજિક વાસ્તવિકતા છતી થશે. કેમ કે કેટલાં કુટુંબોના વડા તરીકે સ્ત્રીઓ છે અને અન્યો છે. સામાન્ય રીતે પુરુષપ્રધાન સમાજમાં કુટુંબના વડા તરીકે પુરુષને જ માનવામાં આવે છે. પણ ૨૦૧૧ ની ગણતરી પ્રમાણે ૧૨ ટકા કુટુંબોનું વડપણ સ્ત્રીઓના હાથમાં હતું.

પીવાના પાણીની વ્યવસ્થા માટે ૧૮મો સવાલ છે. પીવાના પાણીનો સ્રોત : કોર્પોરેશન નળ (ટેપ વોટર), બોરવેલ કે હેન્ડપમ્પ, ટેન્કર દ્વારા, કૂવો. વળી એ સગવડ ક્યાં છે એ જાણવા છે સવાલ ૧૮ : ઘરની અંદર જ/ બિલ્ડિંગના આંગણામાં / બિલ્ડિંગની બહાર (દૂર). અર્થાત્ સરકારની પીવાના પાણીની વ્યવસ્થા ક્યાં કેવી પહોંચી છે તે સ્પષ્ટ થશે. સરકારે ખર્ચેલા પૈસાથી પાણી મળ્યું કે પૈસાનું પાણી થઈ ગયું ? 'હર ઘર જલ' યોજનાનું મૂલ્યાંકન પણ થશે. એ જ રીતે શૌચાલય અભિયાનની સફળતાનો ખ્યાલ પણ આવશે. કેટલાં ઘરોમાં શૌચાલય છે એ જાણી શકાશે. એ જ રીતે અલાયદું બાથરૂમ કેટલા પરિવારો પાસે છે તે પણ સમજાશે.

હવે તો દેશમાં ઇન્ટરનેટની નવાઈ નથી પણ ખરેખર કેટલાં ઘરોમાં આ સુવિધા છે તેની સમજ ૨૮ મા સવાલના વર્ગીકરણ પછી આવશે. એ જ રીતે લેપટોપ કોમ્પ્યુટરની સુવિધા કેટલાં ઘરોમાં છે તેમજ ટેલિફોન, મોબાઈલ, સ્માર્ટફોન કોણ ધરાવે છે એ માહિતી પણ મળશે. બ્રોડબેન્ડ ક્યાં પહોંચ્યું છે એ પણ સ્પષ્ટ થશે. ગામ હોય કે શહેર સર્વત્ર વાહનો ઉભરાય છે. ટ્રાફિકની સમસ્યા પણ વકરી છે. કોની પાસે સાયકલ, ટૂ વ્હીલર, કાર, જીપ, વાન છે તેનો ખ્યાલ આવશે. સવાલ ૩૦ થી ૩૨ માં પુછાયેલા સવાલોને આધારે સાયકલ હવે કોણ વાપરે છે તે પણ સમજાશે.

તમામ સવાલોની માહિતી જો જાતિ પ્રમાણે સરકાર વર્ગીકૃત કરશે તો જુદી જુદી જાતિઓમાં કેટલો વિકાસ થયો, જીવનશૈલી કેવી છે તેનો જમીની ખ્યાલ આવશે. સાથે સામૂહિક રીતે કઈ કઈ જાતિઓએ પ્રગતિ કરી તેનું માપ નીકળશે.

(ફૂલછાબ બુધવાર પૂર્તિમાંથી સાભાર) **- ગૌરાંગ જાની**

## શ્રદ્ધાંજલિ

સર્વોદયપ્રેમી, ભૂદાનયાત્રી એવાં પદ્માબહેન ભાવસારનું ૯૬ વર્ષની જયેષ્ઠ વયે તારીખ ૧૧.૬.૨૦૨૬ના રોજ અવસાન થયું છે. સદ્ગતને સર્વોદય પરિવારની ભાવભીની શ્રદ્ધાંજલિ. મુ. પદ્માબહેન વિશેનો લેખ તા. ૧૬.૨.૨૦૨૬ના ભૂમિપુત્રમાં વાંચવા સુજ્ઞવાચકોને વિનંતિ છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ઘોડિયાથી શરૂ થતું રાષ્ટ્ર ઘડતર : 'માબાપોને' પુસ્તકની અવિનાશી ચેતના

**ભા**રત આજે વિશ્વની સૌથી યુવા પ્રજાવાળો દેશ છે. આપણે નવી શિક્ષણ નીતિ, કૃત્રિમ બુદ્ધિમત્તા(AI) , ડિજિટલ ક્રાંતિ અને વૈશ્વિક સ્પર્ધાની વાતો કરીએ છીએ. પરંતુ એક મૂળભૂત પ્રશ્ન હજુ પણ આપણી સામે ઊભો છે - શું આપણે બાળકને સમજવાનું શીખ્યા છીએ? આ પ્રશ્નનો જવાબ શોધવા માટે લગભગ બાણુ વર્ષ પાછળ જવું પડે, જ્યાં ગુજરાતના મહાન શિક્ષણચિંતક ગિજુભાઈ બધેકાએ ૧૯૩૪માં લખેલું પુસ્તક 'માબાપોને' આજે પણ દીવાદાંડીની જેમ માર્ગદર્શન આપે છે.




આ પુસ્તક માત્ર બાળઉછેર અંગેની સલાહોનો સંગ્રહ નથી; તે તો સમાજના ભવિષ્યને ઘડનારાં માતા-પિતાઓ માટેનું એક નૈતિક ઘોષણાપત્ર છે. ગિજુભાઈનો સૌથી મોટો ફાળો એ હતો કે તેમણે બાળકને એક 'નાનો માણસ' નહીં, પરંતુ 'પૂર્ણ મનુષ્ય' તરીકે જોવાની દૃષ્ટિ આપી. તેમનું પ્રસિદ્ધ વાક્ય- ''બીજમાં વૃક્ષ છે, ફૂલો ને ફળો છે; તેમ બાળકમાં સંપૂર્ણ મનુષ્ય છે'' -આ માત્ર સાહિત્યિક અભિવ્યક્તિ નથી, પરંતુ સમગ્ર શિક્ષણશાસ્ત્રનો આધારસ્તંભ છે. બાળક ભવિષ્યનું સાધન નથી; તે વર્તમાનનું જીવંત સત્ય છે.

## બાળકની ભૂલ નહીં, ઉછેરની ખામી

આપણો સમાજ આજે પણ બાળકોને આજ્ઞાપાલન, ગુણપત્રક અને સ્પર્ધાના માપદંડથી જ તોલે છે. બાળકની ઉત્સુકતા કરતાં તેની શાંતિને વધુ મહત્ત્વ અપાય છે. પ્રશ્ન પૂછતા બાળકને 'તોફાની' અને ભૂલ કરનારને 'નાલાયક' ઠેરવવાની માનસિકતા હજુ પણ અનેક ઘરોમાં એવી ને એવી જીવંત છે.

ગિજુભાઈ આ માનસિકતાને પડકારે છે. તેઓ કહે છે કે બાળકમાં રહેલી ઘણી કહેવાતી 'ખામીઓ' ખરેખર તેના સ્વભાવની સમસ્યા નહીં, પરંતુ આપણા ઉછેરની મર્યાદાઓનું પ્રતિબિંબ છે. જ્યારે ઘરમાં ભય, તુલના અને દબાણનું વાતાવરણ હોય ત્યારે બાળકનો આત્મવિશ્વાસ ધીમે ધીમે ક્ષીણ થવા લાગે છે. આજે વધતી જતી માનસિક આરોગ્યની સમસ્યાઓ, પરીક્ષાના તણાવ અને બાળકોમાં વધતી એકલતા અંગે વિચારીએ તો ગિજુભાઈની ચેતવણી વધુ પ્રાસંગિક લાગે છે.

## સગવડ અને સંસ્કાર વચ્ચેનો તફાવત

'માબાપોને' પુસ્તકનું એક અત્યંત મહત્ત્વપૂર્ણ પ્રકરણ શ્રીમંત પરિવારોને સંબોધે છે. ગિજુભાઈ સૂચવે છે કે સંપત્તિ અને સગવડો હંમેશાં સુખદ ઉછેરની ખાતરી આપતાં નથી.

આજના સમયમાં આ વિચાર વધુ અર્થપૂર્ણ બને છે. બાળકો પાસે મોંઘાં મોબાઇલ, ટેબ્લેટ અને રમકડાં છે, પરંતુ ઘણી વખત માતા-પિતાનો સમય, સંવાદ અને સ્નેહનો અભાવ જોવા મળે છે. ભૌતિક સુવિધાઓ બાળકને આરામ આપી શકે, પરંતુ વ્યક્તિત્વનું ઘડતર તો પ્રેમ, વિશ્વાસ અને સહભાગિતાથી જ થાય છે. બાળકને વસ્તુઓ આપવી સરળ છે; પોતાનો સમય આપવો મુશ્કેલ છે. અને ગિજુભાઈ આપણને યાદ અપાવે છે કે બાળકને સૌથી વધુ જરૂર વસ્તુઓની નહીં, સંબંધોની છે.

## ઘર : પ્રથમ અને સૌથી મોટી શાળા

ગિજુભાઈની દૃષ્ટિએ ઘર માત્ર રહેઠાણ નથી ; તે બાળકની પ્રથમ શાળા હોય છે. માતા-પિતા તેના પ્રથમ શિક્ષક હોય છે. તેઓ સ્પષ્ટ લખે છે કે જો સમાજને બદલવો હોય તો શરૂઆત ઘોડિયાથી કરવી પડશે.

આ વિચાર આજે પણ એટલો જ સચોટ છે. શાળા જ્ઞાન આપી શકે છે, પરંતુ મૂલ્યો, સંવેદના, કરુણા અને માનવતા ઘરમાં જ વિકસે છે. બાળક જે જુએ છે, તે જ શીખે છે. તેથી માતા-પિતાનું વર્તન કોઈ પણ પાઠ્યપુસ્તક કરતાં વધુ અસરકારક શિક્ષણ બની રહે છે.

## 'માબાપોને' : ૯૨ વર્ષ પછી પણ કેમ જીવંત છે ?

સમય બદલાયો છે, ટેક્નોલોજી બદલાઈ છે, જીવનશૈલી બદલાઈ છે પરંતુ બાળકનું મન બદલાયું નથી. તેને આજે પણ પ્રેમ જોઈએ છે, સ્વીકાર જોઈએ છે, સમજ જોઈએ છે અને પોતાની રીતે વિકસવાની તક જોઈએ છે.

એટલા માટે જ ૧૯૩૪માં લખાયેલું આ પુસ્તક ૨૦૨૬માં પણ એટલું જ તાજાતરીન લાગે છે. તેની લોકપ્રિયતાનું રહસ્ય એ છે કે તે કોઈ સિદ્ધાંતનો ભાર નથી મૂકતું; તે માણસાઈની સરળ અને શાશ્વત ભાષામાં વાત કરે છે.

કોઈ પણ દેશની પ્રગતિ તેના રસ્તાઓ, ઇમારતો કે ટેક્નોલોજીથી નહીં, પરંતુ તેનાં બાળકોના સ્વભાવ અને સંસ્કારોથી માપવામાં આવે છે. અને બાળકોના સંસ્કારનો પાયો ઘરમાં જ નખાતો હોય છે.

ગિજુભાઈ બધેકાનું આ પુસ્તક આપણને એક અગત્યની વાતની યાદ અપાવે છે - બાળકને ઘડવું એટલે ભવિષ્યને ઘડવું. બાળકને સમજવું એટલે માનવતાને સમજવી. આજે જ્યારે આપણે ઉત્તમ સમાજ અને ઉજ્જ્વળ ભારતનું સ્વપ્ન જોઈએ છીએ, ત્યારે કદાચ ફરી એક વાર ગિજુભાઈના શબ્દો સાંભળવાની જરૂર છે :

## ''પ્રજા આખી ઘોડિયામાં જ ઘડાય છે''

જો આ વાક્યમાં વિશ્વાસ હોય, તો દેશના વિકાસની શરૂઆત સંસદથી નહીં, પરંતુ દરેક ઘરના ઘોડિયાથી થવી જોઈએ. ત્યાં પ્રેમનો દીવો પ્રગટશે, તો જ આવતીકાલનું ભારત સાચા અર્થમાં પ્રકાશિત થશે.

- હિદાયત પરમાર




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

## નિષ્કર્ષ....

(પાન ૦૭નું ચાલુ)

આધારિત છે. તે એક એવી સ્થિતિ છે, જેમાં. બધા પછાત વર્ગ આગળ વધે છે અને વિશ્વ માનવતાના સ્વપ્નને સાકાર કરે છે. તેમાં રાષ્ટ્રનો આધ્યાત્મિક વિકાસ થાય છે. અને આધ્યાત્મિક માનવતાની સ્થાપના થાય છે.

અંતે આપણે નિષ્કર્ષ રૂપે એમ કહી શકીએ કે ગાંધીજી અને શ્રીઅરવિંદે જે સમાજનું ચિત્ર રજૂ કર્યું છે, તે આદર્શ છે અને જો એવા સમાજની સ્થાપના આ પૃથ્વી પર થાય તો સ્વર્ગીય જીવનના આનંદને પ્રાપ્ત કરી શકાય છે. જોકે વર્તમાન પરિસ્થિતિઓને જોતાં આવું શક્ય બનવું મુશ્કેલ જણાય છે, કેમ કે આજે ભૌતિકતાનો યુગ છે અને દરેક વ્યક્તિ પોતાના સુખ માટે પરેશાન છે. એ સમાજના કલ્યાણની ચિંતા નથી કરતા. એમાં આદર્શ અને માનવતાના કલ્યાણની વાતો બિનપાયાદાર જણાય છે. પરંતુ, જે રીતે આજે સમાજ પતનની ખાઈમાં જઈ પડ્યો છે અને માનવતા લુપ્ત થતી જઈ રહી છે, એવી સ્થિતિમાં આપણને ગાંધીજી અને શ્રીઅરવિંદના વિચારોની ખૂબ જ જરૂર છે. તેના આધાર પર હિંસા અને યુદ્ધના ભયને પૂર્ણ કરી શકાય છે, શોષણનો અંત આવી શકે છે, સામાજિક-આર્થિક સમાનતાની સ્થાપના થઈ શકે છે. માનવીની સ્વતંત્રતા અને સ્વાધીનતાનો વિકાસ થઈ શકે છે.

ગાંધીજી અને શ્રીઅરવિંદનો સમાજ એકરાષ્ટ્રના સર્વાંગી વિકાસનો દાર્શનિક આધાર રજૂ કરે છે, જેનાથી પ્રત્યેક વ્યક્તિ સમસ્ત માનવતાના વિકાસમાં પોતાનું યોગદાન આપી શકે છે. એક એવા સમાજનું નિર્માણ થઈ શકે છે, જેમાં કોઈ પણ વર્ગનું શોષણ નહીં થાય, બલકે દરેક વ્યક્તિને પૂર્ણ સ્વતંત્રતા મળશે અને રાષ્ટ્રનો સર્વાંગી વિકાસ થશે. આર્થિક ક્ષેત્રમાં આ વ્યવસ્થા એક એવી સ્થિતિ લાવે છે, જેમાં પ્રત્યેક વ્યક્તિને એની પ્રકૃતિ અનુસાર કામ મળે અને બધાને તેની જરૂરિયાત પ્રમાણે મળે. ગાંધીજી અને શ્રીઅરવિંદ માનવીના ઉજ્જ્વળ ભવિષ્યમાં શ્રદ્ધા રાખે છે અને તેમનો આધ્યાત્મિક વિકાસ જ તેઓનું લક્ષ્ય છે.

આજના જટિલ યુગમાં આદર્શની પૂર્ણ પ્રાપ્તિ ભલે શક્ય ન હોય, એની પ્રાપ્તિને માટે પ્રયાસ અવશ્ય કરી શકાય છે. ભારત જેવા એક વિકાસશીલ દેશની સામાજિક અને આર્થિક સમસ્યાઓના ઉકેલ માટે આ વિચારકોના વિચારોનું ઘણું મહત્ત્વ છે. યંત્રોનો વધારે ઉપયોગ એક મોટી વસ્તી ધરાવતા દેશમાં બેકારી જ પેદા કરે છે. આ માટે જ ગાંધીજીએ કુટિર ઉદ્યોગોની સ્થાપના ઉપર ભાર મૂક્યો અને યંત્રના અમર્યાદ ઉપયોગનો વિરોધ કર્યો હતો. કેન્દ્રીકરણનાં જોખમો જાણતા હોવાને લીધે જ આ બંને વિચારકો વિકેન્દ્રીકરણના સમર્થક હતા. આ મહાન વિચારકોના વિચારો અને શિક્ષણને ભૂલી જવાને કારણે જ વિશ્વમાં સાંપ્રદાયિકતા અને અરાજકતા વગેરેની સમસ્યાઓ સર્જાય છે. રાષ્ટ્રીયતા અને ઉત્કટ દેશ-પ્રેમની પ્રેરણા આપણને આ વિચારકો પાસેથી મળે છે. તેમના આધ્યાત્મિક સમાજનો થોડો પણ હિસ્સો આ પૃથ્વી પર લાવી શકીએ તો સમસ્ત માનવતાનું ઉત્થાન થઈ શકે છે અને માનવીનો ભૌતિક, આધ્યાત્મિક અને નૈતિક વિકાસ પણ થઈ શકે છે. આ રીતે આપણે એક એવા જીવન તરફ પહોંચી શકીએ છીએ, જ્યાં પૂર્ણતા હોય અને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સમસ્યાઓનો અંત આવે.

(સંપૂર્ણ) **– ડૉ. અનુરાધા પ્રસાદ**

અનુ. રાજેન્દ્ર દવે

---

## મુંબઈ સર્વોદય મંડળ...

(પાન ૧૧નું ચાલુ)

સુવર્ણ જયંતી વર્ષ આત્મચિંતન અને નવીનીકરણનું રહ્યું છે. દરેક કાર્યક્રમ, ભલે તે યુવા શિબિર હોય, જેલ પરીક્ષા હોય, શાંતિ રેલી હોય, આંતરધર્મ સેમિનાર હોય કે જાહેર બેઠક – તેને અલગ ઘટના તરીકે નહીં પરંતુ સતત નૈતિક પ્રયત્નના એક અવિભાજ્ય ભાગ તરીકે કલ્પવામાં આવ્યો હતો.

બોમ્બે સર્વોદય મંડળનો અડગ વિશ્વાસ છે કે ગાંધી સિદ્ધાંતો ભૂતકાળના અવશેષ નથી, પરંતુ વર્તમાન માટે માર્ગદર્શન આપતા જીવંત સ્રોત છે. યુવાનોનું માર્ગદર્શન, કેદીઓ સાથે સંવાદ, આંતરધર્મ સંવાદને પ્રોત્સાહન અને શિસ્તબદ્ધ વિચારમંથન દ્વારા મંડળ રાષ્ટ્રના રચનાત્મક નિર્માણના પોતાના ધ્યેયને આગળ વધારતું રહ્યું છે.

પચાસ વર્ષથી વધુની સેવાયાત્રા પછી, અમે ફરી એક વાર સત્ય, અહિંસા, કરુણા અને સર્વના કલ્યાણ – સર્વોદયના સંપૂર્ણ અર્થમાં-માટેની અમારી પ્રતિબદ્ધતાને પુનઃ દઢ કરીએ છીએ.

(મુંબઈ સર્વોદય મંડળના અહેવાલમાંથી ટૂંકાવીને) **– સંકલન**

---

## શ્રદ્ધાંજલિ

કૌમુદીબહેન ઇન્દુભાઈ શેલતનું તા. ૧૦.૬.૨૦૨૬ના રોજ દુઃખદ અવસાન થયું છે. તેઓ ૬૫ વર્ષનાં હતાં. વડોદરાની એમ.એસ.-યુનિવર્સિટીમાંથી પોલિટીકલ સાયન્સમાં માસ્ટર્સની ડિગ્રી પ્રાપ્ત કર્યા બાદ તેઓએ સામાજિક કાર્યમાં ઝંપલાવ્યું. આર્ચ (માંગરોળ), કોશિશ મિલાપ તેમજ, 'TRUE' સંસ્થામાં તેમણે પોતાની સેવાઓ આપી. તેઓ પ્રકૃતિપ્રેમી તથા વનસ્પતિ-પક્ષીઓની આગવી ઓળખ ધરાવતાં. સદ્‌ગતને સર્વોદય પરિવારની ભાવભીની શ્રદ્ધાંજલિ.


ભૂમિપુત્ર

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સં. મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૩૦૦

આજીવન અનામત રૂ.૪૦૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (એરમેલ) રૂ.૩૦૦૦

લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બૅંક ઑફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.




YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

'Bhumiputra' Fortnightly Published & Posted at Vadodara RMS on 01-07-2026 R.N.I. No. 1683/57

# કાચી માટીની કાયા

વિજયાબેન લાકડીને સહારે પથારીમાંથી ઊભાં થઈને બારી પાસે પહોંચ્યાં. રૂમની લાઈટ બંધ હતી એટલે બહારથી કોઈ એમને જોઈ શકે એમ નહોતું, પણ એમને વેવાઈ-વેવાણ અને પોતાનો દોહિત્ર આદિ બહાર ઊભાં રહીને સૌની વિદાય લેતાં દેખાતાં હતાં. આજે 'આપણું ઘર' વૃદ્ધાશ્રમનો સ્થાપના દિવસ હતો. વેવાઈ નકુલભાઈ અને વેવાણ રક્ષાબેનને મુખ્ય મહેમાન તરીકે આમંત્ર્યાં હતાં. બંને એવાં પરગજુ હતાં કે, કેટલીય સંસ્થાઓને ચૂપચાપ, કોઈ જાતનો ઢંઢેરો પીટ્યા વિના મદદરૂપ થતાં. જે કંઈ કરે એમાં એમનું નામ ન આવવું જોઈએ એ એમની પૂર્વ શરત રહેતી.

વડીલોને ખૂબ ભાવે એવું જમણ તો એમના તરફથી હતું જ, પણ દરેક વડીલને શાલની ભેટ પણ આપી હતી. સૌ આશ્રમ નિવાસી ભાવથી એમને મળતા હતા. માત્ર વિજયાબેન જ 'તબિયત ઠીક નથી, જમવું નથી ને વહેલા સૂઈ જવું છે' એમ જણાવીને સૂઈ ગયાં હતાં. ઊંઘ આવે એમ તો હતું જ ક્યાં? એટલે જ એ લોકો બહાર નીકળ્યાં એ ભેગાં ઊઠીને બારી પાસે જઈને આદિને જોવા ઉતાવળાં થઈ ગયાં હતાં.

'કેવાં સેવાભાવી અને સંસ્કારી માણસો છે! જમાઈ રોહનને પણ કુટુંબની ખાનદાની વારસામાં મળી છે. આદિને તો એનાં આજીએ કેટલીય સ્તુતિ કંઠસ્થ કરાવી છે! ને સુષમા તો આ ઘરમાં એવી સમાઈ ગઈ છે કે, અજાણ્યાને એ મારી નહીં પણ એમની જ દીકરી લાગે. બધું જ સારું છે પણ ખાટલે મોટી ખોટ કે મને રહેતાં જ ન આવડ્યું.' ઊભાં ઊભાં થાક્યાં ત્યારે વિજયાબેન પલંગમાં આવીને બેઠાં.

શ્રીમંત ઘરની એકની એક લાડકી દીકરી નાનપણથી મોઢે ચઢાવેલી તો હતી જ. એમાં શહેરના પ્રસિદ્ધ વકીલ સુમનચંદ્રને પરણીને વકીલાણીનું બિરુદ મળ્યું ત્યારથી તો હું જમીનથી વેંત અદ્ધર ચાલવા લાગી હતી. ધનવાન હોવાના ગુમાને મને ક્યાંથી ક્યાં પહોંચાડી દીધી! એ વિચારી રહ્યાં. માન, પ્રસિદ્ધિ અને કીર્તિની ભૂખ વકરતી જ ગઈ.

'સાંભળો, 'પ્રગતિ મહિલા મંડળ'ના નામનો એક લાખનો ચેક લખી આપજો.'

'હજી બે મહિના પહેલાં તો તેં ડોનેશન આપ્યું હતું, હવે વળી પાછું?'

'એ ડોનેશનને લીધે જ તો મને કાર્યક્રમની પ્રમુખ બનાવવાનાં છે. પ્રમુખની ખુરશી પર બેસીને લાખેક રૂપિયા આપીએ તો કેવો વટ પડે!

હું જાણતી હતી, માનપાનની આ ભૂખ, શ્રીમંતાઈનો ગર્વ અને એને કારણે મારા વર્તનમાં આવતી તોછડાઈ - આ બધું પતિને જરાય પસંદ નહોતું. અરે, પતિની વાત ક્યાં કરવી? હવે યુવાન થઈ ગયેલી દીકરી સુષમા તો વળી મારાથી સાવ સામા છેડાની. એ તો હવે મને મોઢે પરખાવતી થઈ ગઈ હતી, 'મમ્મી, મંચ પરથી તું કોઈનું લખી આપેલું પ્રવચન બોલી જાય છે એ સાંભળીને લોકો તાળીઓ પાડે છે, વાહ વાહ કરે છે એ બધું તારે લીધે નહીં પણ તારા આપેલા ડોનેશન અને પપ્પાએ મહેનતથી કમાયેલા રૂપિયાને કારણે છે. આ બધું કરવા કરતાં કોઈ ગરીબની આંતરડી ઠારી જો, એ પછી તને કેટલો આત્મસંતોષ મળે છે એ જોજે!'

સુષમાની વાતો મને ઘણી કડવી લાગતી પણ ચૂપ રહીનેય અંતે તો મારું ધાર્યું જ કરતી. સાદગીભર્યું જીવન પસંદ કરતી સુષમાએ જ્યારે જીવનસાથી તરીકે રોહનની પસંદગી કરી ત્યારે મેં કેટલો વિરોધ કરેલો!

'હું ઓળખું છું એ નકુલભાઈ અને રક્ષાબેનને! સાવ ભૂખડી બારસ જેવાં છે. આજે અનાથાશ્રમ તો કાલે અંધજન શાળા, એક દિવસ તો મેં એમને ફૂટપાથ પર બેઠેલા ભિખારીને જમાડતાં જોયેલાં. મને તો એવી ચીતરી ચઢી! ઈન્ફેક્શન લાગી જાય તો?'

મેં હજાર પ્રયત્નો કર્યા પણ સુષમાને રોહન સાથે પરણીને એ ભૂખડી બારસનાં ઘરમાં જતાં ન રોકી શકી. વકીલ સાહેબના અવસાન પછી ધીમે ધીમે જાહોજલાલીનો અંચળો ઊતરવા લાગ્યો. બધેથી પ્રમુખપદ છોડવાં પડ્યાં. જે મૂડી પર અત્યાર સુધી તાગડધિન્ના કર્યા એ મૂડી ઘસાતી ચાલી. સુષમા એક દિવસ પ્રસ્તાવ લઈને આવી હતી, 'મમ્મી, આટલા મોટા બંગલામાં તું આ ઉંમરે એકલી નહીં રહી શકે. એના કરતાં ઘર ભાડે આપી દઈએ અને તું અમારી સાથે રહેવા આવી જા.'

જેને હંમેશાં ઊતરતી કક્ષાનાં ગણ્યાં હતાં એ વેવાઈ-વેવાણના જ ઘરે રહેવા જવાનું?

'ના ના, તારાં સાસુ-સસરાને કેવું લાગે?'

'મમ્મી, મને મારાં સાસુએ જ આ વાત કરવા મોકલી છે. ખાસ કહ્યું છે કે, જરાય સંકોચ ન રાખશો. તમારું જ ઘર સમજીને રહેજો.'

સુષમાના ઘરના એક ઓરડામાં મારી બધી વ્યવસ્થા થઈ ગઈ. રક્ષાબેન દિવસમાં બે-ત્રણ વખત આંટા મારીને ક્ષેમકુશળ પૂછી જતાં, જમાઈ પણ સાસુજીની દવા વગેરેનું ધ્યાન રાખતા અને સુષમા મમ્મીને ભાવતું બનાવીને ખવડાવતી. આ બધું છતાં શી ખબર કેમ, આદિ પોતાની આજીને વીંટળાઈ વળતો પણ નાનીથી તો દૂર જ ભાગતો. અહીં પણ મેં મારી જૂની તરકીબ કામે લગાડી.

'આદિ, તને સ્કૂલની કેંટીનમાં ખાવાનું મન થતું હશે ને? મારી પાસેથી પૈસા લઈ જઈને જે ખાવું હોય એ ખાજે.' ના ના કરતાં આદિને ક્યારે નાનીનો સહવાસ ગમવા લાગ્યો એ ખબર જ ન પડી. જ્યારે એક દિવસ ૫૦૦, ૫૦૦ની પાંચ નોટ લઈને એ સુષમા પાસે ગયો ત્યારે એ ચોંકી ઊઠી.

'આટલા બધા પૈસા ક્યાંથી લાવ્યો આદિ?'

'નાનીએ આપ્યા અને કહ્યું કે, તારો જન્મદિવસ આવે છે ને, તે તને ગમે એવાં કપડાં લઈ આવજે. મમ્મી, નાની મને આજે મોલમાં લઈ ગયાં હતાં. ઈમ્પોર્ટેડ ચોકલેટ અપાવી અને આઈસ્ક્રીમ પણ ખવડાવ્યો.'

'મમ્મી, હું નાનીના રૂમમાં ટી. વી. જોવા જાઉં?'

સુષમાને થયું કે પાણી માથા પરથી વહેવા લાગે એ પહેલાં પાળ બાંધવી પડશે. ભારે હૈયે, નછૂટકે એણે આ વૃદ્ધાશ્રમમાં મારી ગોઠવણ કરી. મોડે મોડે મને પોતાની ભૂલ સમજાઈ તો ખરી પણ હવે એનો કશો અર્થ નહોતો. ત્યારે જ આશ્રમના ટી.વી.માં વાગતું ગીત મારા કાને અથડાયું,

'મત કર માયાકો અહંકાર, મત કર કાયાકો અભિમાન,
કાયા તેરી ગાર સે કાચી'

હવે તો આ ગાર જેવી કાચી કાયા ફસકી પડે એની જ રાહ જોવાની હતી.

(શુભદા કુલકર્ણીની મરાઠી વાર્તાને આધારે) – **આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું. મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org